ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર-09

# આધુનિક ભારતનો ઈતિહાસ ભાગ-૨

(ઈ.સ. ૧૮૫૭ - ઈ.સ. ૧૯૬૪)

(મુખ્ય વિષય)

વિભાગ

# 3

## સાર્વભૌમત્વ રાજ્ય તરફ પ્રયાણ
## (Towards A Sovereign State)


**એકમ 34**
**બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ભારતનો રાષ્ટ્રવાદ : 'ભારત છોડો' આંદોલન અને આઝાદ હિંદ ફોજ (Indian Nationalism During the World War-II : Quit India Movement and INA)** 7

**એકમ 35**
**સ્વતંત્રતા ભણી પ્રગતિ : 1945-47 (Towards Independence : 1945-47)** 26

**એકમ 36**
**કોમવાદ અને બ્રિટિશકાળના ભારતનું વિભાજન (Communalism and the Partition of British India)** 49

**એકમ 37**
**ભારતમાં લોકશાહી રાજ્યતંત્રની સ્થાપના (The Establishment of Democratic Polity in India)** 65

## Expert Committee


Prof. Ravinder Kumar (Chairman)
Director
Nehru Memorial Museum & Library
New Delhi

Prof. S. Gopal (CHS)
Prof. Satish Chandra (CHS)
Prof. Romila Thapar (CHS)
Dr. Muzffar Alam (CHS)
Jawaharlal Nehru University
New Delhi

Prof. (Miss) Sarojini Regani
Department of History
Osmania University
Hyderabad

Prof. B. Quanungo
Department of History
Banaras Hindu University
Varanasi

Prof. P.L. Mehra
Dr. R.I. Malhotra
Department of History
Panjab University
Chandigarh

Prof. B.S. Sharma
Pro-Vice-Chancellor (Acd.)
Prof. Bakhshish Singh (Convenor)
IGNOU
New Delhi


## Course Preparation Team


Prof. B. Quanungo
Department of History
Banaras Hindu University
Varanasi

Prof. A.K. Gupta
Dr. Prakash Chandra
Nehru Memorial Museum and Library
New Delhi

Dr. Sucheta Mahajan
History Department
Indraprastha College
New Delhi

Prof. V.N. Datta (Course Editor)
Department of History
Kurukshetra University
Kurukshetra

Prof. S. Bhattacharya (Consultant)
CHS, Jawaharlal Nehru University,
New Delhi

Prof. O.P. Grewal (Language Editor)
Department of English
Kurukshetra University
Kurukshetra

**Faculty Members:**

**Indira Gandhi National Open University: New Delhi**

Dr. Kapil Kumar (*Course Coordinator*)
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar
Mr. Salil Misra
Mr. Swaraj Basu
Ms. Sangeeta Joshi

Mr. Anju Sehgal Gupta
(Language Editor)


## Production


Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU



*© Indira Gandhi National Open University, 1989*



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

**અનુવાદ :**

| | |
|---|---|
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. ઉષા ભટ્ટ | રીડર, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સુધા એન. ભટ્ટ | નિવૃત્ત અધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. આર. કે. ધારૈયા | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જે. આર. શુક્લ | નિવૃત્ત અધ્યાપક, હ. કા. વિનયન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સુરેશ એમ. શાહ | નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. કે. એમ. બ્રહ્મભટ્ટ | ગુજરાત કૉલેજ, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. દિગીશ મહેતા | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ એન. ભટ્ટ | રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. વસંત દવે | વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. રજનીકાન્ત જોષી | નિવૃત્ત અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન :**

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
"જ્યોતિર્મય પરિસર", શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481
© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 3 સાર્વભૌમત્વ રાજ્ય તરફ પ્રયાણ (Towards A Sovereign State)

આ ઘટકમાં અમે તમને એ રાજકીય બનાવો તથા પ્રવાહો વિશે સમજાવીશું જેના લીધે છેવટે અંગ્રેજોને ભારત છોડવું પડ્યું, અને એક સ્વતંત્ર, સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે ભારતનો ઉદય થયો.

34મા એકમમાં બીજા વિશ્વયુદ્ધ પ્રત્યે ભારતીય પ્રજાનું શું વલણ હતું, અને છેવટે કૉંગ્રેસે કઈ રીતે 'ભારત છોડો' આંદોલન શરૂ કર્યું તે સમજાવ્યું છે. આ આંદોલન પછીથી આગળ વધ્યું, પ્રજાનો તે પ્રત્યે શો પ્રતિભાવ રહ્યો, અંગ્રેજ સરકારે તે માટે દમનનાં કયાં પગલાં ભર્યાં, અને આ આંદોલનથી ભારતના સ્વતંત્રતા સંગ્રામ પર શું અસર પડી તે પણ સમજાવ્યું છે. આ જ એકમમાં આઝાદ હિંદ ફોજ દ્વારા અંગ્રેજોને હંફાવવાના પ્રયત્નો, તેમ જ આ સંઘર્ષની મહત્તા પણ સમજાવાઈ છે.

35મા એકમનો મુખ્ય વિષય અન્યોન્ય સંકળાયેલા બે વિચારો પર કેન્દ્રિત થયો છે. પ્રથમ, અંગ્રેજો અને જુદા જુદા રાજકીય પક્ષો વચ્ચે થયેલી વાટાઘાટોનો અહેવાલ, જે બંધારણીય મડાગાંઠોને ઉકેલવાની દૃષ્ટિથી કરવામાં આવેલ હતી. બીજું, 1945-47નાં વર્ષો દરમિયાન લોકો દ્વારા સ્થાનિક સ્તરે થયેલા સંઘર્ષની વાતો પણ નોંધવામાં આવી છે.

આ સમય સુધીમાં કોમવાદે ભારતીય રાજકારણમાં એક મોટા પરિબળ તરીકેનું લક્ષણ ધારણ કરી લીધું હતું; અને આ કોમવાદ હવે એકતાને વરેલી યુનાઇટેડ ઇન્ડિયન ગવર્મેન્ટના હાથમાં સત્તાની સોંપણી કરવાના કાર્યમાં મોટો અવરોધ ઊભો કરી રહ્યો હતો.

36મા એકમમાં અમે તમને કોમવાદી પરિબળોએ શો ભાગ ભજવ્યો અને તેનાથી છેવટે કઈ રીતે દેશના ભાગલા પડ્યા તેની માહિતી આપીશું.

ભારતની સ્વતંત્રતા પ્રાપ્તિનો બનાવ માત્ર ભારત માટે જ નહિ, બલ્કે સંપૂર્ણ વિશ્વમાં એક મહાન અને ઐતિહાસિક બનાવ હતો. આનું કારણ એ છે કે આ ઘટના વિશ્વમાંથી સંસ્થાનવાદની હકાલપટ્ટી કરવાની પ્રક્રિયામાં પહેલું સોપાન હતું. અત્રે એ યાદ રાખવું ઘટે કે આ સ્વાતંત્ર્યપ્રાપ્તિની એક મુખ્ય ખામી હતી - દેશનું વિભાજન.

37મા એકમમાં ભારતમાં લોકશાહી પ્રજાતંત્રીય સરકારની રચના કરતી પ્રક્રિયાનું વર્ણન છે. આ એકમમાં બંધારણીય પ્રગતિ, બંધારણીય સભાનું કાર્ય અને ભારતીય બંધારણનાં મુખ્ય લક્ષણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

નોંધ : ''ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓએ ભજવેલો ભાગ'' – આ વિષયને આ એકમમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.

આભાર : નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ ઍન્ડ લાઇબ્રેરી, ન્યુ દિલ્હી, દ્વારા સ્વાતંત્ર્ય સંગ્રામની કેટલીક છબીઓ મેળવી શક્યા છીએ, અને તે માટે તેમના સહકારની સાભાર નોંધ લઈએ છીએ.

# એકમ 34 બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ભારતનો રાષ્ટ્રવાદ: 'ભારત છોડો' આંદોલન અને આઝાદ હિંદ ફોજ (Indian Nationalism During The World War II : Quit India Movement and INA)

**રૂપરેખા**

34.0 ઉદ્દેશો
34.1 પ્રસ્તાવના
34.2 1939થી 1941
34.2.1 વિશ્વયુદ્ધ પ્રત્યેનું વલણ
34.2.2 વ્યક્તિગત સત્યાગ્રહ
34.3 'ભારત છોડો' આંદોલનની શરૂઆત
34.3.1 ક્રિપ્સની દરખાસ્તો
34.3.2 'ભારત છોડો' આંદોલનની પૂર્વભૂમિકા
34.4 આંદોલન
34.4.1 આંદોલનનો પ્રસાર
34.4.2 પ્રતિભાવો અને પ્રવાહો
34.4.3 દમન
34.5 આઝાદ હિંદ ફોજ
34.5.1 આઝાદ હિંદ ફોજની રચના
34.5.2 આઝાદ હિંદ ફોજનું કાર્ય
34.5.3 પ્રભાવ
34.6 સારાંશ
34.7 ચાવીરૂપ શબ્દો
34.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 34.0 ઉદ્દેશો

આ એકમ નીચેના ઉદ્દેશો સિદ્ધ કરવા માંગે છે :

- 'ભારત છોડો' આંદોલન તરફ લઈ જતા સંજોગો જાણવા.
- પ્રજાના વિવિધ સ્તરના લોકોનું આ આંદોલન પ્રત્યેનું વલણ તેમ જ ધારણા સમજવાં.
- દેશના જુદા જુદા ભાગોમાં આ આંદોલન વિશે પડેલા પ્રતિભાવો સમજવા.
- અંગ્રેજોએ આંદોલનને ડામવા લીધેલાં પગલાં જાણવાં.
- આ આંદોલનનાં લક્ષણો અને તેનું મહત્ત્વ સમજવાં અને આઝાદ હિંદ ફોજનું સંગઠન કેવી રીતે થયું અને ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ ઉપર તેનો શો પ્રભાવ પડ્યો તે સમજવું.

## 34.1 પ્રસ્તાવના

આ એકમ તમારો પરિચય 1939થી 1945 દરમિયાન બનેલી મુખ્ય રાજકીય ઘટનાઓ અને પ્રવાહો સાથે કરાવે છે. આ એકમના મુખ્ય વિષય 'ભારત છોડો' આંદોલન અને આઝાદ હિંદ ફોજની સ્વાતંત્ર્ય ચળવળની આ ભૂમિકા છે.

અહીં આપણે 'ભારત છોડો' આંદોલન કેવી રીતે શરૂ કરવામાં આવ્યું તે જોઈએ. આમ જુઓ તો કૉંગ્રેસે હજી આ આંદોલન માટે આયોજન કરવાની પણ માત્ર શરૂઆત જ કરી હતી ત્યાં અંગ્રેજોએ દમનનીતિથી તેને ઊગતું ડામી દીધું. તેમ છતાં સરકારની બધી ગણતરીઓ પ્રજાએ ઊંધી પાડી દીધી. જ્યારે કૉંગ્રેસના બધા જ નેતાઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા ત્યારે પ્રજાએ પોતે જ સ્થાનિક નેતાગીરી સંભાળી લીધી. અંગ્રેજ સત્તાને તેમણે આપેલો આ પડકાર મહદ્ અંશે 1857માં લોકોએ કરેલા સંઘર્ષ જેવો ગણાવી શકાય. જે સ્થાનિક નેતાગીરી ઊભી થઈ, તેની ભૂમિકા ગાંધી ચીંધ્યા અહિંસક સત્યાગ્રહના માર્ગને અનુસરતી ન હતી. અહિંસાના સિદ્ધાંતનું માર્ગદર્શન આ નેતાઓને માન્ય ન હતું અને એથી જ મુખ્યત્વે સરકારી મિલકતોને

નુકસાન પહોંચાડવાનું કામ હાથમાં લેવાયું. અંગ્રેજ સરકારે તાત્કાલિક દમનનીતિ અપનાવીને આંદોલનને કચડી તો નાંખ્યું, પરન્તુ એનું આંતરિક બળ એટલું બધું હતું કે તેઓ પણ હવે જાણી ગયા કે ભારત ઉપર તેઓ લાંબો વખત શાસન નહિ કરી શકે. આ જ બાબતની પ્રતીતિ આઝાદ હિંદ ફોજનાં નિર્માણ અને કાર્યો દ્વારા તેની સુભાષચંદ્ર બોઝની નેતાગીરી દરમિયાનની ચળવળથી અંગ્રેજોને થઈ. સૈનિક સંગઠન અને સંઘર્ષની દૃષ્ટિએ પણ ભારતીય પ્રજા પછાત નથી એ વાત આઝાદ હિંદ ફોજની રચના અને કાર્યોએ સંપૂર્ણ રીતે સિદ્ધ કરી આપી.




1. દેશમાંથી કચરો કાઢી નાખો – 'ભારત છોડો'નું વ્યંગ ચિત્ર

## 34.2 1939થી 1941 (1939 To 1941)

તમને એ જાણવામાં જરૂર રસ પડશે કે 1939થી 1941માં કઈ કઈ ઘટનાઓની શૃંખલાઓથી 'ભારત છોડો' આંદોલન ઊભું થયું.

### 34.2.1 વિશ્વયુદ્ધ પ્રત્યેનું વલણ (Attitude Towards War)

સામાન્ય રીતે જોતાં વિશ્વયુદ્ધ પ્રત્યે ભારતીય પ્રજાનું વલણ આ મુજબ હતું તેમ કહી શકાય :

(અ) બ્રિટન યુદ્ધમાં ખુવાર થવા લાગ્યું હતું, તેથી આ તકનો લાભ લઈ પોતાની સ્વતંત્રતા તેની પાસેથી ખૂંચવી લેવી. આ માટે આટલું કરવું જોઈએ :

- ભારતનો માલસામાન અને યુદ્ધસામગ્રીનો ઉપયોગ કરતાં બ્રિટનને રોકવું;
- બ્રિટન વિરુદ્ધની ચળવળ હજી વધારે મજબૂત કરવી.

આ વલણમાં મુખ્ય ધ્યેય ભારતની સ્વતંત્રતા યેનકેન પ્રકારેણ મેળવવી એ જ હતું, અને તેમાં આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ વિશે કોઈ પ્રકારનો વિચાર થયો નહોતો.

(આ) બ્રિટનની તકલીફોનો ઉપયોગ ભારતે પોતાને માટે કરી લેવો જોઈએ નહિ. યુદ્ધ દરમિયાનની તેની પ્રવૃત્તિમાં ભારતે બિનશરતી સહકાર આપવો જોઈએ – આ વલણધરાવનાર જૂથ માનતું હતું કે આ વિચાર કે વલણ અખત્યાર કર્યાથી અંગ્રેજો ભારત પ્રત્યે કૂણા થશે, કેમ કે તેણે ભારતની સેવાઓ લીધી છે અને તે માટે તેને યોગ્ય પુરસ્કાર આપશે.

(ઇ) ઘણા લોકો એમ પણ માનતા હતા કે માનવજાત માટે ફાસીવાદ/નાઝીવાદ એક ભયંકર શાપ હતો અને તેનો સામનો કરવામાં બ્રિટનને મદદ કરવી જરૂરી હતી. છતાં તે મદદ બિનશરતીન હોવી

જોઈએ. ભવિષ્યમાં ભારતની સ્વતંત્રતાનું અભયવચન ઉપરાંત તાત્કાલિક શરત તરીકે ભારતમાં કામચલાઉ ભારતીય સરકારની રચના, એવી શરતો રાખવી જોઈએ.

(ઈ) કેટલાકનું વલણ યુદ્ધની બદલાતી પરિસ્થિતિની પ્રતિક્રિયા રૂપે બદલાતું રહેતું હતું; જ્યારે કેટલાકને આ પ્રશ્ને કોઈ મત રાખવાની જરૂર ન જણાતાં નિર્લેપ જ રહ્યા હતા.

આવી પરિસ્થિતિમાં કૉંગ્રેસે શું કર્યું? ઉપર જણાવેલ દરેક પ્રકારના મત ધરાવનાર જૂથો કૉંગ્રેસમાં હાજર હતાં. તેથી જ કોઈ નિશ્ચિત કાર્યક્રમ ઘડવાનું કામ કપરું થઈ ગયું હતું. છેવટે કૉંગ્રેસે બ્રિટનને પૂર્ણ ટેકો આપવા કબૂલ્યું પરંતુ સાથે જ શરત મૂકી કે કેન્દ્રમાં તુરત જ જવાબદાર સરકાર સ્થાપવામાં આવે અને ભવિષ્ય માટે એક બંધારણીય સભા રચાય જે સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડે. આથી સ્પષ્ટ થાય છે કે ગાંધીવાદી નેતાઓએ આંદોલન ચલાવવાની તરફેણનો મત ધરાવનાર જૂથની દલીલો સ્વીકારી નહિ. ગાંધીજીએ બ્રિટનને પ્રશ્ન કર્યો, ''શું ગ્રેટ બ્રિટન ભારતને તેની ઇચ્છા વિરુદ્ધ જ યુદ્ધમાં ખેંચી જવા માંગે છે? કે સાચા લોકતંત્રની તરફેણ કરનાર એક મિત્રની મદદ મેળવવા માંગે છે?'' વધુમાં તેમણે કહ્યું, ''ફ્રાન્સ અને ઈંગ્લૅન્ડના નૈતિક બળમાં કૉંગ્રેસના ટેકાને લીધે અખૂટ વધારો થશે જ.''

જોકે ગાંધીજીએ કૉંગ્રેસ કાર્યવાહક સમિતિના આ શરત મૂકતા ઠરાવને પોતાનો ટેકો જાહેર કર્યો હતો, પરન્તુ અંગત રીતે તેઓની માન્યતા જુદી હતી, કેમ કે પછીથી તેમણે એ વિશે વિધાન કર્યું, ''મને દુઃખ થયું હતું કે બ્રિટનને બિનશરતી ટેકો આપવો જોઈએ એવી માન્યતાનું સમર્થન કરનાર હું એકલો જ હતો.'' આ બાબતમાં તેમના અંગત મત મુજબ પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તેમણે લીધેલા વલણનું ગાંધીજી પુનરાવર્તન કરી રહ્યા હતા, જેમાં બિનશરતી સહકાર આપવાની નીતિ ભારતે અપનાવી હતી. પરન્તુ હવે પરિસ્થિતિ બદલાઈ હતી અને વ્યક્તિએ પોતાના અંગત મતથી પણ વધુ ઊંચે આવવું જોઈએ તે જરૂરી થયું હતું. ગાંધીજીને સમજાયું કે જો તેઓ એકદમ મૌન સેવશે તો બ્રિટન અને ભારત બન્નેની કુસેવા કરશે. તેમણે કહ્યું,

> ''જો અંગ્રેજો બધાની સ્વતંત્રતા ખાતર આ યુદ્ધ કરે છે, તો તેના પ્રતિનિધિઓએ એકદમ સ્પષ્ટ શબ્દોમાં જણાવવું જોઈએ કે યુદ્ધના હેતુઓમાં ભારતની સ્વતંત્રતા પણ સામેલ છે જ. આ સ્વતંત્રતાનું સ્વરૂપ ભારતની પ્રજા અને માત્ર ભારતની પ્રજા જ નિશ્ચિત કરી શકે.''

આનો પ્રત્યાઘાત અંગ્રેજ સરકાર તરફથી શો આવ્યો? હજી અંગ્રેજો તાત્કાલિક કે ભાવિ શરતોનો સ્વીકાર કરવા તૈયાર ન હતા, સિવાય કે ભારતને એક સંસ્થાનિક દરજ્જો મળે તે માટે અસ્પષ્ટ વચનો આપવાનાં હોય. આને માટે તેમણે ભારત સુરક્ષા નિયમો (Indian Defence Rules) ઘડ્યા જેમાં સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવવો એ એક ગુનો જાહેર થયો. તદુપરાંત અંગ્રેજ સરકારે ભારતની સાધન-સંપત્તિનો ઉપયોગ પોતાના યુદ્ધપ્રયત્નો (War efforts) માટે બેધડક કરવા માંડ્યો.

### 34.2.2 વ્યક્તિગત સત્યાગ્રહ (Individual Satyagraha)

સવિનય કાનૂનભંગ કેવી રીતે કરવો તે માટે કૉંગ્રેસમાં બે મત હતા. ગાંધીજીને લાગતું હતું કે હજી મતમતાંતરો હોવાથી કોઈ પગલું ભરવું ઉચિત નહોતું, કેમ કે પક્ષમાં જ શિસ્તનો અભાવ હતો. જેઓ પગલાં લેવાની તરફેણમાં હતા તેમની દલીલ હતી કે એક વાર ચળવળ શરૂ થઈ જવાથી આ બધા વિભિન્ન મતમતાંતરો શમી જશે અને સહુ તે ચળવળને સફળ બનાવવા માટે પ્રયત્નમાં લાગી જશે. પરંતુ આ દલીલ ગાંધીજીને ગળે ઊતરી નહિ. કૉંગ્રેસમાંના સમાજવાદીઓ, તેમ જ અખિલ હિંદ કિસાન સભાનો મત હતો કે આ સંઘર્ષ તરત ચાલુ કરી દેવો જોઈએ. એન. જી. રંગાએ તો એટલે સુધી કહ્યું કે કિસાન સભાએ કૉંગ્રેસ સાથેના બધા જ સંબંધો તોડી નાંખી સ્વતંત્ર રીતે જ આ ચળવળ શરૂ કરી દેવી જોઈએ. પી. સુંદરૈય્યાએ જોકે તેમને આમ કરતાં વખતસર રોકી લીધા. આવા વાતાવરણમાં 1940ના માર્ચ મહિનામાં મૌલાના અબુલ કલામની અધ્યક્ષતા નીચે કૉંગ્રેસનું અધિવેશન રામગઢમાં ભરાયું અને અધ્યક્ષે જાહેર કર્યું,

> ''ભારતીયો કદી નાઝીવાદ કે ફાસીવાદને સહન નહિ કરી લે,
> પરંતુ બ્રિટનના સામ્રાજ્યવાદથી તો તે તદ્દન કંટાળી ગયા છે.''

રામગઢ અધિવેશનમાં કૉંગ્રેસે લોકોને સત્યાગ્રહ ચળવળમાં ભાગ લેવા તૈયાર થઈ જવા હાકલ કરી, જેની નેતાગીરી ગાંધીજી સંભાળવાના હતા. પરંતુ સમાજવાદીઓ, સામ્યવાદીઓ, કિસાનસભાના સભ્યો અને ફોરવર્ડ બ્લોકના સભ્યો આ ઠરાવથી સંતુષ્ટ ન થયા. રામગઢમાં જ તેમણે તડજોડ કે સમાધાનની વૃત્તિના વિરોધમાં એક સભા ગોઠવી અને સુભાષચંદ્ર બોઝે લોકોને બ્રિટનના સામ્રાજ્યવાદ સાથે કોઈ પણ પ્રકારે સમાધાન ન કરવા અપીલ કરી અને તે માટે આંદોલન કરવા એકદમ તૈયાર થઈ જવા જણાવ્યું.

ઑગસ્ટ 1940માં વાઈસરૉયે એક પ્રસ્તાવ રજૂ કર્યોઃ

- ગવર્નર જનરલની કાઉન્સિલનું વિસ્તૃતીકરણ કરવામાં આવે, જેમાં ભારતીયોને પ્રતિનિધિત્વ મળે.
- યુદ્ધની સલાહકાર સમિતિની રચના કરવામાં આવે.

**આ પ્રસ્તાવમાં તેમણે મુસ્લિમ લીગ અને અન્ય લઘુમતી પક્ષોને આશ્વાસન આપ્યું કે અંગ્રેજ સરકાર** એવા કોઈ બંધારણને અનુમતિ નહિ આપે, જેમાં તેઓનો ટેકો ન હોય. (અત્રે એ યાદ કરવું જોઈએ કે લાહોરમાંના 1940ના અધિવેશનમાં જ મુસ્લિમ લીગે પાકિસ્તાનની માંગણી મૂકી હતી.)

કૉંગ્રેસે વાઈસરૉયના આ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો, કેમ કે તેમાં.

(1) રાષ્ટ્રીય સરકાર માટે કોઈ ઉલ્લેખ નહોતો.

(2) મુસ્લિમ લીગ જેવા કૉંગ્રેસ-વિરોધી પરિબળોને ઉત્તેજન આપવામાં આવ્યું હતું.

આ દરમિયાન ઘણા બધા કૉંગ્રેસી નેતાઓ – ખાસ કરીને સમાજવાદી કે ડાબેરી વલણ ધરાવનાર નેતાઓને નાનાં મોટાં કારણોસર સરકાર વ્યવસ્થિત નીતિ અપનાવી કારાવાસની સજા ફટકારતી રહી. છેલ્લે છેલ્લે મજૂર નેતાઓ અને યુવા નેતાઓની પણ અટકાયત (custody) કરવા લાગી હતી.

(સપ્ટેમ્બર 1940માં સિમલા ખાતે ગાંધીજીએ વાઈસરૉય સાથે લાંબી ચર્ચાઓ કરી હતી તેમાં પણ) હવે સમજાવા લાગ્યું હતું કે ભારત પ્રત્યેની નીતિ અંગ્રેજો કોઈ પણ સંજોગોમાં બદલવા તૈયાર નથી, અને તેથી છેવટે ગાંધીજીએ ''વ્યક્તિગત સત્યાગ્રહ''ની ઘોષણા કરી. સામૂહિક સત્યાગ્રહને લઈને અંગ્રેજોના યુદ્ધ પ્રયત્નોને નુકસાન પહોંચે તેમ હતું, તેથી કૉંગ્રેસ અને ગાંધીજીએ આ વખતે વ્યક્તિગત સત્યાગ્રહની નીતિ અપનાવી. આ સત્યાગ્રહનો હેતુ અથવા લક્ષ્ય સીમિત રાખવામાં આવ્યું હતું : અંગ્રેજોનો એ દાવો ખોટો જાહેર કરવો, કે તેમના યુદ્ધ પ્રયત્નોમાં ભારત તેની પૂર્ણ મરજીથી ટેકો આપી રહ્યું છે.

17મી ઑક્ટોબર, 1940ના દિને આ સત્યાગ્રહની શરૂઆત વિનોબા ભાવે દ્વારા એક યુદ્ધવિરોધી ભાષણ દ્વારા થઈ, જે તેમણે પવનાર ખાતે વર્ધા નજીકના ગામમાં કરી. આ કામ માટે ગાંધીજીએ ભાવેની વરણી જાતે કરી હતી. તેમણે પસંદ કરેલી અન્ય બે વ્યક્તિઓ – વલ્લભભાઈ અને નેહરુ સત્યાગ્રહમાં ભાગ લે તે પહેલાં તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. નવેમ્બર 1940 થી ફેબ્રુઆરી 1941 સુધીમાં અનેક કૉંગ્રેસી અગ્રણીઓની ધરપકડ થઈ હતી. સત્યાગ્રહમાં ભાગ લેનારાઓની સંખ્યા હજી સીમિત રહી હતી. ગાંધીજીએ લાદેલાં બંધનોને કારણે સત્યાગ્રહ આગળ ધપ્યો ન હતો, અને કંઈ પ્રાપ્ત પણ કરી શક્યો ન હતો. કેટલાક કૉંગ્રેસીઓ સ્વયં આ વ્યક્તિગત સત્યાગ્રહની નીતિની વિરુદ્ધ અભિપ્રાય ધરાવતા હતા, તેથી તેમાં જોડાતા ન હતા. દાખલા તરીકે, બિહારમાં સત્યાગ્રહ માટે પસંદ કરાયેલા થોડા એવા કૉંગ્રેસીઓ પણ હતા, જે નગરપાલિકાઓમાં હોદ્દા ધરાવતા હતા અને તે હોદ્દાઓ છૂટી ન જાય તેવા આશયથી સત્યાગ્રહમાં જોડાવા અચકાતા હતા. આથી કેટલાકે ભાગ લેવાની ના પાડી, અથવા પોતાની ધરપકડ કરાવવા જેવી સત્યાગ્રહ માટેની પ્રવૃત્તિ અત્યંત ધીમે કરતા રહ્યા. (જુઓ સ્ટેફાન હનિંગેમ, ''પેઝન્ટ મૂવમેન્ટ્સ ઇન કોલોનિયલ ઇન્ડિયા''). 1941ના ડિસેમ્બરમાં કૉંગ્રેસની કાર્યવાહી સમિતિએ સત્યાગ્રહ ચળવળ બંધ કરવાનો ઠરાવ પસાર કર્યો. આ દરમિયાન યુદ્ધની પરિસ્થિતિ બદલાઈ ચૂકી હતી. અંગ્રેજો એક પછી એક પરાજય પામતા હતા, અને જાપાની સૈન્યો દક્ષિણ-પૂર્વનાં ક્ષેત્રો પર પૂર્ણ આધિપત્ય જમાવી ચૂક્યાં હતાં. નાઝી સૈન્યે રશિયા ઉપર હુમલો કર્યો હતો અને રશિયા, અમેરિકા અને ચીન અંગ્રેજોને તેમની ભારત પ્રત્યેની નીતિમાં ફેરફાર કરવા માટે દબાણ કરી રહ્યા હતા. આથી સરકારે ઘણા રાજકીય કેદીઓને છોડી મૂક્યા. જાપાની સૈન્ય દ્વારા થયેલા રંગૂનના પતન પછી અંગ્રેજોએ ભારતમાં ક્રિપ્સ મિશન મોકલવાનું ઠરાવ્યું.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) લગભગ દસેક લીટીમાં ભારતીય પ્રજામાં વિશ્વયુદ્ધ પ્રત્યેનાં વલણો વિશે લખો.

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

(ખ) નીચેનામાંથી કયાં વાક્યો સાચાં (✓) અથવા ખોટાં (✗) છે તે જણાવો :

(1) ગાંધીજીને એ વાતનો ખેદ હતો કે તેઓ એકલા જ એવો મત રાખતા હતા કે યુદ્ધ દરમિયાન અંગ્રેજોને બિનશરતી ટેકો જાહેર કરવો જોઈએ.

(2) ગાંધીજીએ યુદ્ધપ્રયત્નોમાં અંગ્રેજોને ટેકો આપવાનું કબૂલ્યું.

(3) ભારતીય સુરક્ષા કાયદાઓથી કૉંગ્રેસનાં હિતો સચવાતાં હતાં.

(4) કૉંગ્રેસ નાઝીવાદ અને ફાસીવાદનો વિરોધ કરતી હતી.

(5) ઑગસ્ટ પ્રસ્તાવનો કૉંગ્રેસે સ્વીકાર કર્યો.

(6) વ્યક્તિગત સત્યાગ્રહ 1947 સુધી ચાલ્યો.

(ગ) ખાલી જગ્યા પૂરો :

(1) સમાજવાદીઓ યુદ્ધ પ્રયત્નોને (ટેકો આપતા હતા/વખોડતા હતા).

(2) ગાંધીજીએ કહ્યું કે કૉંગ્રેસનો ટેકો ____ (મહાન/એકદમ નિમ્ન કોટિનું) નૈતિક બળ ____ (જર્મની અને જાપાન/ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ) માટે બની જશે.


(3) ગાંધીજી (ને લાગ્યું/ની ઇચ્છા હતી) ____ કે હજી વાતાવરણ – (શસ્ત્રયુદ્ધ) સંઘર્ષ/સવિનય કાનૂનભંગ) માટે તૈયાર નથી.

(4) સુભાષચંદ્ર બોઝ કૉંગ્રેસના ____ (રામગઢ/રામપુર) અધિવેશનમાં લીધેલા ઠરાવ અંગે ____ (સંતુષ્ટ/અસંતુષ્ટ) હતા.

(5) વ્યક્તિગત સત્યાગ્રહનું ____ (ઉદ્‌ઘાટન/સમાપન) કરનાર આચાર્ય વિનોબા ભાવે હતા.

## 34.3 'ભારત છોડો' આંદોલનની શરૂઆત (Towards Quit India Movement)

વિશ્વયુદ્ધની વિષમ પરિસ્થિતિ તેમ જ આંતરરાષ્ટ્રીય દબાણને લીધે અંગ્રેજોને ભારત પ્રત્યે સમાધાનયુક્ત વલણ અપનાવવાની ફરજ પડી, જેથી યુદ્ધમાં તેને ભારતનો રાજીખુશીથી ટેકો મળે. સર સ્ટ્રેફોર્ડ ક્રિપ્સના અધ્યક્ષપદ હેઠળ એક સમિતિ ભારત આવી, અને તેમના કેટલાક પ્રસ્તાવો હતા. ક્રિપ્સ મિશને ભારતના રાજકીય પક્ષોના નેતાઓ સાથે તે અંગે વાતચીત શરૂ કરી.



2. વાટાઘાટોનું (1942) વ્યંગ ચિત્ર : શંકર

### 34.3.1 ક્રિપ્સની દરખાસ્તો (Cripps Proposals)

મુસદામાં કરાયેલી જાહેરાતમાં સમાવેશ પામતી એ દરખાસ્તોમાંની કેટલીક નીચે મુજબ હતી :

- યુદ્ધના અંત પછી ભારતને તુરત જ સાંસ્થાનિક દરજ્જો (Dominian Status) અપાશે, અને સાથે જ તેને બ્રિટિશ સામ્રાજ્યમાંથી છૂટા થવાનો હક મળશે.
- યુદ્ધના અંત પછી તુરત જ એક બંધારણ ઘડનાર સમિતિની રચના થશે, જેમાં બ્રિટિશ હિંદ તેમ જ દેશી રાજ્યોના પ્રતિનિધિઓને સામેલ કરાશે.
- યુદ્ધ પછી ઘડાયેલા બંધારણનો બ્રિટિશ સરકાર એ શરતે સ્વીકાર કરશે કે કોઈ પણ હિંદી પ્રાન્તને હિંદી સંઘથી બહાર રહેવું હોય (તેમાં જોડાવું ન હોય) તો તે એમ કરી શકશે, અને બ્રિટન સાથે સીધી વાટાઘાટો કરી શકશે.
- નવી સરકારનાં સંરક્ષણ અને લશ્કરી બાબતો અંગેનો અંકુશ વાસ્તવમાં બ્રિટિશ સરકાર હસ્તક રહેશે.

લગભગ બધા જ રાજકીય પક્ષોએ આ જાહેરાત નકારી કાઢી. ભવિષ્યમાં પૂરાં કરવાનાં વચનો પર કૉંગ્રેસને વિશ્વાસ ન બેઠો, બધી સત્તા સાથે જવાબદાર સરકારની રચના કરવા કૉંગ્રેસ ઇચ્છતી હતી, અને દેશના સંરક્ષણ અંગેની પૂર્ણ સત્તા પણ એ સરકારને હસ્તક જ રહે એમ ઇચ્છતી હતી. આવા પ્રસ્તાવોને ગાંધીજીએ ''ફડચામાં જતી બૅંક ઉપર લખેલો ભવિષ્યની તારીખનો ચેક'' જેવા શબ્દોમાં વર્ણવ્યા. મુસ્લિમ લીગે માગણી મૂકી કે મુસ્લિમો માટે સ્પષ્ટ શબ્દોમાં જાહેરાત દ્વારા તદન અલાયદા રાજ્યની જ રચના થાય, અને કામચલાઉ સરકારની રચનામાં કૉંગ્રેસની સાથે તેને પણ 50:50ના પ્રમાણમાં બેઠકો ફાળવવામાં આવે. ખ્રિસ્તીઓ, શીખો, ઍંગ્લો-ઇન્ડિયનો અને કચડાયેલા વર્ગોએ પણ પોતપોતાની કોમોના અધિકારોના રક્ષણ માટેની માગણીઓ મૂકી.

આમ, ક્રિપ્સ મિશનના પ્રસ્તાવોથી ભારતના લોકોને કોઈ સંતોષ મળ્યો નહિ. આ પગલું ઉઠાવવામાં અંગ્રેજોનો ખરો હેતુ તો પોતે ભારતની લાગણીઓ માટે ચિંતિત છે તેવું અન્ય રાષ્ટ્રોને દેખાડવાનો જ હતો, તેનો મુખ્ય હતુ કંઈ ખરેખર ભારતીય પ્રજાની સ્વાતંત્ર્ય પ્રાપ્તિની ભાવનાને સંતોષવાનો કે તે અંગે ખરેખર કંઈ કરી બતાવવાનો તો હતો જ નહિ.

### 34.3.2 'ભારત છોડો' આંદોલનની પૂર્વભૂમિકા (Background to the Quit India Movement)

નીચેના મુખ્ય સંજોગો ઊભા થતાં હવે કૉંગ્રેસે કયાં અને કેવાં પગલાં લેવાં તેનો નિર્ણય લેવાનો હતોઃ

- ક્રિપ્સ મિશનની નિષ્ફળતા;
- ભારતીય સરહદે જાપાની સૈન્યનું આગમન;
- ઝડપથી વધતી ભાવસપાટી અને ખાદ્યસામગ્રીની વધતી અછત; અને
- કૉંગ્રેસમાં વધતા મતમતાંતરો.

કૉંગ્રેસ કાર્યવાહક સમિતિએ એક ઠરાવ પસાર કર્યો અને પ્રજાને હાકલ કરી કે કોઈ પણ વિદેશી સૈન્યને ભારતની સરહદમાં પેસતું રોકવા પ્રજાએ અહિંસાપૂર્વક અસહકાર કરવો (મે, 1942). મદ્રાસના કેટલાક કૉંગ્રેસીઓ અને રાજગોપાલાચારીના પ્રયત્નો એવા હતા કે એક એવો પણ ઠરાવ પસાર થાય જેમાં મદ્રાસની સરકાર કૉંગ્રેસને મંત્રીમંડળ રચવા માટે નિમંત્રણ આપે તો કૉંગ્રેસ પ્રધાનમંડળની રચના કરે. પરંતુ આ ઠરાવ ઊડી ગયો છતાં આ ઘટનાથી એટલું સમજાઈ શકાયું કે કેટલાક કૉંગ્રેસીઓ આ કટોકટીમાં સરકારને સહકાર આપવાની નીતિની તરફેણમાં હતા. રાજગોપાલાચારીએ તો તદન સ્વતંત્ર માર્ગ અખત્યાર કર્યો. પાકિસ્તાનની માંગણીને તેમણે ટેકો આપ્યો હતો અને બ્રિટનના યુદ્ધ પ્રયત્નોમાં ટેકો આપવા કૉંગ્રેસને ભલામણ કરી રહ્યા હતા.

મે, 1941માં ગાંધીજીએ મુંબઈમાં કૉંગ્રેસની બેઠકમાં જણાવ્યું કે તેમણે નિર્ણય લઈ લીધો છે કે તેઓ અંગ્રેજોને વ્યવસ્થિત રીતે ભારત છોડી જવાનું કહેશે, અને જો તે માટે તેઓ સંમત નહિ થાય, તો તે સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ કરી દેશે.

ઘણા કૉંગ્રેસીઓને આ ચળવળ વિશે થોડી શંકાઓ હતી. નેહરુ હજી એ નિશ્ચિતરૂપે સમજી શકતા નહોતા કે બ્રિટનના સામ્રાજ્યવાદ સાથે લડવું યોગ્ય છે કે ફાસીસ્ટ સત્તાઓ સામે બાથ ભીડતાં રશિયા અને ચીનનો ટેકો છીનવી લેવો હિતાવહ છે. છેવટે તેમણે ચળવળ ચાલુ કરવાની તરફેણમાં નિર્ણયો લીધો. કૉંગ્રેસે જાહેર કર્યું કે તેની 'ભારત છોડો' ની માગણીનો અર્થ એવો ન હતો કે અંગ્રેજોએ પોતાના તેમ જ મિત્રરાજ્યોનાં સૈન્યોને ભારતમાંથી તાત્કાલિક પાછાં ખેંચી લેવાં પરંતુ તેનો અર્થ એવો જરૂર થતો હતો કે અંગ્રેજોએ ભારતને સાર્વભૌમ અને સ્વતંત્ર રાજ્ય જાહેર કરી દેવું. જુલાઈની 14મીએ કૉંગ્રેસ કાર્યવાહક સમિતિએ છેવટે ''ભારત છોડો'' ઠરાવ પસાર કર્યો. આ ઠરાવ અખિલ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ કમિટીએ (AICC) મુંબઈની ઑગસ્ટની બેઠકમાં સ્વીકાર્યો.

8મી ઑગસ્ટ, 1942ના દિને આ ઠરાવ પસાર થયો. આંતરરાષ્ટ્રીય તેમ જ રાષ્ટ્રીય પરિસ્થિતિ વિશે લંબાણપૂર્વક ચર્ચાઓ કર્યા બાદ કૉંગ્રેસે ભારતીય પ્રજાને હાકલ કરી :

> ''તમારે એ યાદ રાખવાનું છે કે આ ચળવળનો પાયો અહિંસા છે. કદાચ એવો વખત પણ આવે કે સૂચનાઓ આપવાનું શક્ય ન હોય અથવા સૂચનાઓ પ્રજા સુધી પહોંચી શકે તેમ ન હોય, અને જ્યારે કૉંગ્રેસ સમિતિ કામ કરવાની સ્થિતિમાં ન હોય જ્યારે આવું બને ત્યારે પ્રત્યેક વ્યક્તિ – પુરૂષ યા સ્ત્રી – જે આ સત્યાગ્રહમાં ભાગ લેતી હોય તેણે સ્વયં પોતાની દોરવણી હેઠળ અને સામાન્ય સૂચનાના ચાર છેડાના માળખામાં રહીને આ ચળવળ આગળ ધપાવવી.''

ગાંધીજીએ છેવટે અંગ્રેજોને સ્પષ્ટપણે જણાવી દીધું, ''ભારત છોડો'', ભલે તેને ''ભગવાનને આશરે છોડો પણ છોડો.'' પ્રજાના દરેક સ્તરના લોકોને તેમણે આ ચળવળમાં જોડાવા અપીલ કરી, અને એ વાત ઉપર ભાર મૂક્યો કે ''દરેક ભારતીય જન જે સ્વતંત્રતા ઝંખે છે, તેણે પોતાના જ ભોમિયા, માર્ગદર્શક બનવાનું છે.'' તેમનો સંદેશ હતો ''કરો યા મરો''. આમ ''ભારત છોડો'' આંદોલનની શરૂઆત થઈ.



3. ભારત છોડો ઠરાવનો મુસદ્દો ઘડતા ગાંધી

## 34.4 આંદોલન (The Movement)

કૉંગ્રેસે અંગ્રેજોને આવાહન તો આપ્યું, પરંતુ લોકોને તે માટે કેવાં પગલાં લેવાં અને આંદોલન કેવી રીતે કરવું તે વિશે કોઈ વ્યવસ્થિત મુસદ્દો આપ્યો નહિ. દરમિયાન આ ચળવળને ડામી દેવાની તૈયારી સરકાર કરી જ રહી હતી. 9મી ઑગસ્ટની વહેલી પરોઢે જ ગાંધીજી સહિત કૉંગ્રેસના દરેક અગ્રણીની ધરપકડ કરવામાં આવી. આ સમાચારથી પ્રજા ચોંકી ઊઠી અને લોકો રસ્તા પર ધસી આવ્યા અને ધરપકડો વિરુદ્ધ પોકારો કરવા લાગ્યા. ''હરિજન'' ના નવા સંપાદક કિશોરલાલ મશરૂવાળાએ આ વિરોધે કેવું સ્વરૂપ ધારણ કરવું જોઈએ તે વિશે પોતાનો અંગત અભિપ્રાય આપતાં લખ્યું,

> ''મારા મત મુજબ ઑફિસો, બૅન્કો, કોઠારો વગેરેમાં લૂટફાટ કે માલહાનિ કરવી ન જોઈએ. વાહનવ્યવહારનાં સાધનોમાં તોડફોડ અમુક અંશે અહિંસક હોય તો કદાચ ચલાવી લેવાય, પરંતુ તેમાં પણ જાનહાનિ ન થવી જોઇએ. હડતાળોના આયોજનનો શ્રેષ્ઠ માર્ગ જણાય છે... તાર કાપવા, રેલનાપાટા ઉખાડી નાંખવા, નાના પુલો ઉડાડી મૂકવા વગેરે પર પ્રતિબંધ ન મૂકવો જોઈએ અને તેમ કરવા માટે કોઈ જાનહાનિ ન થાય તેની પૂરતી કાળજી લેવી જોઈએ.''

મશરૂવાળાનો મત હતો કે ''ગાંધીજી અને કૉંગ્રેસે બ્રિટિશ સાથે ફરી સારા સંબંધો વિશે બધી જ આશા હજી ગુમાવી નથી અને અંગ્રેજ રાષ્ટ્ર અને ભારતીય રાષ્ટ્ર વચ્ચે સારી લાગણી ફરીથી ઉદ્ભવે તેવી શક્યતાઓ

છે જ, અને તેથી રાષ્ટ્રીય ચેતનાનો તણખો સારી રીતે અને સંયમથી પ્રદર્શિત કરવામાં આવે તો તે આપણા હિતની વિરુદ્ધ નહિ જ જાય.''

હવે આપણે આ ચળવળની વ્યાપકતા અને પ્રજાએ આપેલા પ્રતિભાવો ચકાસીએ.

### 34.4.1 આંદોલનનો પ્રસાર (Spread of the Movement)

9મી ઑગસ્ટ, 1942ના દિને થયેલી તેમની ધરપકડ પહેલાં ગાંધીજીએ પ્રજાને એક સંદેશ આપ્યો હતો :

> ''અહિંસાના સિદ્ધાન્ત હેઠળ રહીને પ્રત્યેક વ્યક્તિ હડતાળ અને અન્ય અહિંસક સાધનો દ્વારા છેક છેવાડા સુધી જવા મુક્ત છે. સત્યાગ્રહીઓએ મૃત્યુ સ્વીકારવાનું છે, જીવન નહિ. તેમણે મૃત્યુને શોધી કાઢવાનું છે અને તેનો સામનો કરવાનો છે. જ્યારે વ્યક્તિઓ મૃત્યુ માટે બહાર પડશે ત્યારે જ રાષ્ટ્ર જીવંત રહેશે - કરેંગે યા મરેંગે.''

આ કોલ આપતી વખતે પણ ગાંધીજીએ અહિંસા ઉપર ખૂબ ભાર મૂકતાં કહ્યું હતું,

> ''સ્વાતંત્ર્યની આ લડતના પ્રત્યેક અહિંસક સૈનિકે 'કરેંગે યા મરેંગે' નો મંત્ર એક કાગળ અથવા કાપડ ઉપર લખી પોતાના પોષાક પર સાંધી લેવો, જેથી જો તે સત્યાગ્રહ દરમિયાન મૃત્યુ પામે તો અહિંસામાં ન માનનારાં અન્ય તત્ત્વોથી તે તદ્દન જુદો તરી આવે.''

ગાંધીજી તથા અન્ય અગ્રણી કૉંગ્રેસ નેતાઓની ધરપકડના સમાચાર મળતાં જ દેશના જુદા જુદા ભાગોમાં અભૂતપૂર્વ લોકલાગણીનો જુવાળ ઊઠ્યો. હડતાળો, સરઘસો અને પ્રતીકાત્મક દેખાવો દરેક શહેર અને નગરમાં થવા લાગ્યાં. ચળવળ માટેની હાકલ કૉંગ્રેસના નેતાઓએ કરી હતી એ ખરું, પરંતુ ચળવળની ખરેખરી શરૂઆત અને તેને આગળ ધપાવવાનું કામ પ્રજાએ ખુદ કર્યું. કેન્દ્રીય, પ્રાંતીય તેમ જ સ્થાનિક સ્તરોના લગભગ બધા જ નેતાઓની સરકારે ઝડપથી ધરપકડ કરી લીધી હતી. તે ઉપરાંત નવલોહિયા, ઉગ્રતાવાદી યુવાનો ખાસ કરીને વિદ્યાર્થીઓ, જે સમાજવાદી વલણ ધરાવતા હતા તેઓએ સ્થાનિક રીતે નેતૃત્વને પોતાના હાથમાં લીધું.

શરૂઆતના તબક્કામાં તો આ ચળવળ અહિંસાના સિદ્ધાંત ઉપર આધારિત રહી. પરંતુ સરકારનાં દમનકારી પગલાંથી ઉશ્કેરાઈને પ્રજા હિંસા તરફ વળી. ગાંધીજીનો અહિંસક ચળવળનો કોલ વીસરાઈ ગયો, અને પ્રજાએ પોતે જ આ ચળવળ માટે શું પગલાં લેવાં તે ઠરાવવા માંડ્યું. તેમાં નીચે મુજબની રીતો સામેલ હતીઃ-

- સરકારી મકાનો, પોલીસ થાણાંઓ અને પોસ્ટ-ઑફિસો ઉપર હુમલા કરવા.
- રેલવે સ્ટેશનો પર હુમલા કરવા અને રેલના પાટાઓ ઉખાડી નાખવા,
- ટેલિગ્રાફના, વીજળીના અને ટેલિફોનના તારો અને દોરડાં તોડી નાંખવા;
- પુલોને ઉડાવી દઈને માર્ગ-વાહન વ્યવહાર ખોરવી નાખવો;
- કામદારોએ હડતાળો પાડવી; વગેરે.

આમાંના ઘણાંખરાં પગલાં સરકારી સૈન્ય તથા પોલીસોની અવરજવરમાં અવરોધો પેદા કરવા માટે લેવાતાં હતાં, જે ખાસ કરીને ચળવળને ડામવાની યોજનાના ભાગ રૂપે નક્કી કરવામાં આવતાં હતાં. ઘણી જગ્યાએ સરકારી અમલે અંકુશ ગુમાવ્યો અને લોકોએ પોતાનું સ્વરાજ સ્થાપ્યું. આમાંના કેટલાક દાખલા જોઈએ :

- મહારાષ્ટ્રના સતારામાં એક સમાંતર સરકારની સ્થાપના કરવામાં આવી, જે ઘણા લાંબા સમય માટે કામ કરતી રહી.
- બંગાળમાં તામલૂક જાતીય સરકારે મિદનાપુર જિલ્લામાં લાંબો સમય સત્તા ભોગવી. આ 'રાષ્ટ્રીય' સરકારમાં કાયદો અને વ્યવસ્થા, જાહેર તંદુરસ્તિ, શિક્ષણ, ખેતી વગેરેનાં જુદાં જુદાં ખાતાં પણ હતાં. સાથે જ પોતાની અલાયદી ટપાલ વ્યવસ્થા અને ન્યાય માટેની અદાલતો પણ હતી.
- ઓરિસાના તાલચેરમાં પ્રજાએ સ્વરાજ્ય સ્થાપ્યું હતું.
- યુ.પી.નાં પૂર્વ ક્ષેત્રોમાં અને બિહારમાં (ખાસ કરીને આઝમગઢ, બલિયા, ગાઝીપુર, મોંઘેર, મુઝફ્ફરપુર, વગેરે) લોકોએ પોલીસ થાણાંઓ નાબૂદ કરી દીધાં હતાં અને સરકારી તંત્ર તદ્દન ખોરવી નાખ્યું હતું.

શરૂઆતના સમયમાં આ ચળવળ શહેરી ક્ષેત્રોમાં મજબૂત હતી, પરંતુ પછીથી ગ્રામીણ ક્ષેત્રોમાં પણ પ્રજાનો સહકાર મળ્યાથી બળવાનું વાતાવરણ લાંબો સમય ટકી શક્યું. ખાસ કરીને મુંબઈ, આંધ્ર, યુ.પી., બિહાર,ગુજરાત, ઓરિસા, આસામ, બંગાળ, કર્ણાટક વગેરે ક્ષેત્રોમાંથી ચળવળનો ખૂબ ટેકો મળ્યો. જોકે પંજાબ, સિંધ, ઉત્તર-પશ્ચિમના સરહદી પ્રાન્ત (NFWP), વગેરે ક્ષેત્રોમાં આ પ્રતિભાવ નબળો હતો.




4. 'ભારત છોડો' આંદોલનનું એક ભીંતચિત્ર


### 34.4.2 પ્રતિભાવો અને પ્રવાહો (Responses and Trends)

'ભારત છોડો' અને 'કરેંગે યા મરેંગે' નાં સૂત્રો એ દિવસોમાં સર્વત્ર સંભાળતાં હતાં, છતાં તેમનો પ્રતિભાવ દરેક સ્થળે એકસરખો ન હતો. કામદાર વર્ગ ઘણાં ઔદ્યોગિક કેન્દ્રોમાં હડતાળ પર ઊતરી ગયો. તેમાંનાં મુખ્ય કેન્દ્રો હતાં મુંબઈ, અમદાવાદ, કાનપુર, જમશેદપુર, અને પૂના. દિલ્હીના કામદારો 9મી ઑગસ્ટે હડતાળ પર હતા. પરન્તુ આ બધાં ક્ષેત્રોમાં હડતાળો બહુ લાંબી ચાલી નહિ. માત્ર અમદાવાદમાં તે લગભગ ત્રણ મહિના જેટલી લાંબી ચાલી શકી.

લોકોની તોડફોડની પ્રવૃત્તિથી બિહારમાં પટણા શહેર બીજા વિસ્તારોથી અલગ પડી ગયું. ઉત્તર વિસ્તારમાં બેગુસરાઈના સબ-ડિવિઝનલ ઑફિસરે નોંધ્યું,

> "... ચળવળ સ્કૂલના છોકરાઓએ શરૂ કરી; બધા સ્તરના કૉંગ્રેસી કાર્યકર્તાઓ તેઓની સાથે થઈ ગયા. શાણા કૉંગ્રેસી નેતાઓએ ચળવળને કાબૂમાં રાખવા પ્રયત્ન કર્યા પરંતુ જ્યારે તેમણે ગામડાંઓની પ્રજાને પણ તેમાં જોડાવાની છૂટ આપી, ત્યારથી તે એક આર્થિક પ્રશ્ન બની ગયો : એમને મોટી સંપત્તિ, ખાસ કરીને રેલવે સ્ટેશનોએ ખડકાયેલા અનાજના જથ્થાઓનું ખૂબ આકર્ષણ થવા લાગ્યું ... ગરીબ મજૂરોએ પણ આની લૂટફાટમાં મોટો ભાગ ભજવ્યો. બહારનાં સ્ટેશનોમાંના વેપારીઓ કૉંગ્રેસની દયા પર નિર્ભર થવા લાગ્યા ... ઠરેલ ગંભીર કક્ષાના લોકો આ પ્રવૃત્તિની તરફેણ નહોતા કરતા પરંતુ તેઓનો આ સમયે પરિસ્થિતિ પર કોઈ કાબૂ ન હતો."

આનાથી ગ્રામીણ પ્રજાએ લીધેલ ભાગનો અને ગાંધી વિચાર ધરાવનાર શાણા કૉંગ્રેસીઓ દ્વારા ચળવળનું નિર્દેશન કરવામાં આવેલી મર્યાદાઓનો આપણને ખ્યાલ આવે છે. પૂર્વ યુ.પી.માં પણ આવી જ સ્થિતિ પ્રવર્તતી જણાય છે. આર.એચ. નિબ્લેટ દ્વારા રખાયેલી નોંધો ઉપરથી જણાય છે કે મધુબન પોલીસ સ્ટેશનમાં (જે આઝમગઢમાં આવેલું છે). પ્રજાના આક્રોશનું સ્વરૂપ કેટલું રૌદ્ર હતું. નિબ્લેટ જણાવે છે કે વ્યવસ્થિત યોજના



# क्रान्तिकारी

वर्ष १ ले अंक ६-७ | संपादक— अच्युत पटवर्धन एस. एम्. जोशी | ऑक्टो.-नोव्हें. १९४२

## —'मला संपूर्ण स्वातंत्र्य पाहिजे'—

[illegible]

—महात्मा गांधी

[ता. ८ ऑगस्ट १९४२ रोजी अ. भा. [illegible] ]

करेंगे या मरेंगे।

## ऑल इंडिया कॉंग्रेस कमिटी

खाली दिलेली स्वातंत्र्यदिनाची प्रतिज्ञा ता. २६ जानेवारी १९४८ रोजीं सर्वत्र सार्वजनिक वा खाजगी रीत्या उच्चारण्यांत यावी.

# प्रतिज्ञा

" जगांतील कोणत्याहि जनतेप्रमाणें हिंदी जनतेसहि स्वातंत्र्याचा जन्मसिद्ध हक्क आहे, असा आमचा विश्वास आहे. त्याशिवाय आपल्या श्रमाचें फळ उपभोगण्याची, जीवनास आवश्यक अशा गोष्टी मिळ-ण्याची अगर सर्वांगीण प्रगति होण्याची शक्यता दिसत नाहीं. आमची अशीहि पक्की समजूत आहे कीं, जर एखाद्या राजवटीनें जनतेचे हक्क नष्ट केले व जुलूम सुरू केला तर तिच्यांत क्रांति घडवून आणण्याचा वा ती जुलमी राजवट नष्ट करण्याचा त्या जनतेस हक्क आहे. ब्रिटिश सत्ता हिंदी जनतेचें फक्त स्वातंत्र्यच हिरावून थांबली नाहीं तर जनतेच्या पिळणुकीवरच तिनें आपलें अधिष्ठान ठेवलें आहे. हिंदुस्थानचा आर्थिक, राजकीय, सांस्कृतिक व आत्मिक अधःपात करणें हेंच तिचें धोरण आहे. आम्हांस असें मनापासून वाटतें कीं, ब्रिटिशांचे सर्व संबंध तोडून पूर्ण स्वराज्य मिळवल्याशिवाय तरणोपाय नाहीं.

आपलें स्वातंत्र्य मिळण्याचा हमखास उपाय हिंसात्मक नाहीं हें [illegible] आहे. [illegible] हिंदुस्थानने मिळवलेलें सामर्थ्य

## करेंगे या मरेंगे

नं. ४ | १-९-४२

### 'कार्यक्रम पाहिजे ना? हा घ्या कार्यक्रम'

संपादकः —आपला जिवलग.

विद्यार्थ्यांनो, कार्यक्रम पाहिजे ना? परकीय सत्तेला गांधीजींनी दिलेला 'Quit India' 'हिंदुस्थानांतून गाशा गुंडाळ' इषारा नीट मनन करा; म्हणजे आपल्याला कार्यक्रम सुचेल. उच्चार–आचारामध्यें मनःपूर्वक अहिंसा पाळा, म्हणजे जय हा तुमचाच ठेविलेला आहे. ही दृष्टी आपलीशी करा. म्हणजे कार्यक्रम आपले आपल्यालाच सुचतील. मी कांहीं कार्यक्रम सहज दिग्दर्शनार्थ येथें सुचवितो.

१ कॉंग्रेस व महात्माजी, किंवा दरिद्रनारायण व महात्माजी यांच्या मधील दळणवळण या परकीय सरकारानें तोडून टाकले आहे. तेव्हां परकीय सत्तेचे दळणवळण हें आपण पूर्णपणें तोडून टाकलें पाहिजे. मात्र त्यांत कोणाच्या जिवाला धक्का पोहोंचता कामा नये हें ध्यानांत ठेवा.

२ सरकारी नोकरांना त्यांच्या त्यांच्या घरीं जाऊन त्यांना राष्ट्राच्या व [illegible] हाकेला 'ओ' देण्यास विनवा. सरकारी नोकरांच्या [illegible] त्यांचे वडील राजीनामा देईपर्यंत घरीं उपवास–सत्याग्रह करून आपापल्या वडलांना राष्ट्रीय महापापा पासून वाचवावें.

३ बुलेटिन लिहिणें, छापणें, वाटणें वगैरे कार्यक्रम कोणीही विद्यार्थी [illegible]. ही कामे उघड झालीं पाहिजेत

४ रोज कोणत्या तरी लोकांत मीटिंग भरून, तेथें 'करेंगे या मरेंगे' हें नवीन सूत्र घरोघर पोहोंचवा; व आपल्या छातीवर ते नेहमीं धारण करा. स्वतंत्र होण्याचा किंवा होण्याच्या प्रयत्नांत मरण्याचा आपला निर्धार झालेला जाहीर करण्यासाठीं हे सूत्र अत्यंत उपयुक्त आहे.

५ बेकायदा मीठ येथें आणून बेळगांव मध्यें आणवून ते राजरोस विकण्याचा व विकविण्याचा कायदेभंग करा.

६ आपल्या देशांतील परसत्ता नष्ट करावयाची आहे. हे ध्येय [illegible] डोळ्यांपुढें ठेवून आपल्याला इतर जे कार्यक्रम सुचतील ते सर्व [illegible].

एवढे कार्यक्रम [illegible]. [illegible] पुनः अधिक [illegible]. [illegible] एवढें [illegible] ठेवा कीं, तुमच्या कोणत्याही कार्यक्रमांत 'गुप्तता' ठेवूं नका.

**स्वतंत्र भारत ईश्वरा शिवाय कोणासही भिणार नाहीं.**

## स्वतंत्र महाराष्ट्र

[illegible]

### पोराच्या उलट्या बोंबा

[illegible]

### ब्रिटिशांच्या हिमेची यादी पाहिजे का?

[illegible]

### हें कसले कायदेशीर सरकार! हे सरकार बेकायदा व राक्षसी आहे

[illegible]

### मागचें कशाला? आज काल हिंदुस्थानांत काय चालले आहे?


[illegible]

5. મહારાષ્ટ્રમાં ભારત છોડો વિષે પત્રિકાઓ

કર્યા બાદ જ મધુબન પોલીસ થાણા ઉપર ત્રણ બાજુથી હુમલો કરવામાં આવ્યો હતો. એક બાજુના લોકો સહેજ વહેલા આવી પહોંચ્યા હોવા છતાં બીજી બાજુઓના લોકો આવી પહોંચે તેની રાહ જોવા ઊભા રહી ગયા હતા. પોલીસોએ 119 વખત ગોળીબાર કર્યો જેથી હુમલો અટકી જાય, અને આ ગોળીબાર લગભગ બે કલાક સુધી ચાલ્યો.

ઓરિસાની સરકારને કિસાન ગેરીલાઓને તાલચેર ગામ તરફ આવતા રોકવા માટે ઍરોપ્લેનની મદદ લેવી પડી. મહારાષ્ટ્રના સતારા ક્ષેત્રમાં પણ લાંબો વખત સરકારને પ્રજા સામે ઝઝૂમવું પડ્યું હતું.

લોક આંદોલન ઉપરાંત એક બીજો પ્રવાહ પણ આ ચળવળમાં જોવા મળે છે, અને તે છે ભૂગર્ભમાં ચાલેલી ક્રાન્તિકારી પ્રવૃત્તિઓ. 9મી નવેમ્બર, 1942ના દિને જયપ્રકાશ નારાયણ અને રામનંદન મિશ્ર હજારીબાગની જેલમાંથી ભાગી છૂટ્યા તેમણે ભૂગર્ભ પ્રવૃત્તિનું આયોજન કર્યું, તથા નેપાલની સરહદ નજીક આવેલા ક્ષેત્રમાં છુપાઈ તેનું સંચાલન કર્યું.



**6. કૉંગ્રેસ રેડિયોની સામગ્રી**

એ જ પ્રમાણે મુંબઈમાં સમાજવાદી નેતાઓએ પોતાની ભૂગર્ભ પ્રવૃત્તિઓ ચાલુ રાખી, જેનું મુખ્ય નેતૃત્વ અરૂણ અસફ અલી જેવા નીડર નેતાઓએ કર્યું. આ પ્રવૃત્તિનું સૌથી વધુ સાહસિક પગલું હતું કૉંગ્રેસ રેડિયો સ્ટેશનની સ્થાપના, જેનાં ઉદ્‌ઘોષક હતાં ઉષા મહેતા. આ રેડિયો દ્વારા ઘણા લાંબા સમય સુધી કાર્યક્રમો પ્રસારિત થતા હતા. બર્લિન રેડિયો પરથી ભાષણ કરતાં (31, ઑગસ્ટ, 1942) સુભાષચંદ્ર બોઝે આ ચળવળને 'અહિંસક ગેરીલા યુદ્ધપદ્ધતિ' તરીકે વર્ણવી હતી. તેમણે સૂચવ્યું,

> ''આ અહિંસક ગેરીલા ઝુંબેશના બે મુખ્ય હેતુઓ હોવા જોઈએ . પ્રથમ યુદ્ધની સામગ્રીનું ભારતમાં ઉત્પાદન થતું અટકાવવું; અને બીજું, દેશમાં બ્રિટિશ શાસનતંત્રને એકદમ ખોરવી નાખવું. આ હેતુઓ લક્ષમાં રાખીને સમાજના દરેક સ્તરના લોકોએ આ ચળવળમાં ભાગ લેવો જોઈએ.''

વિદ્યાર્થી આલમે પણ આ ચળવળમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો, તેને ગ્રામીણ વિસ્તારોમાં ફેલાવી, અને સાથે ત્યાંના લોકોનું એ માટે માર્ગદર્શન પણ કર્યું.

આમ છતાં, સામાન્ય વેપારી વર્ગમાં આ ચળવળનો ખાસ પડઘો પડ્યો જણાતો નથી. ખરું જોતાં મોટા ઉદ્યોગપતિઓ અને વેપારીઓને વિશ્વયુદ્ધને લીધે મોટો નફો થતો હતો. કેટલાક દાખલામાં (ફિક્કી (FICCI) દ્વારા) તો ઉદ્યોગપતિઓએ સરકારને અપીલ કરી કે ગાંધીજી અને અન્ય નેતાઓને છોડી મૂકવામાં આવે, કેમ કે તેમનું માનવું હતું કે માત્ર ગાંધીજી જ સરકારી માલહાનિને અટકાવી શકે. તેમને એ ભય હતો કે આજે સરકારી મિલકતો પર હુમલા થાય છે, પણ આવતી કાલે અંગત માલિકીની મિલકતો પર પણ હુમલા થવા માંડે એવી શક્યતાઓ છે. વળી મુસ્લિમ લીગે આ ચળવળમાં જરા પણ ભાગ લીધો નહિ. હિંદુ મહાસભાએ તો તેને વખોડી જ કાઢી હતી.



7. બર્લિન રેડિયો ઉપર બોઝનું ભાષણ

સામ્યવાદી પક્ષે પોતાના 'પ્રજાના યુદ્ધ' ના વલણને કારણે આ ચળવળને ટેકો આપ્યો નહિ. દેશી રાજ્યોના રાજવીઓ અને જમીનદારો પણ યુદ્ધપ્રયત્નોને ટેકો આપતા હતા અને આ ચળવળ પ્રત્યે સહેજ પણ સહાનુભૂતિ ધરાવતા ન હતા. રાજગોપાલાચારી જેવા કેટલાક કૉંગ્રેસી નેતાઓ પણ આ ચળવળમાં ભાગ લેવા રાજી નહોતા અને યુદ્ધ માટેના પ્રયાસોને ટેકો આપતા હતા.

તેમ છતાં નીચેના આંકડાઓ પરથી ચળવળની ઉગ્રતા જણાઈ આવે છે :

- યુ.પી.માં 104 રેલવે સ્ટેશનો ઉપર હુમલા થયા અને નુકસાન પહોંચ્યું એવો સરકારી અહેવાલ છે. લગભગ 100 જેટલી રેલવે લાઈનોમાં ભાંગફોડ થઈ હતી. વળી ટેલિફોન અને ટેલિગ્રાફના તારો અને દોરડાં કાપી નાખવામાં આવ્યાં હતાં, જેની સંખ્યા 425 હતી. 119 જેટલી પોસ્ટ ઑફિસો નષ્ટ થઈ હતી.
- મિદનાપુરમાં 43 જેટલાં સરકારી મકાનો ભસ્મીભૂત થયાં હતાં.
- બિહારમાં 72 પોલીસ થાણાંઓ પર હુમલા થયા, 332 રેલવે સ્ટેશનો અને 925 પોસ્ટ ઑફિસોને ભાંગફોડથી નુકસાન થયું.
- આખાયે દેશમાં કુલ 664 બૉમ્બ વિસ્ફોટ થયા.

આ સામૂહિક લોક જુવાળ સામે સરકારના કેવા પ્રત્યાઘાત હતા? આગળ હવે આપણે આ પ્રશ્નનો ઉત્તર તપાસીએ.

### 34.4.3 દમન (Repression)

લોકોના આ સામૂહિક જુવાળની પ્રવૃત્તિને ડામી દેવા સરકાર સજ્જ થઈ ચૂકી હતી. ધરપકડ, અટકાયત,

પોલીસોના ગોળીબાર, કૉંગ્રેસની ઑફિસોને આગ ચાંપવી વગેરે દમનની નીતિઓ સરકારે ચળવળ વિરુદ્ધ અખત્યાર કરી હતી.

- 1942ના અંત સુધીમાં માત્ર યુ.પી.માં જ 16,089 વ્યક્તિઓની ધરપકડ થઈ. આખા ભારતમાં ધરપકડોનો સત્તાવાર આંકડો 1943ના અંત સુધીમાં 91,836 થયો.
- પોલીસ ગોળીબારોમાં મરનાર વ્યક્તિઓની સંખ્યા સપ્ટેમ્બર 1942 સુધીમાં 658, અને 1943 સુધીમાં 1060 જેટલી થઈ ગઈ. પણ આ સરકારી આંકડા છે. હકીકતમાં ઘણા વધારે લોકો મૃત્યુ પામ્યા અને અગણિત લોકો જખમી થયા હતા.
- એકલા મિદનાપુરમાં જ સરકારી ધાડાંઓએ કૉંગ્રેસના 31 કેમ્પ અને 164 અંગત ઘરબાર સળગાવી મૂક્યાં હતાં. 74 કેસો બળાત્કારના નોંધાયા, જેમાં પોલીસો દ્વારા એક જ દિવસમાં (9મી જાન્યુ. 1943) એક ગામમાં 46 બળાત્કારના બનાવો બન્યા.
- સરકારી કબૂલાત મુજબ પાંચ સ્થળોએ માણસોની હત્યાના હેતુસર ઍરોપ્લેનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સ્થળો હતાં પટણા નજીકનું ગિરિયક, ભાગલપુર જિલ્લો; રાણાઘાટ, નાદિયા જિલ્લો; મોંઘેર જિલ્લો અને તાલચેર શહેરની નજીકનું સ્થળ.
- લાઠીમારના, ફટકાઓના અને જેલની સજાઓના અસંખ્ય બનાવો નોંધાયા છે.
- જે સ્થળોએ ચળવળ થઈ ત્યાંના રહેવાસીઓ પાસેથી દંડ રૂપે પૈસા લેવામાં આવ્યા. દા.ત.યુ.પી.માંથી આવા દંડમાંથી રૂ. 28,32,000/-એકત્ર થયા અને ફેબ્રુઆરી 1943 સુધીમાં રૂ. 25,00,000/- વસૂલ કરવામાં આવ્યા. ઉત્તર બિહારમાં પણ આ જ રીતે દંડ ઉઘરાવવામાં આવ્યો અને ફેબ્રુઆરી 1943 સુધીમાં લાદેલા રૂ. 34,15,529/- ની રકમમાંથી રૂ. 28,35,025/- વસૂલ થઈ ચૂક્યાં હતા.



करो या मरो

देशका अपना दैनिक । जनताका सच्चा सैनिक ॥

संख्या १४ ]

देशद्रोहियोंका बहिष्कार करो !

सत्यनारायण पार्कमें झण्डा-वंदन

8. દેશદ્રોહીઓનો બહિષ્કાર કરવા લોકોને વીનવતું એક ચોપાનિયું

આવાં દમનકારી પગલાંઓથી અંગ્રેજોએ પુનઃ પોતાનું આધિપત્ય સ્થાપ્યું. યુદ્ધની પરિસ્થિતિએ તેમને બે પ્રકારે સહાય કરી :

(1) જાપાની હુમલાની આશંકામાં તેમણે અહીં એકત્ર કરેલું સૈન્ય ઘણું મોટું હતું અને તેનો ઉપયોગ આ ચળવળને ડામવામાં કર્યો.

(2) યુદ્ધ સમયના અખબારી અંકુશને લીધે આ ચળવળને ક્રૂરતાથી દાબી દઈ શકાઈ. અંગ્રેજોને પોતાના કાર્યની સમીક્ષા માટે ફુરસદ ન હતી અને તે માટે કોઈ જવાબદારી પણ ન હતી. તેમની દમનરીતિઓ માટે થતી આંતરિક ટીકાઓ પ્રત્યે પણ તેઓ ચિંતિત ન હતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રતિકૂળ અભિપ્રાયની તેમને પરવા ન હતી. તે સમયે મિત્ર રાજ્યો ધરી રાજ્યોની સામે ઘમસાણ યુદ્ધમાં વ્યસ્ત હતાં અને કોઈને એની ચિંતા ન હતી કે બ્રિટન તેના સંસ્થાન ભારતમાં કેવી નીતિ અપનાવે છે. આમ છેવટે 'ભારત છોડો' આંદોલન પડી ભાંગ્યું. પરંતુ તેણે લોકોના દૃઢ નિશ્ચયને વ્યક્ત કરીદીધોખરો, કે બ્રિટિશ શાસનને તેઓ પસંદ નથી કરતા. કૉંગ્રેસે પોતે આપેલ અહિંસાના સિદ્ધાંત હેઠળનાં સૂચનો અવગણવા માટે પ્રજાને વખોડી નહિ, છતાં દરમિયાનનાં હિંસક કામોની જવાબદારી પણ માથે ઓઢી નહિ.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) નીચે મૂકેલાં વક્તવ્યોમાંથી કયાં સાચાં (✓) અને કયાં ખોટાં (✗) છે તે બતાવો:

(1) ગાંધીજીની ઈચ્છા હતી કે માત્ર સીમિત વિભાગના લોકો 'ભારત છોડો' ચળવળમાં ભાગ લે.
(2) 'ભારત છોડો' ચળવળનું નેતૃત્વ ઉગ્રવાદી યુવકો અને સમાજવાદીઓએ હાથમાં લઈ લીધું.
(3) 'ભારત છોડો' આંદોલન દરમિયાન કોઈ પણ સમાંતર સરકાર બનાવાઈ નહોતી.
(4) કૉંગ્રેસના ઘણા નેતાઓએ ચળવળને કાબૂમાં રાખવા પ્રયત્નો કર્યા પરંતુ નિષ્ફળ રહ્યા.
(5) 'ભારત છોડો' ચળવળ દરમિયાન કોઈ પણ જાતની ભૂગર્ભ પ્રવૃત્તિઓ થઈ નહોતી.
(6) ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ 'ભારત છોડો' ચળવળમાં મોટી સંખ્યામા ભાગ લીધો હતો.

(ખ) 'ભારત છોડો' આંદોલન દરમિયાન પ્રજાએ અંગ્રેજ સત્તાને ખોરવી નાખવાના હેતુથી લીધેલાં પગલાંઓનું દસેક લીટીમાં વર્ણન કરો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

(ગ) અંગ્રેજ સરકારે આ લોક જુવાળની પ્રવૃત્તિઓના દમન માટે લીધેલાં પગલાંનું દસેક લીટીમાં વર્ણન કરો.


______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

## 34.5 આઝાદ હિંદ ફોજ (Indian National Army)

'ભારત છોડો' આંદોલન એ અંગ્રેજોની વિરુદ્ધ કરાયેલી ભારતમાંની ચળવળ હતી. પરંતુ તેના જેટલું જ મહત્ત્વ ધરાવનાર ભૂમિકા હતી આઝાદ હિંદ ફોજની પ્રવૃત્તિઓની, જે ભારતની સરહદોની બહારથી વિદેશોમાંથી કરવામાં આવી.

### 34.5.1 આઝાદ હિંદ ફોજની રચના (Formation of INA)


ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઘણા રાષ્ટ્રપ્રેમી ક્રાન્તિકારીઓ પરદેશમાંથી તે માટે પ્રવૃત્તિઓ ચલાવતા હતા. આમાંના એક હતા રાસબિહારી બોઝ, જેઓ 1915થી એક ભાગેડુ રાષ્ટ્રપ્રેમી તરીકે જાપાનમાં રહેતા હતા. બીજા વિશ્વયુદ્ધને એક તક ગણીને રાસબિહારીએ અંગ્રેજો વિરુદ્ધ કરવા ભારતીયોને ઉત્તેજિત કરવાનું ઠરાવ્યું.



9. રાસબિહારી બોઝ તથા મોહનસિંઘ આઝાદ હિંદ ફોજની સલામી લેતા સશસ્ત્ર સંઘર્ષ

અંગ્રેજોના સૈન્યમાં ઘણા ભારતીય સૈનિકો હતા. જે યુદ્ધમાં ઇંગ્લૅન્ડ તરફથી લડાઈ કરતા હતા. દક્ષિણ-પૂર્વ એશિયામાં ઇંગ્લૅન્ડને પરાજ્યો આપ્યા બાદ જાપાનીઝ સરકારે જે યુદ્ધકેદીઓ લીધા તેમાં ઘણા ભારતીય સૈનિકો હતા. જાપાનીઝ ઑફિસર મેજર ફૂજીવારાએ એમાંના એક યુદ્ધકેદી કૅપ્ટન મોહનસિંઘને ખાસ સમજાવ્યા કે તેઓ અંગ્રેજો વિરુદ્ધ લડાઈ કરવામાં જાપાનનો સાથ આપે, જેથી ભારત છેવટે સ્વતંત્ર થઈ શકે. 1942ના માર્ચમાં ટોકિયોમાં ભારતીયોની એક બેઠક યોજવામાં આવી, જેમાં ભારત સ્વાતંત્ર્ય લીગ (ઇંડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ)ની તે સ્થાપના પછી થઈ ત્યાર બાદ જૂન 1942માં બીજી બેઠક બેંગકોકમાં યોજાઈ જેમાં લીગના અધ્યક્ષ તરીકે રાસબિહારી બોઝ ચૂંટાયા. આ સમયે નિર્ણય લેવાયો કે એક એવું સૈન્ય ઊભું કરવું જે વિદેશોમાં રહી, ત્યાંની સહાયથી ભારત પર હુમલો કરીને, અંગ્રેજોને હરાવીને ભારતને સ્વતંત્ર બનાવે. આ સૈન્યને આઝાદ હિંદ ફોજનું નામ આપવામાં આવ્યું. કૅપ્ટન મોહન સિંઘ તેના કમાન્ડર તરીકે નિમાયા, અને તેમાં લગભગ 40,000 ભારતીય સૈનિકો હતા. આ બેઠકે સુભાષચંદ્ર બોઝને આ ચળવળની નેતાગીરી કરવા નિમંત્રણ આપ્યું.

1941માં જ સુભાષચંદ્ર બોઝ ભારતમાંથી બર્લિન છટકી ગયા હતા. 1943ના જૂનમાં તેઓ ટોકિયો આવ્યા અને જુલાઈમાં સિંગાપોરમાં આઝાદ હિંદ ફોજમાં જોડાયા. રાસબિહારી બોઝે સુભાષ બોઝને નેતૃત્વ સોંપી દીધું, અને એક આઝાદ હિંદ સરકારની રચના કરવામાં આવી. 1943ના નવેમ્બરમાં જાપાને આ સરકારને આંદામાન અને નિકોબાર ટાપુઓ પર શાસન કરવાની સત્તા સોંપી અને આમ એક સાહસી સંઘર્ષ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં શરૂ થયો.



10. કલકત્તામાં આવેલું ઘર જ્યાંથી સુભાષ ચંદ્ર છટકી ગયા હતા.



11. આઝાદ હિંદ ફોજ – યુદ્ધ ભૂમિ પર

### 34.5.2 આઝાદ હિંદ ફોજનું કાર્ય (Actions of INA)

તેની રચનાના થોડા જ મહિનામાં આઝાદ હિંદ ફોજના ત્રણ ઘટકોને (બ્રિગેડને) નામ અપાયાંઃ ગાંધી, આઝાદ, નેહરુ. અન્ય ઘટકો પણ તરત જ બનવા પામ્યા જેને સુભાષ અને રાણી ઝાંસી જેવાં નામ અપાયાં. વિદેશમાં વસતા ભારતીયોએ ફોજને પૈસા તથા સામગ્રીમાં મોટી મદદ મોકલી. ફોજનાં બે સૂત્રો હતાં 'જયહિંદ' અને 'ચલો દિલ્હી'. સુભાષનું સૌથી પ્રસિદ્ધ એલાન હતું – ''તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા'' (તમે મને લોહી આપો, હું તમ ને સ્વતંત્રતા આપીશ).

જાપાનીઝ દળોની સાથે ખભેખભા મિલાવીને આઝાદ હિંદ ફોજે 18મી માર્ચ 1944ને દિવસે ભારતની

સરહદમાં પ્રવેશ કર્યો, અને ભારતનો ત્રિરંગી ઝંડો ભારતની ભૂમિ પર લહેરાવ્યો. છતાં આઝાદ હિંદ ફોજ ઇમ્ફાલને કબજે ન કરી શકી તેનાં બે કારણો છે :

(1) આઝાદ હિંદ ફોજને જરૂરી હવાઈ મદદ અને સામગ્રી જાપાનીઝ દળો પૂરી પાડી શક્યાં નહિ.
(2) વર્ષા ઋતુના આગમનથી તેમને આગળ ધપવાનું શક્ય બન્યું નહિ.



12. રાણી ઝાંસી બ્રિગેડની ચકાસણી કરતા બોઝ

આ દરમિયાન અંગ્રેજો પોતાનાં દળોને ફરીથી સંગઠિત કરી શક્યા, અને વળતા હુમલા કરવા લાગ્યા. આઝાદ હિંદ ફોજના જવાનોએ અત્યંત બહાદુરીથી સામનો કર્યો, તેમની ઘટતી જતી સંખ્યા હોવા છતાં. પરંતુ લડાઈની પરિસ્થિતિ હવે બદલાવા લાગી હતી. જર્મનીના પતન અને જાપાનીઝ દળોને મળેલી હારને લીધે હવે આઝાદ હિંદ ફોજ પણ પોતાના પગ પર ઊભી રહી શકે તેમ નહોતી. સુભાષ બોઝ અદશ્ય થઈ ગયા. કેટલાકનું માનવું છે કે તેઓ એક વિમાની અકસ્માતમાં માર્યા ગયા, પરંતુ અન્ય કેટલાક આ વાત માનવા તૈયાર નથી.

### 34.5.3 પ્રભાવ (Impact)

જોકે આઝાદ હિંદ ફોજ પોતાના લક્ષ્યને સાધવામાં નિષ્ફળ પુરવાર થઈ, તેમ છતાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ પર તેની ઘેરી અસર પડી :

(1) અંગ્રેજોને એ વાતની સ્પષ્ટતા થઈ ગઈ કે હવે તેઓ ભારતીય સૈનિકોની રાજનિષ્ઠા પર વિશ્વાસ રાખી શકશે નહિ અને તેમને હવે ભાડૂતી સૈનિકો ગણવા પડશે નહિ.
(2) જેઓ સશસ્ત્ર લડાઈ આપી અંગ્રેજોને હંફાવવા માંગતા હતા તેઓમાં કોમી વિખવાદનો કોઈ જ અંશ નહોતો તેવું આઝાદ હિંદ ફોજની દરેક લડાઈમાં જણાતું હતું. ફોજમાં હિન્દુઓ, મુસલમાનો અને શીખો પણ હતા, છતાં તેઓએ ભારતીય સૈનિકો તરીકે લડાઈ આપી તે નોંધવાપાત્ર હતું.
(3) રાણી ઝાંસી બ્રિગેડમાં માત્ર સ્ત્રી સૈનિકો હતી. તેમનાં કાર્યોથી સિદ્ધ થતું હતું કે ભારતીય નારીઓ પણ અંગ્રેજો સામેની સ્વાતંત્ર્યની લડાઈમાં કોઈથી કમ નથી.
(4) વિદેશમાં વસતા ભારતીયોનો રાષ્ટ્રપ્રેમ, અને તેમની માતૃભૂમિની સ્વતંત્રતા માટેની ઝંખના પણ આઝાદ હિંદ ફોજના નિર્માણ, કાર્યો વગેરે માટે તેમણે મોકલેલી સહાય દ્વારા જણાઈ આવે છે.

આ સમયમાં સુભાષ બોઝની ભૂમિકા તપાસીએ તો જણાય છે કે તેમણે જે કંઈ કર્યું તે તેઓ ફાસીસ્ટ જર્મની કે વિસ્તારવાદી જાપાનને તેઓ ટેકો આપતા હતા તે માટે નહોતું, બલ્કે માત્ર ભારતની સ્વતંત્રતાના સ્વપ્નને સાકાર કરવા માટે જ હતું. જાપાનીઝ દળોથી આઝાદ હિંદ ફોજને ભિન્ન ઓળખ આપવા તે કૃતનિશ્ચયી હતા. બર્લિનમાં તેમને જર્મનો સાથે રશિયા સામેના યુદ્ધમાં ભારતીય સૈનિકોના ઉપયોગ વિશે સમસ્યા ઊભી

થઈ હતી. અંગ્રેજ સરકારે આઝાદ હિંદ ફોજના બધા ઑફિસરો અને સૈનિકો પર લશ્કરી અદાલત દ્વારા કામ ચલાવ્યું. તેમના પર ઇંગ્લૅન્ડના રાજા વિરુદ્ધ ષડ્યંત્ર રચવાનો આક્ષેપ કરવામાં આવ્યો. (આ વિશે 35મા એકમમાં આપણે વધુ જાણીશું.).

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(ક) પાંચેક લીટીમાં આઝાદ હિંદ ફોજના નિર્માણને માટેના સંજોગો એક પછી એક વર્ણવો.

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

(ખ) નીચેનાં વિધાનોમાંથી કયાં સાચા (✓) અને કયાં ખોટાં (✗) છે તે જણાવોઃ

(1) આઝાદ હિંદ ફોજની રચના સુભાષ બોઝે કરી.

(2) સુભાષ બોઝ જાપાનીઓના કહેવા મુજબ જ કાર્ય કરતા હતા.

(3) ભારતીય સૈનિકોની રાજ્યનિષ્ઠા પર હવે અંગ્રેજો વિશ્વાસ રાખી શકે તેમ નહોતા.

(4) આઝાદ હિંદ ફોજ ભારતીય ભૂમિ સુધી આવી પહોંચી હતી.

(ગ) આઝાદ હિંદ ફોજની ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ ઉપર શી અસર થઈ? લગભગ દસેક લીટીમાં ઉત્તર આપો.

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

## 34.6 સારાંશ

ભારતીય પ્રજાના જુદા જુદા વિભાગના લોકોનું યુદ્ધ પ્રત્યેનું વલણ જુદું જુદું હતું, અને તેનું પ્રતિબિંબ કૉંગ્રેસમાં પડતું હતું. તેના સીમિત લક્ષ્યને લીધે વ્યક્તિગત સત્યાગ્રહ, જે ગાંધીજીએ શરૂ કર્યો, તેનો ખાસ વિસ્તાર થઈ ન શક્યો. ભારતને યુદ્ધમાં ખેંચી ગયા બાદ કૉંગ્રેસને ત્રણ વર્ષ લાગ્યાં જ્યારે તે કોઈ એક નિર્ણય પર આવી શકી કે 'ભારત છોડો' આંદોલન ચલાવવું. પરંતુ આ બાબતની જાહેરાત થતાંની સાથે જ અંગ્રેજોએ સખત દમનની નીતિ અપનાવી. કૉંગ્રેસના લગભગ બધા જ અગ્રણી નેતાઓ બીજે જ દિવસે જેલમાં ધકેલી દેવામાં આવ્યા અને કૉંગ્રેસને આ ચળવળનું કંઈક આયોજન કરવાની તક માટેનો સમય જ ન મળ્યો. તેમ છતાં ચળવળે પોતાનો રસ્તો શોધી લીધો કારણ કે પ્રજાએ પોતે જ માર્ગદર્શનના સિદ્ધાન્તો તારવી લીધા. શરૂઆતના તબક્કામાં શહેરી વિસ્તારનાં કેન્દ્રોમાં ચળવળ ફેલાઈ હતી, પરંતુ પછી તરત જ ગ્રામીણ વિસ્તારોમાં પણ તેનો ફેલાવો થતો ગયો. ઘણાં સ્થળોએ અંગ્રેજ સત્તાને ઉખાડી દેવાઈ અને સમાંતર સરકારોની રચના થઈ. ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતનાં બંધન આ લડતમાં બાજુ પર રહી ગયાં અને શાણા કૉંગ્રેસીઓ પણ ચળવળને કાબૂમાં રાખવા અસમર્થ રહ્યા.

અંગ્રેજો આ ચળવળને કચડવામાં સફળ થયા; જોકે ભૂગર્ભ પ્રવૃત્તિઓ ઘણા લાંબા સમય સુધી ચાલતી રહી. આ આંદોલનથી એટલું સ્પષ્ટ થયું કે હવેથી અંગ્રેજોને શાસન કરવું ઘણું મુશ્કેલ પડશે અને તેઓ લાંબું ટકી શકશે નહિ. આઝાદ હિંદ ફોજની બહાદુરીભરી પ્રવૃત્તિઓએ તેમના આ ભયનું જ સમર્થન કર્યું.



13. હિંદફોજના સૈનિકો

## 34.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**નુકસાન ભરપાઈ માટે શિક્ષાત્મક દંડ (Collecting Punitive Fines) :** સરકારે એ સ્થળોના રહેવાસીઓ ઉપર લાદેલો દંડ, જ્યાં 'રમખાણો' વગેરે ફાટી નીકળ્યાં હોય (યા કરવામાં આવ્યાં હોય).

**બંધારણીય સભા (Constituent Assembly ) :** એ સભા, જે નવું બંધારણ ઘડવાની પ્રવૃત્તિ કરે.

**ફોરવર્ડ બ્લોક (Forward Block) :** 1940માં સુભાષ બોઝે રચેલા પક્ષનું નામ

**પ્રજાનું યુદ્ધ (People's War ) :** રશિયા પર હિટલરે કરેલા હુમલા પછી બીજા વિશ્વયુદ્ધ માટે સામ્યવાદીઓએ વાપરેલો શબ્દ.

## 34.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) 34.2.1.માં આવેલા મુદ્દાઓ તમારા જવાબમાં હોવા જોઈએ.

(ખ) (1) ✓ (2) ✓ (3) ✗ (4) ✓ (5) ✗ (6) ✗

(ગ) (1) વિરુદ્ધ (2) મહાન, ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ (3) લાગ્યું, સવિનય કાનૂનભંગ (4) દુઃખી, રામગઢ (5) ઉદ્‌ઘાટન

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) (1) ✗ (2) ✓ (3) ✗ (4) ✓ (5) ✗ (6) ✗

(ખ) 34.4.1 અને 34.4.2.માંના મુદ્દાઓ પર આધારિત જવાબ લખવો જોઈએ.પોલીસ સ્ટેશનો પરના લોકોના હુમલા, સમાંતર સરકારની રચના વગેરે પ્રજાનીપ્રવૃત્તિઓને ધ્યાનમાં લેવી જોઈએ.

(ગ) આ હતાં શિક્ષાત્મક નુકસાન ભરપાઈ માટે દંડ, ગોળીબાર, ધરપકડ વગેરે. જુઓ 34.4.3.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(ક) 34.5.1 જુઓ. તમારે એ સ્પષ્ટ રીતે કહેવું/લખવું જોઈએ કે સુભાષ બોઝે નહિ પણ રાસબિહારી બોઝે આઝાદ હિંદ ફોજનું નિર્માણ કર્યું હતું.

(ખ) (1) ✗ (2) ✗ (3) ✓ (4) ✓

(ગ) જુઓ 34.5.3.

# એકમ 35 સ્વતંત્રતા ભણી પ્રગતિ : 1945 - 47

## (Towards Independence : 1945 - 47)

**રૂપરેખા**


35.0 ઉદ્દેશો
35.1 પ્રસ્તાવના
35.2 ભારત અને રાજની પશ્ચાદ્ભૂમિકા
35.2.1 બીજું વિશ્વયુદ્ધ : ભારતીયો પર પ્રભાવ
35.2.2 બીજું વિશ્વયુદ્ધ : બ્રિટિશ સરકાર પર પ્રભાવ
35.2.3 વિશ્વયુદ્ધનો અંત : બ્રિટિશ નીતિ
35.2.4 કૉંગ્રેસ અને મુસ્લિમ લીગ
35.3 વાટાઘાટો દ્વારા સમજૂતી માટેના પ્રયત્નો
35.3.1 સિમલા પરિષદ
35.3.2 લેબર પાર્ટી ઇંગ્લૅન્ડમાં સત્તારૂઢ
35.3.3 ચૂંટણીઓ અને કૅબિનેટ મિશન
35.3.4 કોમી રમખાણો અને વચગાળાની સરકાર
35.4 પ્રજાકીય આવેગો
35.4.1 સીધા સંઘર્ષો
35.4.2 આડકતરા સંઘર્ષો
35.5 સારાંશ
35.6 ચાવીરૂપ શબ્દો
35.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 35.0 ઉદ્દેશો

આ એકમમાં ભારતીય રાષ્ટ્રવાદના ટૂંકા પરંતુ ખૂબ મહત્ત્વના તબક્કાની ટૂંકી ચર્ચા કરવામાં આવી છે. આ એકમના અભ્યાસ પછી તમે :

- બીજા વિશ્વયુદ્ધની અંગ્રેજ શાસકો અને ભારતીય પ્રજા ઉપરની અસર જાણી શકશો,
- આ સમય દરમિયાન થયેલી રાજકીય પ્રવૃત્તિને એકબીજા સાથે સાંકળી શકશો,
- જે લોકલડતો આ સમયમાં થઈ તે વિશે વર્ણન કરી શકશો. અને
- રાજને નબળું કરીને છેવટે ઉથલાવી પાડવામાં તેમની શી ભૂમિકા રહી તેનું મૂલ્યાંકન કરી શકશો.

## 35.1 પ્રસ્તાવના

અગાઉના એકમમાં તમે વિવિધ બંધારણીય પ્રક્રિયાઓ, રાજકીય પ્રવૃત્તિઓ અને તેમનું સ્ફટિકીકરણ, ભારતીય સમાજના કેટલાક વિભાગોની પીઢતા અને પુખ્તતા, તથા છેવટે બીજા વિશ્વયુદ્ધની શરૂઆત અને તે પછીની ઘટનાઓ વિશે જાણ્યું. આના પરિણામે 1940ના દાયકામાં તદ્દન જુદી જાતનું રાજકીય વાતાવરણ ઊભું થયું. નવાં સમીકરણો, નવી તંગદિલીઓ અને ઘર્ષણો ઊભાં થયાં. આમ નવા સંબંધો મોટે ભાગે સંઘર્ષપૂર્ણ હતા, અને શાસકો અને શાસિતોના ઘર્ષણયુક્ત સંબંધોએ પણ નવું પરિમાણ સર્જ્યું. સ્વતંત્રતા મળવાની આશાઓ વધવાથી રાજકીય પ્રવૃત્તિઓમાં મોટો જુવાળ આવ્યો. એક તરફ વાટાઘાટો, સમજૂતી દ્વારા સત્તાની શાંતિમય ફેરબદલી માટેના પ્રયાસો વધ્યા, સાથે જ પ્રજામાં સ્વતંત્રતા માટેની ઊર્મિના આવેગો પણ વધ્યાં ; જે શાંતિપૂર્ણ વાટાઘાટથી સમાધાનની રીતને બદલે બીજી રીતો અપનાવી ઝડપથી સ્વતંત્રતા પ્રાપ્ત કરવા ગતિશીલ બન્યા. આ રીતો અંગ્રેજો સાથે થતી રાજકીય વાટાઘાટોને બદલે સંઘર્ષમય સ્વરૂપની હતી. આ જ સમય દરમિયાન અલગતાવાદી રાજકારણે પણ માથું ઊંચક્યું, અને પાકિસ્તાન માટેની માગણીને વેગ મળ્યો.

આમ, પરિસ્થિતિ ઘણી ગૂંચવાયેલી હતી. રાજકારણના દરેક પ્રકારના પ્રવાહો – રાષ્ટ્રીય તેમ જ કોમવાદી સત્તાની શાંતિપૂર્ણ ફેરબદલી માટે પ્રયત્નશીલ હતા. પરંતુ અંગ્રેજો વિરોધી અને સામંતશાહી વિરોધી પ્રજાકીય સંઘર્ષના આંદોલને બ્રિટિશ સત્તાને જુદા પ્રકારના કાર્યક્રમ સાથે સીધો જ પડકાર ફેંક્યો.

આ એકમમાં 1945-47ના સમય દરમિયાન ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના વિવિધ આયામો અને કેટલાંક ગૂંચવણભરેલાં લક્ષણોની ચર્ચા કરીશું.

## 35.2 ભારત અને રાજની પશ્ચાદ્ભૂમિકા (Background : India and The Raj)

1945-47નાં વર્ષોને અગાઉના દાયકાઓમાં થયેલી રાજકીય ઘટનાઓની પરાકાષ્ઠા કહી શકાય. આ નિર્ણયાત્મક વર્ષોમાં થયેલી ઘટનાઓને સમજવા એની પૂર્વ ભૂમિકા સમજવી મહત્ત્વની થઈ પડે છે. મુખ્યત્વે તો બીજું વિશ્વયુદ્ધ, તેની અંગ્રેજ સરકાર પર અસર તેમ જ ભારતીય પ્રજા પર પડેલ પ્રભાવનાં તત્ત્વોએ કેટલીક ઘટનાઓને આકાર આપ્યો. આપણે સૌથી પહેલાં યુદ્ધની સરકાર પર પડેલી અસર, તેની નીતિઓમાં આવેલા ફેરફાર અને ભારતીય પ્રજાના જુદા જુદા વિભાગો પર પડેલા પ્રભાવ વિશે જાણીશું.

### 35.2.1 બીજું વિશ્વયુદ્ધ : ભારતીયો પર પ્રભાવ (Second World War :Impact on the Indians)

'ભારત છોડો' આંદોલનના જુવાળમાં આવેલી ઓટ અને ધરી સત્તાઓ (જર્મની, ઇટાલી અને જાપાન)નાં બીજા વિશ્વયુદ્ધમાં પરાજ્ય દરમિયાન - 1943થી 1945 સુધીમાં ભારતીય રાજકારણ દેખીતી રીતે શાન્ત હતું. પરંતુ આ શાન્ત સપાટીની નીચે એક અશાંત લાગણી દૃઢતાથી સતત વધતી જતી હતી જેમાં યુદ્ધથી ઊભી થયેલી લોકોની યાતનાઓ કારણભૂત હતી. રાજ (બ્રિટિશ સત્તા) આ અશાંત લાગણીને વિશે કંઈ કરી શકે તેમ નહોતું. પોતાની શક્તિનાં પ્રદર્શનો કર્યાં છતાં તે માત્ર આશા જ રાખી શકતું હતું કે આ આક્રોશને બીજે વાળી દઈ શકાય. અને તેથી જ એને માટે પહેલાંથી પણ વધારે પ્રયત્નો કરવા લાગ્યું.

લોકોને યુદ્ધને લઈને હાડમારી પડતી હતી તેનું મુખ્ય કારણ ભાવવધારો હતું. કેમ કે ભારતની (ખેતીની, તેમ જ ઔદ્યોગિક) પેદાશો સૈન્યની જરૂરતોને પૂરી કરવા માટે વપરાઈ જતી હતી, અને લોકોની જરૂરિયાતની ચીજોની આયાત ઘણી ઘટી ગઈ હતી (જે ઇંગ્લૅન્ડથી આવતી હતી). આ હાડમારીમાં વળી વધારો એટલો થયો કે સૈન્યના ખર્ચા માટે સરકાર પાસે પૈસા ન રહ્યા અને ભારતનું લેણું પૂરું કરવાની કોઈ શક્યતા નહોતી જણાતી. ભારતનું લેણું ખૂબ વધી ગયું હતું. દાખલા તરીકે, આપણે 1939 માંના ભાવોનો સર્વસામાન્ય આંક 100 ગણીએ તો નીચેના કોષ્ટકથી 1941-44 દરમિયાનમાં ભાવ-સપાટીમાં થયેલો વધારો સમજી શકાશે :

| વર્ષ | ચોખા | ઘઉં | કાપડ | ઘાસતેલ |
|---|---|---|---|---|
| 1939 | 100 | 100 | 100 | 100 |
| 1941 | 172 | 212 | 196 | 140 |
| 1942 | 218 | 232 | 414 | 194 |
| 1944 | 333 | 381 | 285 | 175 |

ભાવોને વધતા અટકાવવાના સરકારના પ્રયત્નોને લીધે તો ખુલ્લા બજારમાંથી માલ અદૃશ્ય જ થઈ ગયો, અને થોડા સમય પછી જ્યારે મોટે પાયે સંગ્રહ થઈ ચૂક્યો, ત્યારે ઘણા જ ઊંચા ભાવે તેનું વેચાણ કાળા-બજારમાં થવા લાગ્યું. આમ કૃત્રિમ રીતે પેદા થયેલી અછત સામાન્ય કારણોસર થતી અછતને વધારી મૂકતી હતી જે મિત્રરાજ્યોનાં સશસ્ત્ર દળોની જરૂરિયાતને પૂરી કરવામાં સતત ખર્ચાઈ જતી હતી. પ્રજાને રોજબરોજની ચીજો સાધારણ રીતે મળતી નહિ અને જો કોઈક અસાધારણ સંજોગોમાં જો તે બજારમાં આવતી, તોપણ સાધારણ માણસને તે પોષાય તેવા તેના ભાવ ન રહેતા. તે દરમિયાન સૈન્યને માટે, યુદ્ધ માટેના ઠેકેદારો, સંઘરાખોરો અને કાળા બજારિયાઓને પુરવઠો પૂરો પાડનારાઓને ઘીકેળાં હતાં. અને બીજી તરફ વપરાશકારો, અને ઉત્પાદકો અને કામદારો પણ અછતને લીધે કષ્ટદાયક સમય પસાર કરતા હતા. આવા અસંતુલિત નાજુક આર્થિક સંયોગોમાં હોનારતો થવાનો સંભવ વધી જતો હતો,

- જો આબોહવામાં અણધાર્યો પલટો આવે અને પાકોને નુકસાન પહોંચ્યું હોય;
- જો સરકારી ઑફિસરો જેમણે અન્નનો પુરવઠો એકત્ર કરવાનો હોય તેઓ પોતાનું કામ અવ્યવસ્થિત રીતે કરે અને સૈન્યને પુરવઠો પૂરો પાડનારાઓ વધુ પડતું અન્ન એકઠું કરી નાખે;
- અન્નનો પુરવઠો એક જગ્યાથી બીજી જગ્યાએ મોકલવાના અને વહેંચવાના કાર્યમાં પણ જો અવ્યવસ્થા થવા લાગે, અને
- જો સૈન્ય કોઈ વાર હુમલા કરનાર સૈન્યને ખાળવા "ધીકતી ધરાનીતિ" અપનાવે.

આવી કેટલીક અવ્યવસ્થાઓ ભેગી થવાથી તેની એકત્રિત અસરને લઈને ખરેખર એક ભયંકર દુઃખભર્યું પ્રકરણ બંગાળમાં 1943ના અંતના ભાગમાં રચાયું. – ખૂબ જ ભયંકર દુષ્કાળ ત્યાં પડ્યો, જે મોટે ભાગે માનવ-સર્જિત લાપરવાહીથી પેદા થયો હતો, અને ખાસ તો તદન બેકાળજી ધરાવતા રાજનો અધિકારી વર્ગ તેના માટે જવાબદાર હતો. – પરિણામે 30 લાખ માણસો ભૂખમરાથી મૃત્યુ પામ્યાં. ભારતના બાકીના

વિભાગોમાં ભલે દુષ્કાળ નહોતો પડ્યો, પણ તેમની સ્થિતિ બંગાળ કરતાં કંઈ બહુ સારી ન હતી. અને લગભગ બધે ગ્રામીણ વિસ્તારોમાં તેમ જ શહેરી વિસ્તારોમાં ખિન્નતા અને ગ્લાનિનું વાતાવરણ દેખાઈ આવતું હતું. આમ, 1945 સુધીમાં લોકોની કષ્ટમય જીવન સહેવાની શક્તિનો અંત આવી ગયો, અને કહેવાતું શક્તિશાળી રાજ આ પ્રવાહને ખાળવા કંઈ ખાસ કરી શક્યું નહીં.

### 35.2.2 બીજું વિશ્વયુદ્ધ : બ્રિટિશ સરકાર પર પ્રભાવ

**(Second World War : Impact on the British Government)**

આમ જુઓ તો મહાયુદ્ધમાં સંડોવાયેલા હોવાને લીધે અંગ્રેજો પણ ભારતની પરિસ્થિતિને પહોંચી વળવા માટે અસરકારક પગલાં લઈ શકે તેમ નહોતું. તેમનું બધું ધ્યાન યુદ્ધ પર કેન્દ્રિત હતું. તેથી તેઓને ફુરસદ પણ નહોતી, અને ઇચ્છા પણ નહોતી કે પ્રત્યાઘાતો માટે, પોતાનાં પગલાંઓ માટેની ભારતીય પ્રજાની પ્રતિક્રિયાઓનો અભ્યાસ કરે. છેવટે જ્યારે યુદ્ધનો અંત આવી ગયો ત્યારે રાજ તદ્દન અશક્ત થઈ ગયું હતું, થાકી ગયું હતું, અને તેને થોડા વિરામની જરૂર હતી જેથી તે ભારતની સ્થિતિને કંઈક વ્યવસ્થિત કરી શકે. આમ, પરિસ્થિતિ ઘણી બદલાઈ ચૂકી હતી :

- સૈન્યમાંના યુરોપના સૈનિકો હવે સેના બરખાસ્ત થાય એવી ઇચ્છા રાખતા હતા, જેથી તે સૈનિકો પોતપોતાને ઘેર પાછા ફરી શકે. તેઓને હવે ભારતમાં વધુ રોકાવું ન હતું.
- ઘણા અંગ્રેજોને હવે સૈન્યમાં કે વહીવટમાં પોતાની કારકિર્દી માટે ભારત આદર્શ જગ્યા લાગતી નહોતી. પોતાનાં વેપારી સાહસો માટે વિદેશ ખેડવા જેવું હવે ભારત રહ્યું નથી તેમ તેઓ માનવા લાગ્યા હતા.
- હવે કદાચ એ અનુકૂળ પણ નહોતું અને શક્ય પણ નહોતું – ખાસ કરીને ભારતીય પ્રજાની વિરોધી લાગણીને લીધે કે ભારતનો આર્થિક ઉપયોગ કરીને બધા વિરોધોને શાંત કરીને બ્રિટનના આંતરરાષ્ટ્રીય વેપારને આગળ ધપાવી શકાય.
- 1942માં પોતાની સત્તા ટકાવી રાખવા માટે અંગ્રેજોને જે બળનો ઉપયોગ કરવો પડ્યો હતો તે1945માં ફરીથી કરવો ઘણો મુશ્કેલ હતો, અને તે પણ જો ધાર્યા પ્રમાણે મોટે પાયે સામૂહિક વિરોધ થાય તો ફરી એક વાર 'ભારત છોડો' ચળવળની સામે થવાની માનસિક અને વાસ્તવિક તૈયારી હતી નહિ – અને તે જાણે હમણાં ફરીથી ઊભી થશે તેવી તેમને આશંકા હતી – 1942ની જેમ જ તે આશંકા હજી ઝળૂંબતી જ હતી.
- નાણાકીય રીતે ભારત હવે બ્રિટનનું દેવાદાર રહ્યું નહોતું. પોતાના શાસકીય ખર્ચ માટે તેણે બ્રિટન પર આધાર રાખવો પડતો નહોતો. એનાથી વિરુદ્ધ બ્રિટન ભારતનું દેવાદાર બન્યું હતું. તેણે 33 અબજ પાઉન્ડ ભારતને ચૂકવવાના હતા.
- વહીવટી રીતે બ્રિટિશ રાજ દરમ્યાન લોખંડી માળખા તરીકે વિખ્યાત પામેલી ઇન્ડિયન સિવિલ સર્વિસ પણ બીજા વિશ્વયુદ્ધના ગાળા દરમ્યાન સાવ ભાંગી ગઇ હતી.

બલકે હવે બ્રિટને જ અંધારપટનો અમલ થાય તેની તકેદારી રાખવામાં, ''પાંચમા કતારિયા''ને શોધી કાઢવા અને રોજબરોજ વધતા શાસકીય અને ન્યાયને લગતાં કાર્યોનાં બોજાને સહેવામાં ઇન્ડિયન સિવિલ સર્વિસના આ નાની સંખ્યાના અધિકારીઓની શક્તિઓ ઘણી તંગ થઈ ગઈ હતી. અને એમ જણાતું હતું કે જો આ પરિસ્થિતિ વધુ સમય લંબાશે તો તેમની શક્તિનો તદ્દન હ્રાસ થઈ જશે. આટલી વિષમ પરિસ્થિતિ ઓછી હોય તેમ આ સનદી સેવામાં જોડાવા કરતાં અંગ્રેજ નાગરિકો યુદ્ધની પ્રવૃત્તિઓમાં સામેલ થયા, અને સનદી સેવામાં તેમનો પ્રવેશ યુદ્ધની ચરમ ક્ષણે 1943થી બંધ થયો. – આમ તો એમણે તમાચો મારીને ગાલ લાલ રાખ્યો, છતાં રાજને બાકી રહેલા અધિકારીઓની નિષ્ઠા પર વિશ્વાસ રાખવો કપરો લાગે તે નિર્વિવાદ છે. તે સમયે 1940ની મધ્યમાં યુરોપિયન અધિકારીઓ લઘુમતીમાં હતા (587ની સંખ્યામાં હતા.) જ્યારે ભારતીયો 614ની સંખ્યામાં, એટલે કે બહુમતીમાં હતા અને અન્ય વલણો પણ રાજની વિરુદ્ધ દિશામાં બદલાતાં હતાં. સામ્રાજ્યવાદના ઉચ્ચતમ દિવસોનો બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ સાથે જ અંત આવી ગયો હતો, તેમ લાગતું હતું. માઉન્ટબેટનની અગાઉના વાઇસરૉય વેવેલે આ કપરી પરિસ્થિતિ માટે જેમ પછીથી કહ્યું તેટલું સંક્ષિપ્તમાં કદાચ કોઈ કહી નહીં શકે : 'આપણો હવે ભારતમાં સીમિત સમય છે, અને ઘટનાઓને કાબૂમાં રાખવાની શક્તિ હવે લગભગ ચાલી જ ગઈ છે.'

### 35.2.3 વિશ્વયુદ્ધનો અંત : બ્રિટિશ નીતિ (End of the War : The British Policy)

એવું જણાતું હતું કે કોઈ સામ્રાજ્ય ધરાવનાર દેશને હવે યુદ્ધ પછી કોઈ સંસ્થાન ઉપર સીધું શાસન કરવું સરળ ન હતું, તેમ નફાકારક પણ ન હતું. જેમાં તેના ફાયદાઓને વ્યવસ્થિત રીતે પોતાના તરફ વાળી શકાય. જોકે બીજા વિશ્વયુદ્ધને લીધે સામ્રાજ્યવાદનો અંત આવી ગયો તેવું કહી ન શકાય. પણ તેના ટકી રહેવાની શરૂઆત

થઈ એમ કહેવાય; અને તેનું પુનઃસંસ્કરણ નવા સામ્રાજ્યવાદ તરીકે થયું, એમ કહેવાય તે વધુ યોગ્ય છે.

> કોઈ એક દેશ અને તેની પ્રજાને હજી પણ વ્યવસ્થિત રીતે સંસ્થાનમાં બદલી નાખી શકાય. જેને આધારિત સત્તાકેન્દ્ર તરીકે જગ્યા આપી, આર્થિક રીતે દબાવમાં રાખીને યુદ્ધવ્યૂહરચનાની દૃષ્ટિએ ઉપયોગ કરી શકાય, અને આ બધું રાજકીય સ્વાતંત્ર્ય આપી દીધા પછી પણ તે હજી શક્ય હતું, જો તે પ્રજાની અખંડિતતા અને એકતામાં મોટું ભંગાણ પડે અને તેમનાં જુદાં જુદાં, નબળાં અને કઠપૂતળી જેવાં આજ્ઞાંકિત રાજ્યો સ્થાપવામાં આવે.

ભારતના સ્વાતંત્ર્યવીરો આ દોરીસંચાર કરનારાઓના હાથમાં નહીં રમે, અને યુદ્ધમાં સાવ થાકી-હારી ગયેલી પોતાની પ્રજા ફરીથી કદી વિશ્વબજારમાં ઊંચે સ્થાને નહીં આવી શકે તેવી શક્યતાઓ છતાં પણ અંગ્રેજ રાજકારણીઓ નવા પ્રકારનો સંસ્થાનવાદ ભારત પર લાદવાનું સ્વપ્ન જોતા રહ્યા. જોકે બ્રિટનને પણ એ આશા રાખ્યા વિના છૂટકો જ નહોતો. અને હજી પોતાનો પગ ભારતમાં ટકી રહે તે માટે શક્ય હોય તો ભારતીય ઉપખંડની પ્રજાને સ્વાતંત્ર્યના ધ્યેયથી દૂર કરી તેમને કોમવાદના વિભાજનના અને વિખવાદના માર્ગે વાળી દેવું બહેતર હતું. આ વિભાજન માટેનો રસ્તો ઘણી કાળજીપૂર્વક અગાઉથી જ તૈયાર કરી દેવામાં આવ્યો હતો, અને હવે લોકોને તે માર્ગે આગળ ધપવા ઉશ્કેરવાના જ હતા.

વૈવિધ્ય ધરાવતી પ્રજાના અલાયદાપણાને અગાઉ પોતાનાં સામ્રાજ્યવાદી હિતોને વધારવા જેમ મહત્ત્વ આપ્યું હતું તેમ આ વખતે પણ બ્રિટનને પોતાની પીછેહઠને પણ સાચવી લેવા માગતું હતું. લોકોમાં વિભાજનની ભાવના પેદા કરવા માટે વપરાતા શબ્દોમાં હતા - બ્રિટિશ શાસનના ભારતીયો અને અન્ય ભારતીયો; લડાયક પ્રજા અને બિન-લડાયક પ્રજા; શહેરી પ્રજા અને બિન-શહેરી પ્રજા; બ્રાહ્મણો અને બિન-બ્રાહ્મણો વગેરે પરંતુ જે તફાવતને સૌથી વધારે મોટો કરીને બતાવાતો હતો અને રાજકીય રીતે ઉપયોગ કરાતો હતો, તે હતો સાથે સાથે ભાઈચારાથી રહેતા બે ધર્મોના અનુયાયીઓનો – હિંદુ અને મુસ્લિમોનો, અથવા બીજા શબ્દો વપરાતા તે હિંદુ બહુમતી અને મુસ્લિમ લઘુમતી અને જે શબ્દોએ ધાર્યું નિશાન માર્યું. ઘણી જ ચતુરાઈ અને તરકટી રીતે રાજે બન્ને કોમોને જાહેર સાર્વજનિક બાબતોમાં એકબીજાની વિરુદ્ધ ખડી કરી દીધી હતી, જેમ કે મુસ્લિમ લીગને મુસ્લિમોના એકમાત્ર પ્રતિનિધિ પક્ષ તરીકે સ્વીકારીને, રાષ્ટ્રીય કૉંગ્રેસ સાચા અર્થમાં રાષ્ટ્રીય હોવા છતાં તે વધુ 'હિંદુ' હોવાની બાબતમાં શંકા પેદા કરીને, અને કૉંગ્રેસની સામે લીગનો રાજકીય 'સંતુલન' જાળવવામાં ઉપયોગ કરીને (કૉંગ્રેસ જ્યારે 'ભારત છોડો' આંદોલન ચલાવી રહી હતી ત્યારે તેની રાજકારણમાંની ગેરહાજરી દરમિયાન) મુસ્લિમ લીગે કરેલી પાકિસ્તાનની માગણીનો સ્વીકાર કરીને બંધારણીય વાટાઘાટોમાં કૉંગ્રેસના બધા પ્રયત્નો નાકામયાબ કરીને પાછળના દરવાજે રાજે લીગને યુદ્ધની શરૂઆતનાં વર્ષોમાં કેટલાક પ્રાન્તોમાં મંત્રીમંડળો રચવાની છૂટ આપી. તેના અંગ્રેજ અધિકારીઓ પણ કાવાદાવા અને લાગવગના જોરે મુસલમાનોમાં લીગનું મહત્ત્વ વધારતા ગયા – આ બધાં પગલાંઓથી જણાય છે કે ભવિષ્યમાં સામ્રાજ્યવાદ વિરોધી આંદોલનો દબાવી દેવા રાજે તૈયારી કરી મૂકી હતી.

### 35.2.5 કૉંગ્રેસ અને મુસ્લિમ લીગ (Congress and the Muslim League)

પાકિસ્તાનની રચના માટેની ચળવળને જોર પકડતી રોકવા, આ બાજુ, રાષ્ટ્રીય નેતાઓ ખાસ કંઈ કરી શક્યા નહિ. કોમવાદને તેમણે ડામવા તેને વખોડવા, અવગણના કરવા અને તેને ઉશ્કેરનાર લીગની જરીપુરાણી સામંતશાહી નેતાગીરીની ટીકા કરવા સિવાય બીજાં કોઈ પગલાં લીધાં નહિ, અને તેથી તેનો વિકાસ અટકાવી શક્યા નહિ, કેમ કે :

- લીગની પકડમાંથી મુસ્લિમ પ્રજાને મુક્ત કરવા અને તેના આકર્ષણમાંથી છોડાવવા તેમણે કોઈ ગંભીર અને નક્કર પગલાં લીધાં નહિ,
- તેમની ભાષા જેમાં 'વંદે માતરમ્' 'રામ રાજ્ય' વગેરે શબ્દોથી તો મુસ્લિમ લીગ તેમની જ વિરુદ્ધમાં ટીકા કરી મુસ્લિમ પ્રજામાં 'હિંદુ'ઓ વિરુદ્ધ પ્રચાર કરતા હતા.

રાષ્ટ્રીય દૃષ્ટિકોણથી સૌથી ખરાબ અને તેમનો ઉચ્ચ અપેક્ષાઓની વિરુદ્ધમાં જો કોઈ વસ્તુ હોય તો તે રાજના ઓછાયા અને આશ્રય નીચે લીગને કોઈ રાજકીય ફાયદો થતો હતો તે નહોતી. (કેમ કે 1945ની શરૂઆતમાં કૉંગ્રેસે ફરીથી પોતાનાં મંત્રીમંડળો સંભાળ્યાં ત્યારે ઉત્તર પશ્ચિમ સરહદી પ્રાંત અને બંગાળમાં તો લીગની સત્તાનો સાવ જ અંત આવ્યો, અને સિંધ અને આસામમાં તે થોડા અંશે ટકી રહી.) પરંતુ કરુણતા એ હતી કે પાકિસ્તાનની યોજના –મુસ્લિમોનું એકમાત્ર આશ્રયસ્થાન'ના વિચાર – પ્રત્યે વધુ ને વધુ મુસ્લિમો આકર્ષાતા ગયા.

(1) શિક્ષિત મુસ્લિમ મધ્યમવર્ગે અને મુસ્લિમ વેપારી વર્ગે ભારતીય ઉપખંડના ભાગલાને આવકારવાની

શરૂઆત કરી, જેથી (તેમના મતે) તેમને એક ભાગ એવો મળે, જેમાં તેઓ જૂનાં અને મોટાં મોટાં હિન્દુ વેપારી જૂથો અને વ્યવસાયીઓ સાથે જે અસમાન સ્પર્ધા થતી હતી તેમાંથી મુક્ત થાય.

(2) હિન્દુ 'બનિયા' અને જમીનદારોના શોષણથી પંજાબ અને બંગાળના ખેડૂતો વ્યગ્ર થતા જતા હતા. ભવિષ્યમાં મુક્ત પાકિસ્તાનમાં જ તેઓને ધંધા અને રોજગારી માટે તક મળવાની શક્યતા હતી. હકીકતમાં અને કલ્પિત રીતે, લીગના ટેકેદારો આમ ભારતીય મુસ્લિમોમાં વધતા જતા હતા. આથી જ લીગના સર્વોચ્ચ નેતા મહમ્મદ અલી ઝીણા, જેને અંગ્રેજોનો નક્કર ટેકો મળવાની તક પ્રાપ્ત થઈ હતી, તે ધીમે ધીમે વધારે જિદ્દીવલણ રાખતા થયા, અને કૉંગ્રેસની કોઈ દલીલને ન ગણકારી. 1944માં જ આ વાતની પ્રતીતિ થઈ ગઈ હતી, જ્યારે ગાંધીજીએ ઘણે મોડે મોડેથી પણ લીગ સાથે સમાધાન કરવાની પહેલ કરી ત્યારે તેમના પ્રયત્નોને ઝીણાએ અસફળ કરી દીધા, અને સહેજ પણ મચક ન આપી. તેમની આ પાકિસ્તાનની રચનાની જીદ (જેમાં તે મુસ્લિમ બહુમતીવાળા સિંધ, પંજાબ, બલુચિસ્તાન, ઉત્તરપશ્ચિમી સરહદ પ્રાન્ત, બંગાળ અને આસામના પ્રાંતોનો સમાવેશ કરવા ઇચ્છતા હતા) એટલી હદે વધી હતી કે તેની રચના માટે કદાચ આખા ભારતનું સ્વાતંત્ર્ય જોખમાય તોપણ તેમને તેની સહેજ પણ પરવા ન હતી.

આ પરિસ્થિતિ અંગ્રેજોનાં હિતોને ઘણી માફક આવી. તેઓ તેનો ઉપયોગ યુદ્ધ બાદના સમયમાં ભારતમાં પોતાનું સામ્રાજ્ય ચાલુ રાખવા કરી શકે, અને છેવટે કાંઈ નહિ તો ભારતને છિન્ન ભિન્ન કરીને છોડી શકે, જે તેમને લાંબા ગાળાની દૃષ્ટિએ ઉપયોગી પુરવાર થાય તેમ હતું. સામાન્ય વ્યક્તિ-પુરુષ અથવા સ્ત્રીને ગમે નહિ, તેમનાં સ્વપ્નો અને આશાઓને નષ્ટ કરે એવું હોવા છતાં, કોમવાદ ગૂંચ અને પાકિસ્તાનની બાબત 1945 અને 1947 દરમિયાન ભારતના રાજકારણમાં ધ્યાનાકર્ષક બની ગઈ. કટોકટીનાં આ વર્ષો દરમિયાન બે સમાંતર પ્રવાહો સ્પષ્ટ જણાય છે :

(1) ભારતના રાજકીય ભવિષ્ય અંગે ઉચ્ચ કક્ષાએ વાટાઘાટો દ્વારા કૉંગ્રેસ, લીગ અને રાજ દ્વારા પ્રયત્નો;
(2) અંગ્રેજો અને તેના સ્થાનિક ટેકેદારો સામે ભારતીય પ્રજાની વિરોધી લાગણી પ્રદર્શિત કરતાં છમકલાં.

આ બન્ને પ્રવાહો કદી ભેગા ન થયા, છતાં એક બીજાને આકર્ષિત કરતા રહ્યા અને સાથે સાથે વિચલિત પણ કરતા રહ્યા. આમ જોઈએ તો આ બન્ને પ્રવાહોએ સાથે જ ઇતિહાસ રચ્યો, જેનાં ત્રણ વર્ષોના અંતે પરાકાષ્ઠારૂપે ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ અને સાથે જ વિભાજન પણ થયું.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) નીચેનાં વિધાનો વાંચી સાચાં (✓) અથવા ખોટાં (✗)ની નિશાની કરો :

(1) વિશ્વયુદ્ધ પછી જુદી જુદી ચીજોની ભાવસપાટી ઝડપથી વધી ગઈ.
(2) વિશ્વયુદ્ધને કારણે ભારતની રાજકીય પરિસ્થિતિને અંગ્રેજો અસરકારક રીતે પહોંચી વળી શક્યા નહિ.
(3) ઇન્ડિયન સિવિલ સર્વિસમાં 1940 પછી અંગ્રેજ ઑફિસરોનું પ્રમાણ વધ્યું.
(4) હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચેની ખાઈ અંગ્રેજોએ પુરવાનો પ્રયત્ન કર્યો.
(5) પાકિસ્તાનની માગણીને મુસ્લિમ વેપારી વર્ગે ટેકો આપ્યો.
(6) પંજાબ અને બંગાળમાં 'બનિયા' અને જમીનદારો મુસ્લિમ ખેડૂતોનું શોષણ કરતા હતા.

(ખ) હિન્દુ અને મુસ્લિમ વચ્ચેની રાજકીય દુશ્મનાવટને અંગ્રેજોએ કઈ રીતે ચાલુ રાખી ? પાંચેક લીટીમાં ઉત્તર આપો.

---------------------------------------------------------------
---------------------------------------------------------------
---------------------------------------------------------------
---------------------------------------------------------------
---------------------------------------------------------------

## 35.3 વાટાઘાટો દ્વારા સમજૂતી માટેના પ્રયત્નો

## (Attempts at a Negotiated Settlements)

એક વાર યુદ્ધનું પરિણામ પોતાની તરફેણમાં આવતું જણાયું ત્યારે 1944ના અંત ભાગમાં અંગ્રેજોને લાગ્યું

કે 'ભારત છોડો' આંદોલન પછીની રાજકીય પરિસ્થિતિને ભારતમાં ચાલુ રહેવા દેવી જોઈએ નહીં. તેમને ખ્યાલ આવી ગયો કે માત્ર બળ દ્વારા લાંબા સમય સુધી ભારત પર કબજો રાખી શકાશે નહીં. જો યુદ્ધ પછીની આર્થિક મુશ્કેલીઓ અને બેરોજગારીના સંજોગોનો ઉપયોગ ભવિષ્યમાં રાષ્ટ્રીય નેતાઓ ન કરે તે નિશ્ચિત કરવું હોય, અને એ વિસ્ફોટક પરિસ્થિતિનો લાભ તેઓ ન લઈ શકે તે માટે પણ જેલમાં પૂરેલા કૉંગ્રેસના નેતાઓ સાથે સરકારે વાટાઘાટ ચાલુ કરવી જરૂરી હતી. વેવેલના મતે કૉંગ્રેસ અને તેના સાથીઓની શક્તિને ચળવળમાં વેડફી નાખવાને બદલે "કોઈ ફાયદાકારક માર્ગે વાળવી જોઈએ, જેમ કે ભારતના વહીવટી પ્રશ્નોનો ઉકેલ આણવા, અને બંધારણીય ગૂંચોનો પણ ઉકેલ આણવા." જ્યાં સુધી યુદ્ધનો અંત નિશ્ચિત થઈ ન ગયો (ને 1945માં જર્મનીએ શરણાગતિ સ્વીકારી) ત્યાં સુધી ચર્ચિલ અને તેના સાથીઓએ આ દિશામાં કોઈ વિચાર નહીં જ કરવાની જીદ પકડી હતી, અને બ્રિટનમાં યુદ્ધકાળની મિશ્ર સરકારે ત્યાર પછી ચૂંટી કાઢેલી સરકારને માટે સત્તાસ્થાન ખાલી કરવાનું હતું.

### 35.3.1 સિમલા પરિષદ (The Simla Conference)

છેવટે બ્રિટિશ સરકારની અનુમતિથી વાટાઘાટો માટે માર્ગ ખુલ્લો થયો. વાઇસરૉય વેવેલે 14 જૂન, 1945ના રોજ કૉંગ્રેસ કાર્યવાહી સમિતિના સભ્યોને મુક્ત કરવાનો હુકમ કર્યો; અને અન્ય નેતાઓ સાથે તેમને, ખાસ કરીને લીગના સભ્યો સાથે, સિમલામાં એક પરિષદ માટે નિમંત્રણ આપ્યું. એ પરિષદ 24મી જૂનથી 14મી જુલાઈ, 1945 સુધી ચાલી. તેમાં કેન્દ્રમાં એક કાઉન્સિલની રચના – જેમાં મુખ્યત્વે બધા જ ભારતીયો હોય, સિવાય કે કાઉન્સિલના અધ્યક્ષ તરીકે વાઇસરૉય અને સેનાધ્યક્ષ હોય, કાઉન્સિલના કાર્ય ઉપર વાઇસરૉયની દેખરેખ હોય. આ કાઉન્સિલમાં અંગ્રેજો અને લીગના શબ્દોમાં 'સવર્ણ હિન્દુ' અને મુસ્લિમોને સરખે ભાગે પ્રતિનિધિત્વ મળે, અને ચાલુ બંધારણીય માળખામાં રહીને તે કાર્ય કરે, અને ધારાસભાને જવાબદાર હોય.

હકીકતમાં તો અંગ્રેજો નવા બંધારણ માટે વાટાઘાટો કરવા યુદ્ધના અંત પછી જ, અને આનાકાની સાથે તૈયાર થયા હતા. આ પરિષદમાં હાજરી આપવા છતાં કૉંગ્રેસે સ્વાભાવિક રીતે જ પોતાને 'સવર્ણ' 'હિંદુ' પક્ષ તરીકે ઓળખાવવાની ના પાડી, અને પોતાના ધર્મનિરપેક્ષ અને રાષ્ટ્રીય સ્વરૂપને પ્રાધાન્ય આપ્યું. તેથી જ પોતાના સભ્યોમાંથી કોઈ પણ કોમના નેતાને પ્રતિનિધિ તરીકે ચૂંટવાનો અધિકાર રાખ્યો. જેમાં મુસ્લિમો પણ હોય, (અબુલ કલામ અને અબ્દુલ ગફારખાન આ રીતે સિમલા પરિષદમાં કૉંગ્રેસના પ્રતિનિધિઓ તરીકે હાજર રહ્યા હતા.) મુસ્લિમ લીગે ખૂબ જ જિદ્દી વલણથી (હકીકતને આધારે નહીં) એવો દાવો કર્યો, કે એ જ એક એવો પક્ષ છે જે પ્રત્યેક ભારતીય મુસલમાનનું પ્રતિનિધિત્વ કરે છે. તેણે કૉંગ્રેસના ધર્મનિરપેક્ષતાના દાવાનો વિરોધ કર્યો. અને કાઉન્સિલના બધા જ મુસ્લિમ સભ્યો ચૂંટવા માત્ર એ જ પક્ષ અધિકારી છે તેવો દાવો રજૂ કર્યો.



**14. સિમલા ખાતે ગાંધી**

આ દાવાથી વાઇસરૉય પણ કફોડી પરિસ્થિતિમાં મુકાઈ ગયા, કેમ કે એમને પણ લાગતું હતું કે વફાદાર

એવા મુસ્લિમ યુનિયનના સભ્યો, અથવા પંજાબમાં જેઓ સત્તા પર હતા અને જેમણે લીગની સાથે કોઈ સમાધાન કર્યું ન હતું તેવા સભ્યોને પણ કંઈક પ્રતિનિધિત્વ મળવું જરૂરી હતું.

આટલાથી સંતુષ્ટ ન થતાં લીગે વધારે માગણી મૂકી કે તેને કોમવાદી વીટોની સત્તા આપવામાં આવે. એ મુજબ કોઈ પણ મુસ્લિમોને લગતા પ્રશ્નને માટે, જેનો મુસ્લિમો વિરોધ કરતા હોય કે જે મુસ્લિમોનાં હિતોની વિરુદ્ધ જતા હોય તે પ્રશ્ન અંગેનો નિર્ણય બે તૃતીયાંશ બહુમતીથી કાઉન્સિલમાં લેવાય. કૉંગ્રેસે વેવેલના પ્રસ્તાવ મુજબ કાઉન્સિલમાં જોડાવાની તૈયારી બતાવી અને લીગને પછીથી જોડાવું હોય તો જોડાય તેવો વિચાર દર્શાવ્યો; પરંતુ લીગના હઠાગ્રહને ટેકો આપવાના ઇરાદાથી વેવેલે કૉંગ્રેસના સ્વીકારને અવગણીને પોતાનો પ્રસ્તાવ જ પાછો ખેંચી લીધો, અને સિમલા પરિષદને ઓચિંતી બરખાસ્ત કરી. આ પછીના બનાવો ધ્યાનમાં લેતાં જણાય છે કે વેવેલનું આ પગલું લીગના દાવાનું સત્તાવાર રીતે સમર્થન કરતું હતું અને તેથી લીગનો દરજ્જો લોકોની દૃષ્ટિમાં ખૂબ વધી ગયો. એક રીતે તેમણે લીગને ભવિષ્યમાં જે વાટાઘાટો તેને પસંદ ન પડે તેમાંથી નીકળી જવાની સ્વતંત્રતા, એ સત્તા આપી ગણાય. આમ, ત્યાર પછીની મહત્ત્વની વાટાઘાટોમાં લીગની સંમતિ આવશ્યક ગણાવા લાગી.

### 35.3.2 લેબર પાર્ટી ઇંગ્લૅન્ડમાં સત્તારૂઢ (The Labour in Power)

સામાન્ય ચૂંટણીમાં બ્રિટનની 'લેબર પાર્ટી' (મજૂર પક્ષ) જુલાઈ 1945માં સત્તા પર આવી. ભારતના પ્રશ્નોનું હવે કંઈક સમાધાન થશે તેવી આશાઓ હવે જાગી. ભારતની સ્વતંત્રતાની તરફેણમાં આ પક્ષની સહાનુભૂતિ જાણીતી હતી, અને તેના નેતાઓએ જો તેઓ સત્તા પર આવશે તો ભારતને સ્વતંત્રતા આપી દેશે તેવી ઘોષણાઓ પણ કરી હતી. છેક 24 જૂન, 1938થી મજૂર પક્ષના નેતાઓ (ક્લીમેન્ટ એટલી, એનુરિયન બેવન, સ્ટ્રેફોર્ડ ક્રિપ્સ અને હેરોલ્ડ લાસ્કી) જવાહરલાલ નેહરુ અને વી.કે. મેનનને લંડન નજીક ફિલ્કીનમાં મળ્યા ત્યારે જણાવ્યું હતું કે જો તેઓનો પક્ષ બ્રિટનમાં સત્તા પર આવશે તો તેઓ સાર્વત્રિક મતાધિકારને આધારે ચૂંટાયેલી બંધારણ સભા દ્વારા ઘડાયેલ ભારતના બંધારણનો સ્વીકાર કરશે. તેમણે સત્તાની ફેરબદલી કરી અંગ્રેજોના હાથમાંથી લઈ ભારતીયોને સોંપવાની પણ તૈયારી બતાવી. મજૂર પક્ષનું ભારતીય સ્વતંત્રતાના પક્ષે એટલું સ્પષ્ટ વલણ હતું; અને તે પક્ષની ચૂંટણીમાં સફળતા એટલી સ્પષ્ટ હતી કે વાઇસરૉય પણ ડરી ગયા હતા કે નવા બ્રિટિશ સત્તાધારકો ''પોતાના કૉંગ્રેસીની મિત્રોને બને એટલા જલદીથી'' ભારતની સત્તા સોંપી જ દેશે. વેવેલ પહેલાં જે ન સમજી શક્યા, પણ સમજ્યા પછી મનોમન ખુશ થયા એ બાબત એ હતી કે મજૂરપક્ષે જે ઉત્સાહ વચનો આપવામાં બતાવ્યો હતો કે સત્તા પર આવ્યા પહેલાંનો હતો, અને સત્તા પર આવ્યા પછી એ તે જ સ્વરૂપમાં ન હોઈ શકે. પોતાના આદર્શોમાં મૂળભૂત તફાવતો હોવા છતાં વ્હીગ અને ટોરી પક્ષો ભૂતકાળમાં ભારતીય સામ્રાજ્ય પ્રત્યેની નીતિ અંગે, (અને એમ જુઓ તો ટોરી અને લિબરલ પક્ષોમાં પણ આદર્શો અંગે તફાવતો તો હતા જ, છતાં-) ભારત પ્રશ્ન અંગે જો બહુ જુદું વલણ નહોતા રાખતા, તો પછી એ વલણમાં મજૂર પક્ષ પણ ઘણા રૂઢિચુસ્તો, અમલદારો અને બ્રિટનનાં સ્થાપિત હિતો સાથે બ્રિટનને વધારે ફાયદો થાય તે રીતે તેમની ભારતમાંની સત્તાનો અંત લાવવા સંમત કેમ ન થાય ? ભલેને પછી તેના આદર્શોમાં સમાજવાદી નીતિઓનો સમાવેશ થતો હોય! આમ જુઓ તો બેકાબૂ બની ગયેલ સંસ્થાનને મુક્તિ આપવાનું કાર્ય કોઈ રીતે સામ્રાજ્યવાદી તો ન જ કહી શકાય ને? ભલે તેને વિભાજિત કરી, અશક્ય બનાવી વધુ ને વધુ શોષણ કરવાથી નવા સામ્રાજ્યવાદનું સમર્થન કરવાનું આવે. દેખીતી રીતે જ મજૂર પક્ષને એ બાબત અંગે કોઈ ખટકો ન હતો, કારણ કે રૂઢિવાદીઓ અને અંગ્રેજ અમલદારોની જેમ તેઓ પણ ઇચ્છા ધરાવતા હતા કે :

- કોમવાદીઓને બીજા બધા ભારતીયોને બાનમાં રાખવાની છૂટ આપવામાં આવે,
- પશુબળથી લોકજુવાળજનિત સંઘર્ષો દાબી દેવાય,
- બ્રિટનના વિદેશોમાંનાં હિતોના રક્ષણ માટે અતિ સજાગ રહેવું, અને
- હિંદી-ચીન અને જાવામાં અનુક્રમે ફ્રેન્ચ અને ડચ સામ્રાજ્યવાદને ટકાવી રાખવા ભારતીય-અંગ્રેજી સૈન્યનો ઉપયોગ કરવામાં આવે.

સમગ્ર અભિગમને સુસંગત વલણ મુજબ એટલી સરકારે શરૂમાં અગાઉની સરકારો કરતાં કોઈ નવાં પગલાં ભર્યાં નહીં. અને જે લીધાં તેમાં પણ મજૂર પક્ષની કોઈ વિશિષ્ટ છાપ ન હતી. 21 ઑગસ્ટ, 1945ના રોજ 1945-46ના શિયાળુ સત્રમાં ભારતીય ધારાસભાઓની ચૂંટણી યોજવાનો વાઇસરૉયને હુકમ થયો. કેન્દ્રમાં તો ચૂંટણીઓ ઘણા લાંબા સમય પછી થવાની હતી (છેલ્લી ચૂંટણીઓ 1934માં થયેલી), અને પ્રાંતોમાં પણ તેવી જ સ્થિતિ હતી. (છેલ્લી 1937માં ચૂંટણી થઈ હતી.) આ પગલું તે ઉપરાંત બંધારણની શતરંજમાંની જ એક ચાલ ચાલવાનું હતું. વાટાઘાટોના નામે ઝઘડા, ટંટોફિસાદ, મતભેદો વધારવાની તક આપવાની હતી. વાઇસરૉયને 19મી સપ્ટેમ્બર, 1945ને દિવસે તાકીદ પણ કરાઈ, કે ''વહેલી તકે સ્વશાસન''ના વચનનો

અમલ કરવાનો છે. (પરંતુ આ હુકમમાં 'સ્વતંત્રતા' શબ્દનો ઉપયોગ ટાળવામાં આવ્યો હતો.) અને તેથી પ્રજાના ચૂંટેલા ધારાસભ્યો અને દેશી રાજ્યોના પ્રતિનિધિઓ સાથે બંધારણસભાની રચના અંગે તેના દ્વારા નવી બંધારણ વ્યવસ્થા માટેના પ્રયત્નો કરવા ફરી એક વાર વાઇસરૉયની કારોબારી સમિતિમાં જેનાં નામો મુખ્ય ભારતીય પક્ષોમાંથી આવ્યાં હોય તેવા સભ્યોને સામેલ કરવાની બાબત વિચારવી. (અહીં સહજતાથી જાણે કે ''સાર્વત્રિક મતાધિકાર''ને આધારે બંધારણસભા રચવાનું વચન ભૂલાઈ ગયેલું લાગે છે!) એટલી સરકારની પ્રતિક્રિયાવાદી ભારતીય નીતિ વિશે તેમના પક્ષના જ સિદ્ધાન્તવાદી હેરોલ્ડ લાસ્કીએ દુ:ખ સાથે આ પ્રમાણે જણાવ્યું :

> ''બધી જ બ્રિટિશ નીતિમાં, પછી તે (એટલીની અધ્યક્ષતા હેઠળની) મિશ્ર સરકાર હોય તો પણ, એક નોંધપાત્ર અને લાક્ષણિક વસ્તુ છે ભારતને સંપૂર્ણ દૃષ્ટિએ અને ખરેખર વાસ્તવમાં સ્વતંત્રતા માટે મદદ કરવાની ઇચ્છાનો અભાવ ભારતના અમુક અંશે સાચા અને અમુક અંશે કપોળ કલ્પિત કોમવાદી તફાવતોનો વધુ પડતો ઉપયોગ બ્રિટિશ સ્વાર્થો માટે થાય છે, અને આ તફાવતો અમુક અંશે આપણે જ ઊભા કર્યા છે અને અમુક અંશે આપણે જ એનો ફાયદો ઊઠાવીએ છીએ... દેશી રાજાઓ પ્રત્યે જાણે આપણી બહુ પવિત્ર જવાબદારી હોય તેમ તેમની પણ લગભગ પૂજા કરતા હોઈએ એવું વધુ પડતું વલણ આપણે રાખીએ છીએ.''

### 35.3.3. ચૂંટણીઓ તથા કૅબિનેટ મિશન (Elections and the Cabinet Mission)

1945-46ના શિયાળામાં ચૂંટણીઓ યોજવામાં આવી. ચૂંટણીના સમય સુધીમાં સુધીમાં પરિષદથી મળેલા ટેકાને લીધે અને પાકિસ્તાનનું દિવાસ્વપ્ન દેખાડી દેખાડીને આકર્ષવાની નીતિને લીધે હવે મુસ્લિમ લીગ દેશના મુસ્લિમ મતદારોમાં પોતાનું આગવું સ્થાન જમાવવા સક્ષમ થઈ ગઈ હતી. મુસલમાન વેપારીઓ અને મધ્યમવર્ગને ''મુસલમાનોંકી હુકૂમત'' અને મુસલમાનોને તેમના આત્મનિર્ણય (Self-determination) ના હક્કની લાલચો ''ઇસ્લામ ભયમાં છે'' એવા ધાર્મિક લાગણીને ઉત્તેજિત કરતાં સૂત્રોમાં ઉમેરવામાં આવ્યાં. સ્વતંત્રતા હવે મળવાની જ છે એવી ધારણાથી લોકોમાં કૉંગ્રેસની લોકપ્રિયતા ઘણી વધી ગઈ હતી તેમ છતાં ધાર્મિક સૂત્રોના આવેશના વાતાવરણમાં તે મોટા ભાગના મુસલમાનોને પહેલાંની જેમ આકર્ષી શકી નહિ. ચૂંટણીનાં પરિણામોથી, અને ખાસ કરીને કૉંગ્રેસ અને લીગને મળેલી બેઠકોનું પ્રમાણ તપાસતાં, જણાઈ આવે છે કે આ બધાં પરિબળો કેવાં કામ કરતાં હતાં.

સામાન્ય (બિન-મુસ્લિમ) નિર્વાચનક્ષેત્રોમાંથી કૉંગ્રેસને અપ્રતિમ સફળતા પ્રાપ્ત થઈ; તેને કુલ મતમાંથી 91.3 ટકા મત મળ્યા, અને 102માંથી 57 બેઠકો કેન્દ્રીય ધારાસભામાં અને પ્રાંતીય ક્ષેત્રે પણ સિંધ, પંજાબ અને બંગાળ સિવાયની દરેક ધારાસભાઓમાં બહુમતી મળી હતી. પરંતુ મુસ્લિમ મતદારમંડળને સરકારે આપેલી અલગ મહત્તાને કૉંગ્રેસના વિજયો ખાળી ન શક્યા વાટાઘાટોની અધ્યક્ષતા જેમણે સંભાળવાની હતી તે અંગ્રેજોના દૃષ્ટિકોણથી કૉંગ્રેસને મળેલો અભૂતપૂર્વ વિજય અને તેને લોકો દ્વારા સોંપાયેલો ટેકો અને વિશ્વાસ મહત્ત્વનાં ન હતાં બલ્કે એ જોવું જરૂરી અને મહત્ત્વનું હતું કે મુસ્લિમ મતદારોને પોતાની તરફેણમાં યેનકેન પ્રકારેણ- ઘોંચપરોણા કરીને પણ - મુસ્લિમ લીગ પોતાની તરફ ખેંચી લાવે. એમ જણાય છે કે આ બાબતમાં આશ્ચર્યજનક રીતે લીગને સફળતા પણ મળી. તેને મુસ્લિમ કોમના 86.6 ટકા મત મળ્યા; કેન્દ્રીય ધારાસભામાં મુસ્લિમોને ફાળવાયેલી ત્રીસે ત્રીસ બેઠક લીગને મળી; અને પ્રાંતોમાં પણ 509 મુસ્લિમ બેઠકોમાંથી 442 બેઠકો લીગને મળી. આ બધી સિદ્ધિઓ છતાં લીગને જે પ્રાન્તોમાંથી પાકિસ્તાનની રચના કરવી હતી, જેમાં વસ્તીનો મોટો ભાગ મુસ્લિમ હતો તેવા પ્રાન્તોમાં સ્વરાજ મેળવી શકી નહોતી તે નોંધવું જોઈએ. ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંત (NFWP) અને આસામમાં તો કૉંગ્રેસે જ બહુમતી મેળવી, અને પંજાબમાંથી મુસ્લિમ યુનિયનીસ્ટ પક્ષને ઉખેડવામાં લીગ અસમર્થ પુરવાર થઈ. બંગાળ અને સિંધમાં, જ્યાં લીગને મંત્રીમંડળ રચવાની જવાબદારી આવી હતી, ત્યાં પણ યુરોપિયનો અને સરકારના ટેકાને લઈને જ તે ટકી શકે તેમ હતી. ખરું જોતાં તો અખંડ ભારતમાં લીગને મુસલમાનો કેટલો ટેકો ખરેખર આપતા હતા એ બાબત ચકાસાઈ જ ન હતી. ચૂંટણીનાં નિર્વાચન ક્ષેત્રો બનાવતી વખતે કોમવાદને અનુસરીને જુદાં જુદાં મતદાર મંડળો રચાયાં હતાં, એટલું જ નહીં, મુસ્લિમોને રાષ્ટ્રના મુખ્ય પ્રવાહથી વેગળા રાખવા માટેના ઘણા પ્રયત્નો પણ કરવામાં આવ્યા હતા, જેમ કે એવા નિયમો ઘડવામાં આવે કે બહુ સીમિત સંખ્યામાં - માંડ દસ ટકા જેટલા-મુસલમાનોને મતાધિકાર મળે. જો પુખ્ત વયના આધારે સાર્વત્રિક મતાધિકારના નિયમથી આ ચૂંટણીઓ કરવામાં આવી હોત તો શું થાત, તે કહેવું ઘણું મુશ્કેલ છે. કારણ કે 1952માં કૉંગ્રેસને મળેલી અભૂતપૂર્વ સફળતાથી અને પૂર્વ પાકિસ્તાનમાં લીગને મળેલી નિષ્ફળતાઓથી, તથા ત્યાર બાદ પશ્ચિમ પાકિસ્તાનમાં સત્તા જાળવી રાખવામાં તેને નડેલી મુશ્કેલીઓથી લીગની મર્યાદાઓનો ખ્યાલ આવે છે.

સીમિત ચૂંટણીઓ દ્વારા મુખ્ય પક્ષોના જે પ્રમાણમાં વિજયો થયા તે અંગ્રેજોની અપેક્ષા પ્રમાણે જ હતા. અને

હવે એટલી સરકારે વાટાઘાટો કરવામાં જરા પણ સમય ન ગુમાવ્યો. પેથિક લોરેન્સ હિંદી વજીર; સર સ્ટ્રેફોર્ડ ક્રિપ્સ વ્યાપાર-પ્રધાન, અને શ્રી એ. વી. એલેકઝાન્ડર – નૌકા પ્રધાન – એ ત્રણ સભ્યોનું બનેલું, ઉચ્ચ સત્તા ધરાવતા પ્રતિનિધિઓનું એવું એક મંડળ ભારત મોકલવામાં આવ્યું; જેનું કાર્ય ભારતના રાજકીય પક્ષો સાથે મંત્રણાઓ કરી શાંતિપૂર્ણ રીતે સત્તાની અદલાબદલી થાય તેવા નિર્ણય માટે રસ્તા શોધવાનું હતું. બ્રિટનનાં આંતરિક વર્તુળોને લાગતું હતું કે હવે શાસન કરી શકાય તે માટે લાંબો સમય તેમના હાથમાં રહ્યો નથી, અને માર્ચ 1946 સુધીમાં વારંવાર થતાં લોક-આંદોલનો ચરમ સીમાએ પહોંચેલી ભારતની સ્વાતંત્ર્યપ્રાપ્તિની ઉત્કંઠા જાહેર કરી દેતાં હતાં. સામુદાયિક આંદોલનો અથવા કદાચ ક્રાંતિનો જુવાળ પણ ફાટી નીકળે તેવી અંગ્રેજોને ભીતિ લાગવા માંડી હતી. લોકોમાં એવો અસંતોષ વ્યાપી ગયો હતો તે સ્પષ્ટ હતું. કૉંગ્રેસમાં એ ચાલુ કરી દેવાની સક્ષમતા તો હતી જ અને અંગ્રેજ વાઇસરૉયને લાગ્યું કે ''શક્ય છે કે આવો જુવાળ આપણે કદાચ કાબૂમાં ન પણ રાખી શકીએ.'' આ પ્રતિનિધિમંડળ (જેને કૅબિનેટ મિશન તરીકે ઓળખવામાં આવે છે.) મોકલવાનો હેતુ વાટાઘાટ માટે પહેલ કરવાનો હતો. એ મંડળ નવી દિલ્હી આવી પહોંચ્યું. વાઇસરૉયની મદદથી તેણે જૂન 1946 સુધી ભારતના ભાવિ બંધારણીય માળખાના સ્વરૂપ માટે તેમ જ વચગાળાની સરકારના માળખા માટે પણ નિર્ણયો લેવાના હતા.

ભારતીય નેતાઓ સાથે લંબાણપૂર્વકની ચર્ચાઓ અને વાટાઘાટોમાં મડાગાંઠ પેદા થતી, અને તે ચર્ચાઓ પડી ભાંગતી; તેનું કારણ પાકિસ્તાન અને મુસ્લિમોના આત્મનિર્ણયના હક્કની બાબતમાં મહમ્મદ અલી ઝીણાનું ખૂબ જ અસહકારભર્યું જિદ્દી વલણ હતું. છેવટે આ મડાગાંઠમાંથી બહાર નીકળવા આ મિશને અટપટી છતાં કંઈક અંશે વ્યાવહારિક યોજનાની જાહેરાત 16મી જૂને કરી. ઝીણા પ્રત્યે વાઇસરૉય અને મિશનના એક સભ્ય (એલેકઝાન્ડર) સહાનુભૂતિ રાખતા હોવા છતાં મિશને લીગના સંપૂર્ણ પાકિસ્તાનની રચના (મુસ્લિમ બહુમતી ધરાવતા બધા પ્રાંતોને એકત્ર કરીને)ના દાવાને નકારી કાઢ્યો. તેમની દલીલ એ હતી કે જો કોમવાદની રૂએ મુસ્લિમોને મતાધિકાર અપાય તો પશ્ચિમ બંગાળ અને પૂર્વ પંજાબમાં બહુમતી ધરાવતી બિનમુસ્લિમ કોમને પણ તે જ રીતે અધિકાર મળવો જોઈએ, અને આસામમાં પણ તેમ થવું જોઈએ. આ માટે બંગાળ, પંજાબ અને આસામને પણ વિભાજિત કરવા પડે એમ હતું. આ વિભાજન ત્યાંની પ્રજાના ભાષા, સંસ્કૃતિ અને સ્થાનીય સંબંધોની તદન વિરુદ્ધ જાય, અને જો તેમ કરવામાં આવે તો ઘણા વિકટ આર્થિક અને વહીવટી પ્રશ્નો ઊભા થાય. અને તેમ છતાં લીગને સંતોષ ન પણ થાય (કેમ કે આ તબક્કે ઝીણા ''વિચ્છેદિત અને ઊધઈથી ખવાઈ ગયેલા'' પાકિસ્તાનનો જબ્બર વિરોધ કરી રહ્યા હતા.) આમ મોટા અને નાના પાકિસ્તાનની પરિકલ્પનાને કૅબિનેટ મિશને કોઈ સ્થાન ન આપ્યું. તેની દરખાસ્ત એ હતી કે નરમ રીતે સંગઠિત સંઘરાજ્યની રચના થાય, જેમાં કેન્દ્ર સરકાર સંરક્ષણ, વિદેશ નીતિ, વાહનવ્યવહાર વગેરે મુખ્ય બાબતો માટે જવાબદારી સ્વીકારે જ્યારે અન્ય સર્વે વિષયો અત્યારની પ્રાંતીય ધારાસભાઓને સુપરત કરવામાં આવે. પ્રાંતીય ધારાસભાઓ ત્યાર બાદ એક બંધારણ સભાને ચૂંટી કાઢે, અને તે માટે દરેક પ્રાંતને તેની વસ્તીને આધારે બેઠકો ફાળવવામાં આવે, જેને દરેક કોમની વસ્તીના પ્રમાણમાં વહેંચી નાખવામાં આવે. આ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે : પ્રથમ 'अ' જૂથ બિનમુસ્લિમ બહુમતી ધરાવનાર પ્રાંતોનું હોય. (જેમાં મુંબઈ, યુ.પી., બિહાર, સેન્ટ્રલ પ્રોવિન્સીસ, ઓરિસા અને મદ્રાસનો સમાવેશ થાય,) બીજું જૂથ 'ब' જૂથ, એમાં મુસ્લિમ બહુમતીવાળા પ્રાન્તો હોય. (જેમાં સિંધ, ઉત્તર-પશ્ચિમી સરહદી પ્રાંત અને પંજાબ હોય. અને ત્રીજું 'क' જૂથ, તે મુસ્લિમ બહુમતીવાળા પ્રાન્તોનું હોય. (જેમાં ઉત્તર-પૂર્વ બંગાળ અને આસામ હોય.) આ ત્રણેય જૂથોને પ્રાંતીય બંધારણો ઘડવાની છૂટ આપવામાં આવે, અને જરૂરી હોય તો તેઓ જૂથ બંધારણ પણ બનાવી શકશે. તેમાં પ્રાંતીય અને વિભાગીય ધારાસભાઓ અને કારોબારીની રચના કરવામાં આવે.આ લાંબા ગાળાની દરખાસ્તોની સાથે સાથે વચગાળાની દરખાસ્તો પણ રજૂ કરવામાં આવી. તેમાં કેન્દ્રમાં એક વચગાળાની સરકારની તાત્કાલિક રચના કરવામાં આવે, જેને મુખ્ય પક્ષોનો ટેકો હોય; અને તેમાંનાં બધાં ખાતાં ભારતીયોને જ સોંપાય.

કૅબિનેટ મિશનની યોજના સમાધાન શોધી કાઢવાના પ્રયત્નોથી ઘડાઈ હતી, જેમાં પાકિસ્તાનની માગણીને ઠુકરાવીને કૉંગ્રેસનું મન જીતવાની યુક્તિ હતી. અને સાથે મુસ્લિમ બહુમતી ધરાવતા સ્વાયત્ત પ્રાંતોમાંથી લીગની પાકિસ્તાનની માંગણીને જાકારો આપવાની પણ યોજના હતી. આથી શરૂઆતમાં તો બન્ને કૉંગ્રેસ અને લીગ – આ યોજનાને સ્વીકારવાની તરફેણમાં હતાં. પરંતુ તેવામાં જ એક મુશ્કેલી ઊભી થઈ. પ્રાન્તોના અને તેનાં જૂથોની રચના માટેની દરખાસ્તો અંગે મતભેદ ઊભો થયો. લીગે ઉત્તર પશ્ચિમ સરહદી પ્રાન્તને દ્વિતીય 'ब' જૂથમાં, અને આસામને તૃતીય 'क' જૂથમાં લઈ જવાનો ઠરાવ ફરજિયાત ગણાવ્યો. (કેમ કે તેનો ઇરાદો એ હતો કે એમ કરવાથી તે પ્રાંતોમાં કૉંગ્રેસી મંત્રીમંડળ ચૂંટાઈ આવ્યું હતું તેને ત્યાં પછીથી લઘુમતી સરકારમાં ફેરવી નાખી તે પ્રાંતોને પાકિસ્તાનમાં ઘસડી લાવવા.) જ્યારે (તે જ કારણોસર) કૉંગ્રેસે આ દરખાસ્તો અંગે આ જૂથમાં જોડાવું અથવા ન જોડાવું તે પ્રાંતોએ મરજિયાત રીતે નક્કી કરવું, તેવું અર્થઘટન

કર્યું. કૉંગ્રેસ ઉત્તર પશ્ચિમ સરહદી પ્રાન્ત અને આસામનાં આ જૂથોમાં જોડાવાના વિરોધને લક્ષમાં રાખવા માંગતી હતી. કૉંગ્રેસે આ દરખાસ્તોની એ પણ ટીકા કરી કે બંધારણીય સભાની રચનામાં દેશી રાજ્યોના ચૂંટાયેલા પ્રતિનિધિત્વ માટે કોઈ પ્રસ્તાવ સામેલ કરાયો નથી. જોકે એમ લાગે છે કે કૉંગ્રેસે બંધારણીય સભા માટે પરોક્ષ અને મર્યાદિત ચૂંટણીનો સ્વીકાર કરીને સાર્વત્રિક મતાધિકારની પોતાની અગાઉની માગણીને તદ્દન ભૂલી જવાની તૈયારી રાખી હશે. જુલાઈ, 1946ના અંત સુધીમાં કૉંગ્રેસે અને લીગે કૅબિનેટ યોજના વિશે વિચાર કરવાનું બંધ કર્યું., એનું મુખ્ય કારણ આ પ્રાંતોની જૂથપ્રથા વિશેના તેમના મતભેદો હતા, અને આ મિશન પણ તેના ઇરાદા અંગે સ્પષ્ટતા કરવામાં નિષ્ફળ ગયું. માત્ર નામની કેન્દ્રીય સરકાર હેઠળ અવ્યવસ્થિત હિંદને મૂકવાની ચિંતા અને કોમી ધોરણે સ્વાયત્ત પ્રાંતોને અલગ રાખીને કૅબિનેટ મિશન યોજના વિસ્તૃત વિગતો પૂરી પાડી શકી નહીં. અને તેની દરખાસ્તોથી ભારતનું 'બાલ્કનાઇઝેશન', નાના ટુકડામાં વિભાજન, થઈ શકે છે તે વાત ઉપર તેમનું ધ્યાન ગયું જ નહિ. તેમ છતાં એટલું કહી શકાય કે નવ-સામ્રાજ્યવાદીઓ માટે મેદાન મોકળું કરવા અને ભારતનું રાજકીય આધિપત્ય છોડવાની ઉતાવળમાં આ યોજના સિવાય બીજું કંઈ અંગ્રેજો ભારતને આપી શકે તેમ નહોતા. 1946ના જુલાઈ બાદ તેમણે એ વાત ઉપર કોઈ ગંભીર ચર્ચા કરવી પણ છોડી દીધી કે નરમ તો નરમ પણ એકતા અને અખંડતા સચવાય તેવી સંઘ સરકારની રચના ભારતમાં થાય.

### 35.3.4 કોમી રમખાણો અને વચગાળાની સરકાર (The Communal Carnage and Interim Government)

કૅબિનેટ યોજનાના પડી ભાંગ્યાથી લીગ એટલી હતાશ થઈ ગઈ કે તેની ધીરજ ખૂટી ગઈ અને હવે સીધાં પગલાં(Direct Action)થી બધાંને કોઈ નિર્ણય લેવાની ફરજ પાડવાનું તેણે ઠરાવ્યું અને તેને નક્કર સ્વરૂપ આપવા 'લઢકે લેંગે પાકિસ્તાન' જેવું ચૂંટણી પછીનું સૂત્ર તેણે ચાલુ કર્યું. "સીધાં પગલાંકાર્ય" ના દિવસ (Direct Action Day), 16મી ઑગસ્ટ 1946ના દિને પ્રથમ વાર કોમી ખૂનરેજી કલકત્તામાં થઈ, અને તેના પ્રત્યાઘાતોના બનાવો દેશના અન્ય હિસ્સાઓમાં થવા લાગ્યા, ખાસ કરીને મુંબઈ, પૂર્વ બંગાળ અને બિહાર, યુ.પી.ના કેટલાક ભાગો, ઉત્તરપશ્ચિમી સરહદી પ્રજા અને પંજાબ. 16મી ઑગસ્ટને દિવસે બંગાળ સરકારના લીગના વડાપ્રધાન સોહરાવર્દી માટે મહત્ત્વનો દિવસ હતો. તેમના પ્રોત્સાહનથી કલકત્તાના બિનમુસ્લિમોને લીગના ગુંડાઓ દ્વારા મોટા પ્રમાણમાં અચાનક હિંસક હુમલાઓથી હેરાન કરવામાં આવ્યા. પરંતુ આ અચાનક હુમલાના પ્રત્યાઘાતરૂપે હિન્દુઓ અને શીખોએ પણ-ગુંડાઓએ વળતા હુમલા કરવા માંડ્યા. શહેરની મધ્યમાં આવેલા સૈન્યે કેટલોક વખત તમાશો જોવામાં ગાળ્યો, અને આ હુમલાઓ પ્રત્યે નિષ્ક્રિય રહીને નિરાંતે પોતાનો પ્રતિભાવ આપ્યો અને પછી આ ઢીલી નીતિથી જ્યારે કાયદો અને વ્યવસ્થા સ્થાપ્યાં ત્યાં સુધીમાં તો ત્રણ દિવસમાં 4000 માણસોની કતલ થઈ ચૂકી હતી, અને 1000 ઘાયલ થયા હતા.

1946ના સપ્ટેમ્બરમાં મુંબઈમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં, જોકે તે કલકત્તાનાં રમખાણો જેટલાં ઝનૂની ન હતાં. પણ છતાં 300 જેટલા માણસોએ જાન ગુમાવ્યા, અને એ પણ નાનાં નાનાં છમકલાંમાં જ..નોઆખલી અને ટિપ્પેરામાં ઑક્ટોબર'46માં મોટો કોમી દાવાનળ ફાટ્યો. 400નાં મૃત્યુ થયાં અને અનેક સ્ત્રીઓની લાજ લૂંટાઈ. જાનહાનિ અને માલહાનિનો પાર ન રહ્યો. બિહારમાં નોઆખલીનો બદલો તરત જ લેવાયો, અને ઑક્ટોબરના અંતમાં જે રમખાણો ત્યાં થયાં તેમાં અભૂતપૂર્વ હેવાનિયત છતી થઈ. 7000 માણસો મૃત્યુ પામ્યાં. યુ.પી. પણ પાછળ ન રહ્યું અને ગૃહમુક્તેશ્વર ખાતે જ લગભગ 1000 લોકો મૃત્યુ પામ્યા. બિહાર અને યુ.પી.ની આ ખાનાખરાબીના જવાબરૂપે ઉત્તરપશ્ચિમ સરહદી પ્રાંતમાં (ખાસ કરીને હઝારા જિલ્લામાં) પણ કોમી દંગાઓ ફાટી નીકળ્યા, જેનો ફેલાવો પંજાબમાં થયો. અને તેમાં મુસ્લિમો, હિંદુઓ તેમ જ શીખો - ખાસ તો લાહોર, અમૃતસર, મુલતાન, અટોક અને રાવળપિંડીમાં સંડોવાયા. 1947ના મધ્ય ભાગ સુધીમાં લગભગ 5000નાં મૃત્યુ થયાં. આ બધું વળી શરૂઆત જ હતી ! 1947ના વર્ષ દરમિયાન તો આ કોમી રમખાણોની જ્વાળાઓ ખૂબ ભડકી, અને ઊંચે ચડી; જે 1948ની શરૂઆત સુધી ચાલ્યું. કેટલાય લાખો લોકોનાં મૃત્યુ, ભયંકર જાનહાનિ અને માલહાનિ, સ્ત્રીઓની લાજ લૂંટાયાના અસંખ્ય બનાવો, ઉપરાંત સ્ત્રી-બાળકોનાં અપહરણો, ધાર્મિક પવિત્ર જગ્યાઓને અપવિત્ર અને ધરાશાયી કરવાના અને વ્યક્તિગત મિલકતને અત્યંત નુકસાન થવાના અગણિત બનાવો બન્યા. લાખો લોકો ઘરબાર વગરના - શરણાર્થી બન્યા, કેટલીક જગ્યાએ (જેમ કે પંજાબમાં) વસ્તીની અદલાબદલી મોટા પાયે થઈ. કેટલીક જગ્યાએ (જેમ કે બંગાળમાં) લોકો મોટા પ્રમાણમાં પોતાનું વતન છોડી ગયા, અને તેવી સ્થિતિ ઘણો લાંબો સમય ચાલી, એટલી હદે કટુતા ફેલાઈ. સંસ્કૃતિના સમગ્ર ઇતિહાસમાં કદાચ આવા બનાવો બહુ ઓછા બન્યા હશે, કે જેમાં આટલી મોટી સંખ્યામાં માનવોને કષ્ટ સહેવાં પડ્યાં, જેમાં તેમની માણસાઈ પરવારી ગઈ, અને દેશના સામાજિક અને આર્થિક માળખાને તોડી-ફોડી નખાયું. આ ભ્રાતૃવિગ્રહ ભારતના ઉપખંડમાં 1946 અને '47માં થયો,

અને પછીથી પણ થોડા વખત માટે ચાલ્યો.

આ કોમી ખૂનરેજી દરમિયાનના સમયમાં જ ભારતમાં એક મધ્યસ્થ વચગાળાની સરકાર અસ્તિત્વમાં આવી, જે કૅબિનેટ મિશન યોજનામાં સૂચવાઈ હતી. સપ્ટેમ્બર 1946માં તેની રચના થઈ. સિમલા પરિષદમાં પડેલી મુશ્કેલીઓ ફરીથી વાઇસરૉયની સમક્ષ ઉપસ્થિત થઈ. ઝીણાએ આ વચગાળાની સરકારમાં કૉંગ્રેસના પાંચ હિન્દુ ઉમેદવારોની સામે લીગના પાંચ મુસ્લિમ ઉમેદવારો હોય અને એક શીખ અને એક અનુસૂચિત જાતિના ઉમેદવાર હોય તેવી વ્યવસ્થા માટે જીદ લીધી. જેમ ધાર્યું હતું તેમ કૉંગ્રેસે આવી વ્યવસ્થાને નકારી અને લીગનો સંખ્યાની દૃષ્ટિએ ''સમાન કક્ષા''નો દાવો સ્વીકાર્યો નહિ, અને સાથે જ પોતાનો એ અધિકાર દર્શાવ્યો કે તે કોઈ પણ સંખ્યામાં હિંદુ, મુસલમાન અથવા બીજાઓને પોતાના ઉમેદવારોની યાદીમાં લઈ શકે છે. કૉંગ્રેસે એ પણ માગણી કરી કે નવી સરકાર ખરેખર એક મંત્રીમંડળ તરીકે કાર્ય કરે, અને માત્ર સલાહકાર સમિતિ તરીકે ન રહે. વેવેલે આ વખતે પણ સિમલા પરિષદમાં લીધું હતું તે વલણ લઈને હાથ ઊંચા કરી દીધા હોત કે જો મુખ્ય પક્ષો જ સંમત નથી થઈ શકતા તો કોઈ શું કરી શકે. પરંતુ કૅબિનેટ મિશનની ભારતયાત્રા દરમિયાન લોકપ્રિય ચળવળોને નોંધ્યા પછી (જેનું વર્ણન 35.4માં કરેલું જ છે) તેઓ તેમ કરવાના પગલાને બીજી વાર ભરવાનું યોગ્ય નહોતા ગણતા. તુરતમાં જ થયેલો સૈન્યનો નાનો બળવો, અથવા પોસ્ટ અને રેલવેના કાર્યકરોની હડતાળની શક્યતા વગેરેને લીધે કાયદો અને વ્યવસ્થા તૂટી પડવાનો ડર લાગતાં વેવેલે નિર્ણય લીધો કે વચગાળાની સરકારની રચના તો કરવી જ, અને ભલે તેમાં માત્ર કૉંગ્રેસ જ હોય, ભલે તે કામચલાઉ હોય, પણ પ્રજા ઉપર તેનો કાબૂ તો હતો. ''જો કૉંગ્રેસ જવાબદારી લેશે તો જ તેને ખ્યાલ આવશે કે ભાંગફોડિયા તત્ત્વોને કાબૂમાં લેવા કેટલી દૃઢતાની જરૂર પડે છે, અને તેઓ કદાચ સામ્યવાદીઓને દબાવી પણ દે, અને પોતાના પક્ષમાંના વામમાર્ગીઓને પણ હઠાવી દે,'' વેવેલે લખ્યું. તેમને આશા હતી કે (કૉંગ્રેસી નેતાઓ) ''હવે વહીવટમાં એટલા વ્યસ્ત થઈ જશે કે તેઓ રાજકારણમાં ભાગ જ નહિ લઈ શકે.'' (31મી જૂન, 1946માં વેવેલનો હિંદી વજીરને પત્ર)

લીગને બાજુમાં રાખીને પણ પોતાને મહત્ત્વ આપ્યું તેથી કૉંગ્રેસીઓ વાઇસરૉયના ઉદાર વલણથી ખુશ થયા. તેમની અપેક્ષા હતી કે વચગાળાની આ સરકારની રચના તેમની તરફેણમાં કામ કરશે અને સત્તાની ફેરબદલી શાંતિપૂર્ણ રીતે થઈ શકશે. આથી રજી સપ્ટેમ્બરે (1946) જવાહરલાલ નેહરુના નેતૃત્વ હેઠળ સરકાર રચવા કૉંગ્રેસ તૈયાર થઈ. ત્યાર પછીના બનાવો જોતાં જણાય છે કે આ વચગાળાની સરકાર જેમાં કૉંગ્રેસનો જ પ્રભાવ હતો, તેણે ઘણું દુઃસાહસ કર્યું. ચાલી રહેલા કોમી તાંડવને શમાવવા અંગ્રેજ લશ્કરી વડાના હાથ નીચેના સૈન્યને તેની ધીમી ગતિશીલતાને લીધે પ્રવૃત્ત કરવાના પ્રયત્નો અસફળ રહ્યા અથવા બહુ થોડે અંશે સફળ રહ્યા. આ સરકારની અધ્યક્ષતા વાઇસરૉય કરતા હતા અને તેમની વીટોની સત્તાનો પ્રતિકાર પણ કેટલીક વાર આ સરકાર કરી શકતી ન હતી જ્યારે 26મી ઑક્ટોબરે (1946) વેવેલે લીગને છેવટે સરકારમાં આવવા રાજી કરી લીધી, ત્યારે પણ તેના જાહેર કરેલા 'સીધાં પગલા' તરફ ઉપેક્ષા સેવી, તેથી પરિસ્થિતિ વધુ કથળીઃ લીગના આ કૉલ તથા કાર્યને અવગણવા ઉપરાંત વેવેલે કૉંગ્રેસ દ્વારા નિયુક્ત કે અનુસૂચિત જાતિના પ્રતિનિધિનો સ્વીકાર કરીને પણ સમતુલા જાળવી રાખી. ત્યાર પછી આ વચગાળાની સરકારના હરેક પગલાંને લીગના સભ્યો અટકાવતા રહ્યા અને સ્વાભાવિક રીતે સરકારમાં બે જૂથ પડી ગયાં–કૉંગ્રેસ અને લીગ, બંનેના ટેકામાં પાછી ઝઘડતી અમલદારશાહી પણ હતી. આમ આ સરકાર વાસ્તવિક રીતે નામ માત્રની જ સરકાર રહી. જો કોઈ દેશની મધ્યસ્થ સરકાર જ આમ, ટુકડાઓમાં વિખરાયેલી હોય અને મુખ્ય કોમોના માણસો એકબીજાનાં ગળાં કાપ્યા કરતા હોય, તો શું એ દેશ અખંડ રહેવાની આશા રાખી શકે ખરો? અને સાથે જ સ્વતંત્રતાની પણ? કૉંગ્રેસના પીઢ અને શાણા નેતાઓ, જેઓ 1947ની શરૂઆત સુધીમાં ટંટાફિસાદથી કંટાળેલા રમખાણોના તાંડવથી ત્રાસેલા અને લડતથી થાકી ગયા હતા, તેઓએ આવી આશા છોડી દીધી. આ વિષમ ભુલભુલામણીમાંથી હવે કોઈ પણ કિંમતે તેઓ બહાર નીકળવા માગતા હતા. જો સ્વાતંત્ર્યની કિંમત દેશના ભાગલા પાડીને ચૂકવવાની હોય, અને પોતાના જીવનનાં રાષ્ટ્રવાદનાં સ્વપ્નોનું લિલામ કરવાનું હોય, તો તે માટે પણ તેઓ હવે તૈયાર થયા.

તેમની પાસે આટલા વિકલ્પો હતા :

- આ છેતરામણી સરકારમાં સેવા આપવાનું બંધ કરવું;
- રસ્તા પર આવીને માણસોના શાણપણને આવાહન કરવું;
- રમખાણ કરાવનારાઓને ખુલ્લા પાડવા;
- મુસ્લિમ તેમ જ હિન્દુ કોમવાદીઓના પ્રતિકાર માટે વ્યવસ્થા કરવાના પ્રયત્નો આદરવા; અને
- સામ્રાજ્યવાદની વિરુદ્ધ એક છેલ્લો મરણિયો પ્રયત્ન કરીને સામૂહિક ચળવળ ચલાવી યુદ્ધની જેમ એકતા ઊભી કરવી.



આ વિકલ્પ જરૂર લાંબા ગાળાનો હતો, તેમાં ઘણાં જોખમ પણ હતાં અને ઘણો વિકટ પણ હતો, પરંતુ જેઓ

છેલ્લે લોકોની લાગણીઓ અને વિપ્લવ ઉપર વિશ્વાસ રાખી શકે તેમને માટે સાવ અશક્ય તો નહોતો.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) નીચેનાં વિધાનો વાંચીને તે સાચાં (✓) છે કે ખોટાં (✗) છે તે જણાવો :

(1) સિમલા પરિષદ નિષ્ફળ ગઈ કેમકે કૉંગ્રેસ મુસલમાનોનું પ્રતિનિધિત્વ કરવા રાજી નહોતી.

(2) વચગાળાની સરકારની દરખાસ્ત કૅબિનેટ મિશને નકારી દીધી.

(3) મુસ્લિમ લીગે જાહેર કરેલાં 'સીધાં પગલાં'ને લીધે મોટે પાયે કોમી રમખાણો ફાટી નીકળ્યાં.

(4) મુસ્લિમ લીગના જોડાયા પછી વચગાળાની સરકારની સ્થિતિ ઘણી સુધરી ગઈ.

(ખ) અંગ્રેજોએ સમાધાનના પ્રયત્નો શાથી આદર્યા? દસેક લીટીમાં જણાવો.

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

(ગ) ઇંગ્લૅન્ડમાં મજૂર પક્ષના વિજયનો ભારતની રાજકીય સ્થિતિ પર શો પ્રભાવ પડ્યો ? પાંચેક લીટીમાં જણાવો.

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

## 35.4 પ્રજાકીય આવેગો (The Popular Urges)

લોકલાગણીનો આવિર્ભાવ 1945-47 દરમિયાન બે લક્ષણોમાં થયો જણાય છે :

(1) સંસ્થાનવાદી વહીવટ સાથેના સીધા સંઘર્ષો;

(2) સંસ્થાનવાદના કેટલાક ટેકેદારોને - જેવા કે દેશી રાજવીઓ, મૂડીવાદીઓ, ઘણાખરા જમીનદારો અનેમહાજનો, આદિને - લડત આપી સંસ્થાનવાદનો આડકતરો સંઘર્ષ. આવા બંને પ્રકારના અનેક સંઘર્ષોમાંથી મુખ્ય સંઘર્ષો પર પ્રકાશ પાડીશું.

### 35.4.1 સીધા સંઘર્ષો (Direct Confrontations)

આ એકમમાં આપણે કેટલાક મુખ્ય બનાવોની ચર્ચા કરીશું, જે સંસ્થાનવાદી વહીવટની સાથે થયેલા સીધા સંઘર્ષો સાથે સંકળાયેલા હતા.

#### (1) આઈ. એન. એ. મુકદમાઓ :

શરૂઆતમાંનો સંઘર્ષ આઝાદ હિંદ ફોજ (આઈ. એન. એ.)ના સૈનિકો પર ચલાવાયેલા મુકદમાઓને લીધે ઊભો થયો. (34મા એકમમાં તમે આઝાદ હિંદ ફોજની ભૂમિકા વિશે વાંચ્યું જ છે.) આ ફોજના જે સૈનિકોની ધરપકડ થઈ હતી તેમના ઉપર રાજ સામેના દ્રોહના મુકદમાઓ દાખલ કર્યા. નવેમ્બર 1945ના અરસામાં આની શરૂઆત થઈ, પરંતુ ત્યાર સુધીમાં તેમના ''નેતાજી'' સુભાષચંદ્ર બોઝની સાહસિકતા અને વીરતાના

પ્રસંગો તથા તેમાં ફોજના સૈનિકોની હિમ્મત વગેરેની વિગતો જનતામાં પ્રચલિત થઈ ચૂકી હતી અને લોકોમાં તેઓને માટે માન તેમ જ સહાનુભૂતિનો જુવાળ ઊઠ્યો હતો. જ્યારે ફોજના વીરોને (સહગલ, શાહ નવાઝ અને ધીલ્લોં) જેઓ હિંદુ, મુસ્લિમ અને શીખ કોમોના હતા, અને તેથી ભારતની જનતાની એકતાના એક પ્રતીક સમા હતા, દિલ્હીના લાલ કિલ્લામાં મુકદમાની કાર્યવાહી માટે રજૂ કરવામાં આવ્યા, ત્યારે આખાયે દેશમાં તેમને સજા થાય તે વિરુદ્ધનો સૂર ઊઠ્યો. દેશભરમાં સભાઓ અને સરઘસોનું આયોજન થયું અને આ ફોજના કેદી સૈનિકોને તત્કાળ છોડી દેવાની માગણીઓ થવા લાગી.

કલકત્તામાં લોકોનો આક્રોશ ઘણો જ ઉગ્ર હતો અને ઘણાં સ્થળો કરતાંયે ઝંઝાવાતનું કલકત્તા જાણે કેન્દ્ર બની ગયું. ફોરવર્ડ બ્લોક પક્ષની હાકલથી 21મી નવેમ્બર, 1945ના દિને વિદ્યાર્થીઓનું એક સરઘસ ડેલહાઉઝી સ્કવેરમાં આવેલાં વહીવટી મકાનો તરફ નીકળ્યું.


The Hindustan Times

I.N.A. TRIAL OPENS IN RED FORT

I.N.A.'s WOMEN WARRIORS | SHAH NAWAZ | DHILLON | SAHGAL | DEFENCE COUNSEL

CHARGES OF MURDER AND WAGING WAR AGAINST KING

Syria A Potential Trouble Spot In Mid-East

...GHT OF GUN BATTLES IN BATAVIA

...ITISH WARN ANNAMITES OF REPRISALS


BRITISH DOCK STRIKE ENDS

15. આઈ. એન. એ. મુકદમાઓનો અખબારી અહેવાલ

રસ્તામાં (સામ્યવાદી વિદ્યાર્થી વિભાગના) સ્ટુડન્ટ્સ ફેડરેશન અને લીગના વિદ્યાર્થી વિભાગના સભ્યો પણ આ સરઘસમાં જોડાયા. રાષ્ટ્રીય લીગનો અને રાતો (સામ્યવાદી) ઝંડો - આ ત્રણેને વિદ્યાર્થીઓ એક સાથે બાંધીને સામ્રાજ્યવાદની વિરુદ્ધ એકતાના પ્રતીકની આવશ્યકતાની જાહેરાત કરી. ધરમતાલ્લા માર્ગ ઉપર સશસ્ત્ર સિપાઈઓએ સરઘસને રોક્યું. એક રાત સરઘસ ત્યાં જ પડી રહ્યું અને બીજે દિવસે સિપાઈઓએ તેના પર ગોળીબાર કર્યો જેમાં એક હિંદુ અને એક મુસ્લિમ વિદ્યાર્થી માર્યા ગયા. આ ગોળીબારના સમાચારથી આખું શહેર ભડકી ઊઠ્યું. લોકોએ વિરોધી પ્રવૃત્તિ આદરી દીધી, જેમાં માર્ગવાહન વ્યવહાર ખોરવાયો, મોટરગાડીઓ તેમ જ ટ્રકોને સળગાવા માંડ્યા અને રસ્તા વચ્ચે અવરોધો ઊભા કરવા લાગ્યા. શીખ ટૅક્સીચાલકો, ટ્રામવે સેવાના નોકરો, કારખાનાંઓના કામદારો વગેરેએ તરત હડતાળ જાહેર કરી અને શહેરના ખૂણે ખૂણે આ બનાવોના પ્રત્યાઘાતો પડતા રહ્યા. પૂરા બે દિવસ, 22 અને 23 નવેમ્બર સુધી લોકોનાં ટોળાંઓ સશસ્ત્ર સિપાઈઓ સાથે બાખડ્યાં, શહેરના જુદા જુદા ભાગોમાં સંઘર્ષ ચાલ્યા કર્યો અને ગોળીબારોનો જવાબ લોકોએ જે હાથમાં આવ્યું તે હથિયાર વાપરીને આપ્યો. 1945ની 24મી નવેમ્બર સુધીમાં 'કાયદો અને વ્યવસ્થા' અંગ્રેજો સ્થાપી તો શક્યા, પણ તે માટે તેમણે 14 ગોળીબારો, 33 મરણ અને સેંકડો નાગરિકોને ઈજાગ્રસ્ત કરવા પડ્યા; ઈજાગ્રસ્તોમાં સિપાઈઓ તથા સૈનિકો પણ હતા, અને સાથે જ 150 જેટલાં પોલીસનાં અને સૈન્યનાં વાહનોની આહુતિ આપવી પડી.

ખાસ કરીને કલકત્તામાં થયેલ વિરોધ, અને દેશના અન્ય ભાગોમાં પણ ઠેકઠેકાણે થયેલ વિરોધ સાવ નિષ્ફળ ન ગયો. આઝાદ હિંદ ફોજના સૈનિકોનો સામેના મુકદમા પ્રત્યે સરકારે વલણ બદલ્યું, તે માટે 1945ના

ડિસેમ્બરમાં જાહેર કર્યું કે જે સૈનિકો ઉપર ખૂન અને અત્યાચારના આક્ષેપો હશે તે જ સૈનિકો પર મુકદમા ચલાવાશે. વળી જાન્યુઆરી 1946માં પ્રથમ સૈનિક જૂથ સામે જે સજાઓ ફરમાવવામાં આવી હતી તે માટેની માફી જાહેર કરી. શરૂઆતમાં સંવેદનશીલતાના અભાવ પછી સરકારને ખરું જોતાં તુરત જ ભારતીય રાષ્ટ્રવાદના સંદર્ભમાંની મહત્તા સમજાઈ ગઈ. આનું મહત્ત્વ એ હતું કે આ સંઘર્ષ 'કોમી અવરોધોથી પર હતો



16. આઇ. એન. એ. મુકદમાઓ અંગે વ્યંગ ચિત્ર

એટલું જ નહિ, તેથી જ સાથે થયેલા નાગરિક સંઘર્ષોમાં પણ તેવાં તત્ત્વો જણાયાં જે રાજ માટે ભયંકર પરિણામો લાવી શકે તેમ હતાં.'

આશ્ચર્યની વાત એ થઈ કે જે વસ્તુ અંગ્રેજો સમજી શક્યા તે દેશના રાષ્ટ્રવાદી કે કોમવાદી નેતાઓ સમજી ન શક્યા, તેટલું જ નહિ તે વિશે માનવાને તૈયાર પણ ન હતા. આ પ્રકારે લોકોના પોલીસો સાથેના સીધા સંઘર્ષને તેમણે "નાની નાની બાબતોના ઝઘડા" ગણાવ્યા અને એમાં જ લોકશક્તિ "વ્યર્થ વેડફાઈ જાય છે" એવું માની લીધું. આ વેળા (7થી 11 ડિસેમ્બર, 1945)ના અધિવેશનમાં કૉંગ્રેસ કાર્યવાહક સમિતિએ લોકોમાંની એકતાની ભાવનાને પોષવાને બદલે, તેમના ઉત્સાહને ઓછો કરવા યાદ કરાવ્યું કે આપણે સહુએ અહિંસક લડત જ આપવાની છે. જે રીતે કૉંગ્રેસ અને લીગના નેતાઓએ જનતાને સાથ આપવામાં સંયમ દેખાડ્યો અને તેમના આવા લાગણી પ્રદર્શનોને ઉત્તેજન ન આપ્યું તેનાથી સ્પષ્ટ જણાય છે કે તેમણે દૃઢ નિશ્ચય કર્યો હતો કે રાજકીય સમજૂતી માત્ર વાટાઘાટો દ્વારા કરવી, અથવા રાજકીય લેણદેણની નીતિ અંગ્રેજો સાથે અપનાવવી, નહિ કે દેશની સ્વતંત્રતા માટે છેલ્લે સુધી લડી લેવું. આઝાદ હિંદ ફોજના મુકદમાઓની બાબત, યા કોઈ અન્ય બાબત પણ તેઓ હાથમાં લેવા તૈયાર હતા, પણ તે એટલે સુધી જ કે જેને લઈને આવનાર ચૂંટણીઓમાં તેઓને ફાયદો થાય અને તેથી આગળ નહિ. દાખલા તરીકે, કૉંગ્રેસે પંજાબની ચૂંટણીના પ્રચાર વખતે ઘોષિત કર્યું કે તેમનું વચન છે કે સ્વતંત્ર ભારતમાં આઝાદ હિંદ ફોજના બધા સૈનિકોને નવા સૈન્યમાં લઈ લેવામાં આવશે. આ રીતે તેમનું માનસિક વલણ જાણે ભારતના નેવું ટકા માણસોની ઇચ્છાઓ જાણવાને બદલે દસ ટકા માણસોનો ઉપયોગ ચૂંટણીના રાજકારણ માટે કરવો એવું દેખાતું હતું.

1945ના વર્ષ સાથે લોકોનો આઇ. એન. એ. (આઝાદ હિંદ ફોઝ) માટેનો સંઘર્ષ પૂરો નહોતો થઈ ગયો. ફેબ્રુઆરી, 1946માં તેણે ફરીથી માથું ઊંચક્યું, અને તેનું પણે એ જ કેન્દ્ર - કલકત્તામાં, 11મી ફેબ્રુઆરી 1946ના રોજ લીગના વિદ્યાર્થી વિભાગે આ બાબતના વિરોધ રૂપે હડતાળનું આવાહન કર્યું. કેમ કે એક મુકદમામાં આઇ. એન. એ. ના એ. રશીદ અલીને સાત વર્ષની કેદની સજા જાહેર થઈ હતી. સામ્યવાદીઓના નેતૃત્વવાળી સ્ટુડન્ટ્સ ફેડરેશન, અને અન્ય વિદ્યાર્થી જૂથો આ વિરોધમાં જોડાયાં, જેમાં સાહજિક રીતે કોમી એખલાસ અને એકતાનાં દર્શન થયાં. વિરોધનું સ્વરૂપ પછી બદલાયું જ્યારે વિદ્યાર્થીઓ સાથે ઉગ્રવાદી મજૂરોનાં જૂથ પણ જોડાયાં, અને આ સંઘર્ષે અથડામણોનું સ્વરૂપ ધારણ કર્યું. 12મી ફેબ્રુઆરીએ એક મોટું

સરઘસ નીકળ્યું (જેને લીગ, રાષ્ટ્રીય તેમ જ સામ્યવાદી વક્તાઓએ સંબોધ્યું) અને સર્વ સામાન્ય હડતાળનું એલાન થયું જેથી આખું કલકત્તા શહેર અને તેનો ઔદ્યોગિક વિસ્તાર લકવાગ્રસ્ત થઈ ગયાં હોય તેમ જણાવ્યું. છેવટે આ વિરોધના જુવાળનું પરિણામ પણ પોલીસો સાથે અથડામણમાં આવ્યું. સૈન્ય પણ બોલાવાયું. રસ્તામાં લોકોએ અવરોધકો ઊભા કર્યા અને શહેરમાં ઠેકઠેકાણે ઝપાઝપીના કિસ્સાઓ બન્યા. બે દિવસના લોહિયાળ બનાવોને લીધે 84 લોકોનાં મૃત્યુ થયાં, 300 ઘાયલ થયા, અને પછી જ સત્તાધારકો 'વ્યવસ્થા' સ્થાપી શક્યા. તેમ છતાં વાતાવરણમાંથી તંગદિલી લાંબો સમય સુધી ચાલી જે માત્ર કલકત્તા કે બંગાળમાં જ નહિ, બલકે દેશના અન્ય ભાગોમાં પણ જણાતી હતી.


Amrita Bazar Patrika

70th YEAR OF PUBLICATION

Editor—TUSHAR KANTI GHOSH

RATINGS SEIZE 20 SHIPS & ARMOURY

KARACHI STRIKE SERIOUS

Heavy Gunfire And Shelling Resumed

H. M. I. S. HINDUSTAN SURRENDERS: PARATROOPS OCCUPYING VESSEL

BRISK EXCHANGE OF SHOTS WITH BRITISH MILITARY IN BOMBAY

Air And Naval Reinforcements Being Rushed To Areas Of Unrest

British Prime Minister Announces Royal Navy Vessels Proceeding To Bombay

R.I.N. STRIKE IN CALCUTTA

Situation Unchanged: Further Demands Put Forward

MADRAS RATINGS STAGE SYMPATHY DEMONSTRATION

Royal Ratings' Strike Spreads To Delhi

Bombay & Karachi Happenings

BOMBAY OBSERVES HARTAL

Police Open Fire A Number Of Times On Crowds

CITY'S TRAFFIC PARALYSED: HEAVY CASUALTIES FEARED



17. આર. આઈ. એન. ના બંડ વિશે અખબારી અહેવાલ

(2) આર. આઈ. એન. નું બંડ : કલકત્તામાં થયેલા બીજી વખતના સંઘર્ષની પાછળ પાછળ જ ફેબ્રુઆરી 1946માં એક ઘણો વધુ ગંભીર સીધો સંઘર્ષ સામ્રાજ્યવાદ સાથે થયો જે વિશ્વયુદ્ધ પછીના સમયમાં અતિ મહત્ત્વનો ગણી શકાય તેમ છે. એ હતો રોયલ ઇન્ડિયન નેવી (આર.આઈ.એન) અથવા (ભારતનું નૌકા સૈન્ય)માં થયેલો વિદ્રોહ. નૌકા સૈન્યના નાવિકોએ હવે વિદેશોમાં સેવા બજાવી હતી અને વિશ્વના અન્ય દેશોમાંની જીવનરીતિ વગેરે જાતે નિહાળ્યાં હતાં. એથી પોતાના અંગ્રેજ ઉપરી-અધિકારીઓ દ્વારા તેમને જાતિવાદના ધોરણે ઉતારી પાડતા હતા તે હવે કઠવા માંડ્યું. તદુપરાંત, સામાન્ય જનતાથી દૂર હોવા છતાં દેશમાં ઊભા થતા પ્રવાહો અને અસંતોષની લાગણીથી તેઓ પરિચિત તો હતા જ, ખાસ કરીને આઈ. એન. એ. ના મુકદમાઓ અંગે લોકોની લાગણીઓ કેટલી વેગીલી હતી તે તેઓ જાણતા હતા. તેમનો મિજાજ પણ તે મુજબ તંગ થતો હતો અને છેવટે એક વાર તેમને આપવામાં આવતા અનાજની નીચી ગુણવત્તા જોતાં અચાનક તેમનો મિજાજ છટક્યો. "તલવાર" જહાજના નાવિકોએ મુંબઈમાં 18મી ફેબ્રુઆરીએ ખરાબ ખાવાનું અને ખરાબ વર્તણૂકના વિરોધમાં ભૂખ હડતાળ જાહેર કરી. બીજે દિવસે તેની નજીકનાં બાવીસ જહાજોમાં પણ ભૂખ હડતાળ પડી. કિનારા પરના ફોર્ટ બેરેક્સ અને કાસલમાંનાં જહાજોમાં પણ તે તરત જ ફેલાઈ ગઈ.

આ હડતાળ કરનારાઓએ પણ રાષ્ટ્રીય ધ્વજ, લીગનો ધ્વજ અને લાલ ધ્વજ સાથે ફરકાવ્યા.

તેમણે એક નાવિક કેન્દ્રીય સમિતિની રચના કરી જેને માટે એમ. એસ. ખાનને અધ્યક્ષ બનાવ્યા. તેમણે પોતાની માંગણીઓની એક યાદી બનાવી, જેમાં માત્ર પોતાની માગણીઓ જ નહિ, બલકે કેટલીક રાષ્ટ્રીય માંગણીઓ પણ હતી. તેમાં તેમણે નીચે મુજબ માગણીઓ નોંધી હતી :

- આઈ. એન. એ. ના સૈનિકોનો કેદમાંથી છુટકારો;
- બધા જ રાજકીય કેદીઓનો જેલમાંથી છુટકારો;

- ઈન્ડો-ચાઈના અને જાવામાંથી ભારતીય સૈન્યને પાછું બોલાવી લેવું;
- વધારે સારું અનાજ નાવિકોને મળવું જોઈએ;
- તેઓ સાથેનું (અંગ્રેજોનું) વર્તન સુશીલ બનવું જોઈએ; અને
- યુરોપિયન અને ભારતીય નાવિકોને સમાન વેતન મળવું જોઈએ.

20મી ફેબ્રુઆરીએ બેરેક્સમાંના નાવિકોને સશસ્ત્ર સંરક્ષકોએ ઘેરી લીધા અને તેમના જહાજમાં રહેલા સાથીઓને બૉમ્બરો દ્વારા વિનાશની ધમકી મળી. બેરેક્સમાંથી છૂટવા માટે ઘેરાયેલા નાવિકોએ પ્રયત્ન કર્યો અને તેમણે યુરોપિયનો પાસેથી કબજે લીધેલાં જહાજોમાંથી શરણાગતિ સ્વીકારવાને બદલે લડી લેવાનો નિર્ણય કર્યો અને તેથી સંઘર્ષ શરૂ થઈ ગયો. ઘણા સાહસી સામનાઓ થયા અને કરાંચીમાં પણ તેનો પ્રતિધ્વનિ પડ્યો, જેમાં 'હિન્દુસ્તાન' જહાજના નાવિકોએ વિદ્રોહ કર્યો. 22મી ફેબ્રુઆરી સુધીમાં દેશનાં બધાં નાવિક થાણાંઓમાં આ વિદ્રોહ વિસ્તૃત થઈ ગયો; તેમાં 78 જહાજો, 20 કિનારા પરનાં થાણાંઓ અને 20,000 નાવિકો સામેલ થઈ ગયાં હતાં.




**18. મુંબઈ ખાતે ભારતીય નાવિકોના બળવાનું દ્રશ્ય**

1946ના વિસ્ફોટક વાતાવરણમાં સ્વાભાવિક રીતે આ વિદ્રોહનો લોકોમાં ગંભીર પ્રતિભાવ પડ્યો. કરાંચીમાં હિંદુ અને મુસલમાન વિદ્યાર્થીઓએ તેમ જ કામદારોએ સૈન્ય અને પોલીસ સાથે અથડામણો કરી આ વિદ્રોહને ટેકો જાહેર કર્યો. મુંબઈમાં નાવિકો પ્રતિ લાગણીભર્યો ટેકો વિવિધ રીતે વ્યક્ત થયો, જ્યારે તેમને મદદરૂપ થવા લોકો તેમની પ્રશંસા કરવા લાગ્યા, તેમને માટે ખાવાનું પહોંચાડવાની વ્યવસ્થા કરવા લાગ્યા તેમ જ વેપારીઓએ જાહેર કર્યું કે તેઓ તેમની દુકાનોમાંથી હરેક જોઈતી વસ્તુ લઈ જઈ શકે છે. 22મી ફેબ્રુઆરીએ કૉંગ્રેસી સમાજવાદીઓના સમર્થન સાથે સામ્યવાદીઓએ સર્વસામાન્ય હડતાળનું એલાન કર્યું. લીગ અને કૉંગ્રેસે મનાઈ જાહેર કરી હોવા છતાં, 300,000 મજૂરો કારખાનાં અને મિલોમાંથી બહાર આવી રસ્તામાં સરઘસાકારે ફરવા લાગ્યા. ત્યારે જાણે મુંબઈ કલકત્તામાં ફેરવાઈ ગયું. મુઠ્ઠી વાળેલા હાથો, અવરોધો, રસ્તા પરની અથડામણો, બધું એ જ ફરીથી થયું, પરંતુ વધારે લોહી વહ્યું, વધારે કષ્ટ થયું, અને મોટે ભાગે તો કામદાર વર્ગે જ આ સંઘર્ષ કર્યો બે દિવસના ચકરાઈ જવાય તેવા બનાવોમાં સેંકડોએ જાન ગુમાવ્યા અને હજારોએ

જખમ સહ્યા. પરંતુ મુંબઈનો આ સંઘર્ષ બહુ ફળીભૂત થયો નહિ. તેનાં કારણો હતાં :-

- રાજની પ્રબળ સૈનિક શક્તિ કામે લાગી ગઈ.
- 23મી ફેબ્રુઆરીએ વલ્લભભાઈ પટેલ અને ઝીણાએ નાવિકોને શરણાગતિ સ્વીકારવા માટે સમજાવ્યા. કૉંગ્રેસ તેમ જ લીગે તેમને ખાતરી આપી કે હવેથી નાવિકોનું શોષણ ન થાય તે તેઓની જવાબદારી છે. જોકે આ વચન તો થોડા જ વખતમાં વીસરાઈ પણ ગયું.

આમ આર. આઈ. એન. નું બંડ પૂરું થયું.

### અન્ય સંઘર્ષો

આવા સામ્રાજ્યવાદને પડકારતા સીધા સંઘર્ષો થોડા અન્ય સમયે અને સ્થળે પણ થયા, જોકે તે ઉપર જણાવેલા સંઘર્ષો સમાન ગંભીર ન હતા, કે મહત્ત્વ ધરાવતા ન હતા. એમાંના **નોંધપાત્ર સીધા સંઘર્ષો હતા :**

- રૅશનિંગનો સામાન વિતરણ કરવાના મનાઈહુકમ સામે લોકોએ વિરોધપોકાર ઉઠાવ્યો, કેમ કે આ વિતરણ નાગરિક પુરવઠા માટે બંધ કરવાનું હતું. આ માટે અલ્લાહાબાદમાં ફેબ્રુઆરી 1946ની મધ્યમાં 80,000 માણસોએ દેખાવો કર્યા હતા.
- બીજો આવો દાખલો હતો મલબાર, બિહાર, પૂર્વ બંગાળ (ખાસ કરીને ઢાકા ખાતે) આંદામાન અને દિલ્હીમાં પણ ડાબેરી નેતાગીરી હેઠળ એપ્રિલ 1946માં પોલીસતંત્રમાં વ્યાપક હડતાળ પાડવામાં આવી તેનો.
- જુલાઈ 1946માં પોસ્ટ ખાતાના નોકરોએ સરકાર વિરુદ્ધ જવાનું ઠરાવી હડતાળ પાડી જે કેટલાક સમય ચાલુ પણ રહી. તેમની સહાનુભૂતિમાં કલકત્તામાં સામ્યવાદીઓના એલાનથી પ્રેરાઈને 29 જુલાઈ 1946ના દિને લોકોએ સર્વસામાન્ય હડતાળ પાડી જે સંપૂર્ણ તેમ જ શાંતિપૂર્ણ હતી.
- રેલવેના નોકરોની અખિલ ભારતીય હડતાળની ધમકીથી જુલાઈ, 1946માં આખા દેશના વાતાવરણમાં ઉત્તેજના ફેલાઈ. આમ 1946માં સંઘર્ષ અને ઔદ્યોગિક ક્ષેત્રે હડતાળો એ જાણે રોજિંદી ઘટનાઓ આખા દેશમાં ગણાતી હતી.

### 35.4.2 આડકતરા સંઘર્ષો (Indirect Confrontations)

ઉદ્યોગપતિઓ, બગીચાના માલિકો અને વ્યવસ્થાપકો પછી તે યુરોપિયનો હોય કે ભારતીયો માટે તેમ જ સરકારને માટે પણ, 1946માં થયેલી હડતાળની પરંપરાએ ખૂબ જ મુશ્કેલીઓ સર્જી હતી. પહેલાંના બધા વિક્રમો તોડીને, તે વર્ષમાં 1,629 વખત કામ બંધ પડ્યાં, 1,941,948 જેટલા કામદારોને તેની અસર પહોંચી. અને 12,717, 762 જેટલા માનવદિવસોની ખાધ પડી. જોકે આ હડતાળો પાડવા પાછળનો કામદારોનો હેતુ તેમના પોતાના આર્થિક સુધારા માટે હતો, પરંતુ તેમના આ કામને લીધે સામાન્ય જનતામાં એક પ્રકારના આત્મવિશ્વાસ અને પ્રતિકારના વલણને પેદા કર્યું; અને સાથે સાથે ઘણાં ખરાં નગરો અને શહેરોમાં ધર્મનિરપેક્ષ અને સંગઠિત ચળવળ માટે વાતાવરણ ઊભું થયું. 1945-47 નાં વર્ષો દરમિયાન આ લોકઆંદોલન શહેરી વિસ્તારોમાં જ નહિ બલકે ગ્રામીણ વિસ્તારોમાં પણ સંસ્થાનવાદની વિરુદ્ધ થયેલી ઘટનાઓથી વ્યાપક બનેલું જણાય છે. અહીં આપણે કેટલાંક દૃષ્ટાંતોનો અભ્યાસ કરીશું જેથી જણાશે કે કેવી રીતે ગરીબ ખેડૂતો એ તેમના ઉપરના જમીનદારો જેવા શોષણખોરોનો સામનો કર્યો, અને એથી તેમના સંસ્થાનવાદી માલિકોની શક્તિમાં ઘટાડો થયો.

### (1) વોર્લિઓ (Worlis)

સૌ પ્રથમ થયેલા બનાવોમાંનો એક અને સૌથી વધુ ગંભીર બનાવ જે યુદ્ધ પછીના સમયમાં થયો તે હતો મુંબઈ પ્રાન્તના થાણા જિલ્લામાં આવેલ વોર્લિઓનું આંદોલન. વોર્લિઓ આમ તો આદિવાસી જનજાતિ છે, અને તેમની મુખ્ય વસ્તીનાં ગામો હતાં ઉમરગામ, દહાણુ, પાલઘર અને જવાહર તાલુકાઓ, જે બધાં થાણા જિલ્લામાં આવેલાં છે. દુકાળના મયેસ શરાફો અને જમીનદારો પાસે ઉધાર રકમ માગવા જતા આ ખેડૂતો પાસેથી શોષણ કરતાં 150 થી 200 ટકાના વ્યાજે પૈસા અથવા અનાજની રકમ વસૂલ કરવાની ઠરાવાતી. આ વ્યાજ ન ચૂકવી શકાતાં, તે આદિવાસીની જમીનો શરાફો અને જમીનદારોએ હડપ કરી લીધી. કેટલાક આદિવાસીઓને તેમની જ જમીન પર ભાડૂતી મજૂરો તરીકે હવે રાખવામાં આવતા, તો ઘણા ખરા માત્ર ખેતમજૂરો જ થઈ ગયા, જેઓ જમીનદારની જમીન પર મજૂરી કરતા અથવા પડતર જમીનમાંથી ઘાસ વાઢીને ગુજરાન ચલાવતા. તેઓ કોઈ વાર જંગલોની જમીનોના ઠેકેદારોના મજૂરો તરીકે બહુ ઓછા વેતનથી મજૂરી મેળવતા. મજબૂરીના વખતમાં તેમણે 'ખ્વાતી' અથવા ઉધાર અનાજ શરાફો અને જમીનદારો પાસેથી લેવું જ પડતું અને વળી તે પાછું નહિ ચૂકવવાને કારણે તેમણે ''વેઠ'' યા ''બેગાર'' તરીકે મજૂરી કરી આપવી પડતી, જે માટે જમીનદારે તેમને કોઈ વેતન આપવાનું રહેતું નહિ. પરિણામે, ઘણાખરા વોર્લિઓ આ રીતે

પોતાનાં ઉધાર ખેતરોમાં મજૂરી કરતા હોય કે માત્ર ખેતમજૂરો હોય, લગભગ આખું જીવન વાસ્તવિક રીતે ખેતગુલામો અને વેઠિયાઓ તરીકે વૈતરું કર્યા કરતા હતા.

1945માં સૌ પ્રથમ વોર્લિઓને મહારાષ્ટ્ર કિસાન સભાએ સંગઠિત કર્યા હતા. આ સભા પછીથી બહારના નેતાઓ - જેવાં કે ગોદાવરી પુરૂલેકર - દ્વારા ચળવળ કરવા લાગી તેમાં ઠરાવ્યું કે 'વેઠ' 'બેગાર' હવેથી આપવામાં નહીં આવે. 1945ની પાનખર ઋતુમાં વોર્લિ કિસાનોએ ઘાસ વાઢવાના વેતનમાં વધારો કરવાની માગણી કરી અને તે માટે હડતાળ પાડી. ગુંડાઓ અને પોલીસની મદદથી જમીનદારોએ તેમને ડરાવવાની કોશિશ કરી. 10મી ઑક્ટોબર 1945ના દિવસે પોલીસે તો વોર્લિ હડતાળિયાઓની એક સભા ઉપર તલાવડામાં ગોળીબાર કર્યો જેમાં પાંચના મોત થયાં અને ઘણા લોકો જખમી થયા. પણ આ કષ્ટને લીધે વોર્લિઓમાં વધારે હિંમત આવી. તેઓનું સંગઠન તૂટવાને બદલે મજબૂત થયું, અને જતે દિવસે જમીનદારોએ તેમનું વેતન વધારી આપવાનું કબૂલ કર્યું. 1946માં વોર્લિઓની ચળવળ ચાલુ રહી જેમાં તેમની માગણીઓ જંગલમાંનાં કામો, ઝાડ કાપવાનાં કામો, ઠેકેદારો માટે કાપવાનાં ઝાડનાં મોટાં લાકડાં વગેરે કામો માટે વેતન વધારવાની હતી. 1946ના પાનખર પછી તેમણે મહિનાઓ સુધી જંગલમાં કામ કરવાનું જ છોડી દીધું, અને સરકારી દમનને અવગણીને પણ મહારાષ્ટ્ર ટિંબર મર્ચન્ટ ઍસોસિયેશને તેમની વેતન વધારાની માગણીઓ છેવટે કબૂલ કરી લીધી. પરંતુ સ્થાનિક સરકાર આથી એટલી તો ગુસ્સે ભરાઈ કે તેણે વોર્લિઓના ઉપર વેર વાળવાનાં પગલાં રૂપે તેમના બધા અગ્રણીઓને કેદ કર્યા, ઘણાને અટકાયતમાં લીધા, અને ઘણા સામે ફોજદારી કેસો દાખલ કર્યા. સૌથી વધારે ગમખ્વાર બનાવ 7મી જાન્યુઆરી 1947ના દિને બનેલા પાલઘરના ગોળીબારમાં બન્યો, તેમાં બીજા પાંચ ખેડૂતોનાં મૃત્યુ થયાં હતાં. ત્યાર પછી વોર્લિઓની ચળવળ ધીમે ધીમે શાન્ત પડી ગઈ, જોકે ઘણા ચળવળકારો જંગલમાં છુપાઈ ગયા અને ફરીથી જૂથ બનાવવા માટેના વીરતાભર્યા પ્રયત્નો કરતા રહ્યા ખરા...

## (2) બકશ્ત ખેડૂત આંદોલન (Bakasht Peasants Agitation)

વોર્લિઓની ચળવળની તુલનામાં બિહારમાં 1946-47માં થયેલું બકશ્ત ખેડૂત આંદોલન વધારે વ્યાપક તેમ જ વધારે ગંભીર પણ હતું. જમીનદારોનો આ જમીનો પર સીધો વહીવટ ચાલતો અને તે સામેનું આ આંદોલન એક દસકાથી પણ વધારે વખતથી ચાલુ તો થઈ ગયેલું. જે જમીનમાં ગણોતિયા ખેડૂતો હતા તેમાં તેઓનો વહીવટ ચાલતો; જે જમીન તેઓ ભાડૂતી મજૂરો દ્વારા ખેડાવતા તેનું ભાડું જુદી જુદી રીતે અને જુદા જુદા દરે જમીનદારો ઉઘરાવતા અને આ જમીનને ''બકશ્ત'' જમીન કહેવાતી. અન્ય જમીન જે જમીનદારોની પાસે જ રહેતી તે 'ઝીરાતી' જમીન કહેવાતી. આમ તો કોઈ કાયદો આ વર્ગીકરણ માટે હતો નહિ અને તેથી 'બકશ્ત' જમીન ખેડનાર ખેડતોની હાલત ઘણી ખરાબ હતી. તેમને હંમેશાં ધાસ્તી રહેતી કે ગમે તે વખતે જમીનદાર તેમના જમીન ખેડવાના હકને નાબૂદ કરશે અને તેમને જ કાઢી મૂકશે. નવા આવનાર ખેડૂતો એ જમીન ભાડે લેવા વધુ ભાડું ચૂકવવા હંમેશાં તૈયાર રહેતા; ભાડાને 'સલામી' કહેતા, આ ઉપરાંત 1885નો ટેનન્સી એકટ (અથવા ખેડહકનો કાયદો) 'બકશ્ત' જમીનના ખેડૂતોને થોડા તો હકો આપતો હતો, જો તેઓ એક જ જમીનમાં લાગલગાટ અને ભાડાની નિયમિત ચુકવણી 12 વર્ષ પર્યંત કરી ચૂકયા હોય. 1930 ના દાયકામાં જ્યારે જાણવામાં આવ્યું કે સરકાર આ મજબૂર ખેડૂતોને થોડા વધુ હક્કો આપવા કાયદો કરવાનું વિચારી રહી છે, ત્યારે અચાનક ખેડૂતોને હઠાવવાનું વધી ગયું. જોકે સરકારની વિચારણા હજી ગંભીર થવા પામી નહોતી, તેમ છતાં જમીનદારોએ એવી પરિસ્થિતિ પેદા થાય તે પહેલાંજ જૂના ભાડૂતી ખેડૂતોને કાઢી નાખવા માંડ્યા, પરંતુ 'કિસાન સભા' ના ઓઠા હેઠળ ખેડૂતોએ આની વિરુદ્ધ ઝુંબેશ શરૂ કરી, અને 1937 થી 1939 દરમિયાન જમીનદારોના આડતિયાઓ અને સરકારી અધિકારીઓ તેમ જ પોલીસ સાથે હિંસક અથડામણો કરી.

પરંતુ બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં જ આ અથડામણો અટકી ગઈ અને પ્રશ્ન અણઉકલ્યો હોવા છતાં બન્ને પક્ષે હાલ તુરત સમજૂતી કરી હોય એવી સ્થિતિ રહી. 1946માં આ પ્રશ્ન ફરીથી ઊંચકાયો જ્યારે કૉંગ્રેસે બિહારના ચૂંટણી પ્રચારોમાં જમીનદારી પ્રથાને નાબૂદ કરવાનું વચન આપ્યું. જમીનદારોને લાગ્યું કે જો ભવિષ્યમાં આ વચનનું પાલન થાય તો પણ તેમની પોતાની જમીનો તો કોઈ જ છીનવી નહીં લે માટે તેમણે 'બકશ્ત' જમીનોમાંથી ભાડૂતી ખેડૂતોને કાઢી મૂકી તે જમીનોને 'ઝીરાત' તરીકે પલટાવી નાખવાનો પેંતરો રચ્યો. આ નવા કાઢી મૂકવાના પ્રયત્નોનો સ્વાભાવિક રીતે ખેડૂતોએ સામનો કર્યો. 1946ના ગ્રીષ્મમાં આ આંદોલન મોંઘેર, ગયા અને શહાબાદ જિલ્લાઓમાં એક સાથે થયું (ઉપજાવી કાઢેલ) જમીનના દસ્તાવેજોને આધારે કોર્ટના હુકમના ટેકાથી અને લઠિયાલો (ગુંડાઓ) ને લઈને જમીનદારોએ ખેડૂતોને 'બકશ્ત' જમીનો છોડી જવા મજબૂર કરવાના ઈરાદાથી કૂચ કરી. કિસાન સભાના નેતૃત્વ હેઠળ આ ખેડૂતોએ જમીન છોડી જવાની સાફ ના પાડી. તેમણે સત્યાગ્રહ આદર્યો, પછી બન્ને જૂથો વચ્ચે હિંસક અથડામણો થઈ. આગ ચાંપવાના

તેમ જ લૂંટફાટના કેટલાય બનાવો, માણસોનાં મૃત્યુ તેમ જ જખમીઓની સંખ્યા વગેરે વધ્યાં અને છેવટે ધરપકડો અને જેલમાં મોકલવાના બનાવો પણ ખૂબ બનવા લાગ્યા. થોડા જ વખતમાં આ આંદોલન દરભંગા, મધુબાની, મુઝફ્ફરપુર અને ભાગલપુરમાં પણ ફેલાઈ ગયું. આ સંઘર્ષો ઘણા વધારે કટુ બની ગયા કે જ્યારે લણણીની મોસમમાં ખેડૂતોએ ઊભા પાકની રક્ષા પણ કરવાની હતી. આ આંદોલનમાં સ્ત્રીઓ અને બાળકો પણ જોડાયાં અને જમીનદારોના હુમલાખોરોની સામે સ્વયંસેવકોનું જૂથ ઊભું કરવામાં આવ્યું. સરકારના અર્ધદગ્ધ પગલાં - જેવાં કે, 1947માં પસાર કરાયેલો બિહાર 'બિકશ્ત' વિવાદ સમાધાનને લગતો કાયદાની કોઈ ખાસ અસર લડનાર પક્ષો પર પડી નહિ. આ સંઘર્ષ તેમ જ આંદોલનનો અંત ત્યારે જ આવી શક્યો જ્યારે છેવટે કૉંગ્રેસ સરકારને બિહારમાં જમીનદારી નાબૂદ કરતો કાયદો 1948માં પસાર કરવાની ફરજ પડી.

### (3) ત્રાવણકોર આંદોલન (Travancore Agitation)

મહારાષ્ટ્ર અને બિહારનાં આંદોલનો જેવું ત્રાવણકોરમાં થયેલું આંદોલન પૂર્ણ રૂપે ખેતીવાડીના પ્રશ્ને કે માત્ર ગ્રામ્ય વિસ્તારનું ન હતું. તેમ છતાં તેમાં ખેતીને લગતા પ્રશ્નો (જેવા કે જેનમીઓ અથવા જમીનદારો દ્વારા આર્થિક શોષણ, અને ખેતી સાથે સંકળાયેલા વર્ગોએ (જેવા કે શોષિત અને કચડાયેલા ગરીબ ખેડૂતો, ગ્રામીણ કારીગરો અને ખેતમજૂરો) પણ 1946માં થયેલા આંદોલનને વધુ ગંભીર બનાવ્યું. આ બનાવોએ સામ્યવાદીઓના નેતૃત્વ નીચે ખેડૂત આંદોલનની સાથોસાથ કામદાર સંઘનું સંગઠિત આંદોલન હતું, જે ઉત્તર-પશ્ચિમ ત્રાવણકોરના શેરતલ્લાઈ એલેપ્પી ક્ષેત્રમાં થયું. આંદોલન ગામોમાં તેમ જ નાના કસબાની વચ્ચે ફેલાતું રહ્યું. અને તેમાં જોડાનારાઓ હતા ગરીબ ખેડૂતો, ખેતમજૂરો, માછીમારો, ટોડી ઉતારનારા, કાથીના દોરડાના કારખાનાના કારીગરો - આ બધા મોટે ભાગે કચડાયેલા ખેડૂતોના વર્ગમાંથી જ આવતા હતા, અને નાનાં શહેરોમાં કોઈ કોઈ જૂથમાં એકત્ર થયા હતા, જેથી થોડું ઘણું ગુજરાન ચલાવી શકાય. કાથીનાં દોરડાં બનાવનાર કારખાનાંઓના કારીગરો પોતાનો કામદાર સંઘ બનાવી ચૂક્યા હતા, એટલું જ નહીં પણ તેમણે કેટલીક છૂટછાટો પણ મેળવી હતી, જેમ કે કારખાનાં અને મિલોની ભરતીમાં તેમની મંજૂરી લેવી જરૂરી હતી, તેઓ પોતાની રૅશનની દુકાનો ચલાવી શકતા હતા. વગેરે. ત્રાવણકોર રાજ્યના દીવાન, સી.પી. રામસ્વામી આય્યર ઇચ્છતા હતા કે તેમના રાજ્યમાં 'અમેરિકન નમૂના' પર આધારિત બંધારણ ઘડવામાં આવે. પરંતુ આ સામે રાજકીય રીતે જાગ્રત સામ્યવાદીઓ, અને તેમના અનુયાયી હોવાથી કાથીનાં દોરડાંના કારખાનાના કારીગરોના સંઘ દ્વારા વિરોધી લડત મોટે પાયે શરૂ થઈ ગઈ. દીવાન અને રાજાનો મુખ્ય હેતુ એ હતો કે આવા બંધારણનાં પગલાંથી નજીકના ભવિષ્યમાં જ્યારે અંગ્રેજો ભારત છોડી જાય ત્યારે ત્રાવણકોર એક સ્વતંત્ર રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવી શકે. આ બંધારણમાં બિનજવાબદાર એવી સરકાર રચવાની જોગવાઈઓ હતી, જે મુજબ ધારાસભા સાર્વત્રિક મતાધિકારથી ચૂંટવાની હતી. પરંતુ તેના કારોબારી પર કોઈ અંકુશ ન હતો. કારોબારી દીવાનના અધ્યક્ષપણા નીચે ચાલવાની હતી, અને દીવાનની નિમણૂક મહારાજાએ કરવાની હતી. આવા બંધારણ વિરુદ્ધ સામ્યવાદીઓનો આક્રોશ મોટો હતો, અને તેથી રાજ્યના સત્તાધારીઓ એટલે સુધી ઊકળી ઊઠ્યા કે એલેપ્પી ક્ષેત્રમાં પોતાના વિરોધીઓમાં આતંક ફેલાવી દીધો. પોલીસોના કેમ્પ ઊભા થયા, આડેધડ ધરપકડો કરાઈ, અટકાયતો અને રિબામણી શરૂ થયાં. આનાથી છેવટે કામદારોને પોતાના સ્વયંસેવકો દ્વારા સંરક્ષિત છાવણીઓમાં આશ્રય લેવો પડ્યો. રાજ્યના સત્તાધારીઓની હિંસાના વિરોધમાં તેમણે 22મી ઑક્ટોબર, 1946ના દિને એલેપ્પી-શેરતલ્લાઇ ક્ષેત્રમાં સામાન્ય હડતાળનું એલાન કર્યું. અને એલેપ્પી પાસેના પુન્નાપ્રાના પોલીસ કેમ્પ પર હુમલો કર્યો. 25મી ઑક્ટોબરે રાજ્યસત્તાએ તરત જ લશ્કરી કાયદો લાદી દીધો, અને વાયાલાર (શેરતલ્લાઈ પાસે) ખાતે કામદારોના આશ્રયસ્થાન પર 27મીએ સેનાનો હુમલો કર્યો. ત્યાર બાદ જે કરુણ ઘટનાઓ ઘટી તેમાં 800 માણસો માર્યા ગયા. જેઓની શહીદીને કારણે રાજ્યના સત્તાધીશોની સ્વતંત્ર થવાની ઇચ્છાની વિરુદ્ધ જનમત થઈ ગયો, અને અખંડ ભારત સાથે જોડાવાની સાથે સાથે સ્થાનિક સામંતશાહી વિરુદ્ધ પણ જોરદાર ઝુંબેશ શરૂ થઈ.

### (4) તેભાગા ચળવળ (Tebhaga Movement)

વિશ્વયુદ્ધ પછીના ખેતીવિષયક આંદોલનોમાં સહુથી વધુ વ્યાપક આંદોલન તેભાગાનું હતું. તેમાં બંગાળના 19 તાલુકાઓ જોડાયા હતા, 60 લાખ ખેડૂતોએ ભાગ લીધો હતો જેમાં મુસલમાનોનું પ્રમાણ પણ સારું હતું. આ ચળવળ મુખ્યત્વે ભાગિયાના રિવાજથી થતા શોષણની વિરુદ્ધમાં હતી અને આ રિવાજ લગભગ આખાયે બંગાળમાં પ્રવર્તતો હતો. ખાસ કરીને ટેકરીઓવાળી, કાદવવાળી, અને જંગલોવાળી જમીનો ધરાવતાં ક્ષેત્રોમાં થોડા સમયથી જમીનદારો અને રૈયત (ભાગિયાઓ) વચ્ચે એક નવો શોષણખોરોનો વર્ગ ઊભો થયો હતો જેને જોતેદારો કહેતા હતા. (''જોત'' અથવા મોટી જમીનોના માલિકો) જોતેદારોએ મોટી જમીનો ભાડાપટ્ટે લીધી હતી અને ભાડું રોકડમાં ચૂકવ્યાં પછી જમીન વિનાના ખેડૂતોને ભાગિયા તરીકે રાખીને તે

ખેડાવતા ભાગિયાઓ અને જોતેદારો 50 : 50 ના માપે, એટલે કે અડધોઅડધ ભાગના હકદાર રહેતા પરંતુ વાસ્તવમાં ખેડનારનો ભાગ ઘણો ઓછો થઈ જતો કેમ કે તેણે ખેતીનાં સાધનો, બિયારણ, જનાવર વગેરે માટે જોતેદારો પાસેથી પૈસા ઉધાર લેવા પડતા અને તેની ચુકવણી પાકના ભાગમાંથી કરવાની રહેતી. ''અધિયાર'' અથવા ''ભાગચશી'' અથવા ભાગિયાએ જોતેદારની કેટલાક બિનકાયદેસરની માગણીઓ પૂરી કરવી પડતી, તે ઉપરાંત 'નજરાણાં' અને 'સલામી' (જે આ કરાર બનાવવાની મહેરબાનીનો 'પુરસ્કાર' હતો) વગેરે માટે પણ પૈસા ભરવા પડતા કે ભેટ ધરવી પડતી. ઉપરાંત જોતેદારની પોતાની જમીનમાં અવેતન મજૂરી - બેગારી યા વેઠ - પણ આ ભાગિયાએ જ કરવી પડતી. આ પ્રકારનું શોષણ વખત જતાં માત્ર જોતેદારો દ્વારા જ નહિ પરંતુ બેઠાડુ જમીનદારો જેઓ મોટાં શહેરોમાં વ્યવસાયો કરતા હતા અને શારીરિક મહેનત વિનાનાં જ કામો કરતા હતા, તેમના દ્વારા પણ થયું હતું. ભાગિયાઓનો વર્ગ મોટો થતો ચાલ્યો અને 1930-39ના દાયકામાં આવેલી મંદીવાળી આર્થિક સ્થિતિમાં ઘણા ગરીબ ખેડૂતોને ભાગિયા બનવાની ફરજ પડી હતી. બીજાં પાંચ વર્ષોમાં વિશ્વયુદ્ધની અસરથી આવેલો ફુગાવો અને પછીના મહાદુષ્કાળમાં આ ભાગિયાઓ 1940ના દાયકામાં સપડાઈ ગયા.

વિશ્વયુદ્ધ પછી દેખીતી રીતે વિચલિત થઈ ગયેલો ભાગિયાઓને તેમના પારંપરિક રીતના પાકના ભાગલાની રીત ઘણી અન્યાયી જણાવા લાગી. તેથી જ તેઓ બંગાળની પ્રાંતીય કિસાન સભાએ સપ્ટેમ્બર 1946માં ખેડનારાઓ માટે પાકનો 3/4 ભાગ અપાય અને નહિ કે 1/2 એવી માગણી કરી ત્યારે તેમાં જોડાવા માટે જરા પણ અચકાયા નહીં. ''તેભાગા ચાઈ'' (અમારે ત્રણ-ચતુર્થાંશ ભાગ જોઈએ છે) એ આ ચળવળનું જોરદાર સૂત્ર બન્યું. ભાગિયાઓએ પાકને હવે પોતાને આંગણે નાખવા માંડ્યો અને જોતેદારોને ત્યાં રિવાજ મુજબ ખડકવાનું બંધ કર્યું. તેમણે જોતેદારોને એક તૃતીયાંશ ભાગ લેવા કહ્યું અને બે તૃતીયાંશ પોતાને માટે રહેશે એમ જાહેર કર્યું. જે જોતેદારોએ પાકને પોતાના આંગણે ઠલવાવ્યો હતો તેને ત્યાં ભાગિયા પરાણે પહોંચીને પોતાના બે તૃતીયાંશ લઈ આવ્યા. પાક અને અનાજને લીધે થયેલા આ ઝઘડાઓને પરિણામે અસંખ્ય અથડામણો થઈ, ટંટાની જગ્યાઓએ સશસ્ત્ર પોલીસ આવી, લાઠીમાર અને ગોળીબારો પણ થયા, અને ધરપકડો પણ થઈ. આખું ઉત્તર બંગાળ આ ચળવળમાં સામેલ થયું અને જલપાઈગુરી, દીનાજપુર અને રંગપુર ક્ષેત્રે મોટો ભાગ ભજવ્યો. તરત જ આ ચળવળ માયમેનસીંગ, મિદનાપુર, અને ચોવીસ-પરગણામાં પણ થવા લગી. કલકત્તા અને નોઆખલીમાં કોમવાદી દોજખ ઊભું થયું હોવા છતાં આ ચળવળમાં મુસ્લિમ ખેડૂતોએ બહુ સક્રિય ભાગ ભજવ્યો અને ચળવળ માટે આક્રમક નેતૃત્વ પણ પૂરું પાડ્યું. ઘણી ખેડૂત સ્ત્રીઓએ પણ આ ચળવળમાં ભાગ લીધો એટલું જ નહિ નેતૃત્વ પણ કર્યું. પરંતુ દમનકારી સરકાર, લીગ તથા કૉંગ્રેસની અવગણના, બંગાળી મધ્યમ વર્ગની ઘૃણા, અને છેલ્લે વણસેલી કોમવાદી પરિસ્થિતિને લીધે આ ચળવળ કોઈ લક્ષ્ય સાધ્યા વિના જ ધીરે ધીરે સમી ગઈ. માર્ચ 1947ના અંતમાં કલકત્તામાં થયેલાં નવાં રમખાણો અને બીજા ભાગોમાં પડેલી તેની અસરને લઈને છેવટે આ ચળવળ બંધ કરવામાં આવી.

### (5) તેલંગણા ચળવળ (Telengana Movement)

જોકે શરૂઆતમાં તો આટલી વ્યાપક તે નહોતી, તે તેલંગણા ચળવળ જે હૈદરાબાદ રાજ્યના તેલંગણા ક્ષેત્રમાં તેલુગુભાષી લોકોની હતી તે અચાનક જ શરૂ થઈ અને તે ઘણી લાંબી ચાલી હતી, એટલું જ નહિ પણ અન્ય ચળવળોની તુલનામાં સહુથી વધારે આક્રમક ચળવળ ગણી શકાય તેવી હતી. તેમાં મુખ્ય કારણો આ મુજબ હતાં :-

(1) વિદ્રોહી ખેડૂતવર્ગ સામે પગલાં ભરવામાં નિઝામ સરકાર એકદમ જ નિષ્ફળ ગઈ;
(2) વિદ્રોહીઓ દરેક વર્ગના ખેડૂતોને ચળવળમાં સામેલ કરી શકતા હતા - તદ્દન નિર્ધન, ગરીબ અને સાધારણ સ્થિતિના - તેમાં તેમનો સામંતોનો વિરોધ અને શસ્ત્રોનો ઉપયોગ મુખ્ય આકર્ષણ હતાં.

તેલંગણાની ખેતીની પરિસ્થિતિ એવી હતી કે મોટી જમીનોના માલિકો - જમીનદારો અને ઈજારાદારો - નું પ્રભુત્વ હતું, તેટલું જ નહિ પણ દેશમુખ, પટેલ અને પટવારીઓ પણ આ પરિસ્થિતિનો સ્વાર્થી દુરુપયોગ કરતા હતા. આમ તો જાગીરદારો અને ઈજારાદારો ''સર્ફ-એ-ખાસ''ની નક્કી કરેલી જમીનોના વચેટિયા હતા, પણ વાસ્તવમાં તેઓ તેના માલિકોની જેમ જ વર્તન કરતા. તેઓ

- ગણોતિયાના વહીવટને લિલામ કરવો,
- ગણોતિયાનાં ભાડાં વધારવાં,
- તેમને વારંવાર જમીન પરથી ખસેડી દેવાની ધમકીઓ આપવી, અને
- મફતની મજૂરી (વેતલી) અને સેવાઓ (વેટ્ટીચકિરી) તેમની પાસે કરાવવી, એવાં પગલાં સાહજિક હક્કથી ભરતાં અચકાતા નહિ.

રાજ્યના અંકુશ હેઠળની ''દીવાની'' જમીનોમાં પરિસ્થિતિ કંઈ બહુ સારી તો નહોતી જ, જ્યાં ''પટ્ટાદારો'' અથવા ખેડૂત માલિકો એક જાતના મોટી જમીનો ધરાવનાર વર્ગ તરીકે ઊભા થયા હતા. પહેલાના વખતમાં મહેસૂલી વહીવટમાં ''દેશમુખ'' અધિકારીઓ અને ઉઘરાવનારાઓ (પટેલ અને પટવારીઓ) 1860માં પદચ્યુત કરવામાં આવ્યા હતા, અને નિઝામ સરકાર હવે ખુદ સીધી જ ખેડૂતો પાસેથી મહેસૂલ ઉઘરાવતી હતી. પરંતુ આ પગલાંના બદલામાં તે અધિકારીઓને વળતર રૂપે જમીન આપવામાં આવી હતી. પોતાના આ ખાતાના અનુભવ, લાગવગ વગેરે વાપરીને જમીનને લગતા દસ્તાવેજો સાથે ચેડાં કરી, સમાધાન વખતે ગેરરીતિઓ આચરીને વધુ ને વધુ જમીન હડપ કરવાની સ્પર્ધામાં તેઓ પડી ગયા. એક વખત ખૂબ મોટી જમીન હાથમાં આવી ગયા બાદ, તેને ખેડવા માટે બહુ ઊંચા ભાડાથી આપવા માંડ્યા. આમ તેઓની સત્તા અને દરજ્જામાં વધારો થયો અને ગ્રામ્ય સમાજમાં તો તેઓ મધ્યસ્થી તરીકે ન્યાય આપવા જેટલું માન મેળવવા લાગ્યા. લવાદી કરવામાં તેમણે ગ્રામજનો ઉપર ઘણા ગેરકાયદે કર નાખ્યા, ''વેતલી'' અને વેટ્ટીચાકિરી'' જેવી અવેતન મજૂરી અને સેવાઓ લેવા લાગ્યા અને તદન અચકાયા વિના તેઓનું દરેક પ્રકારે શોષણ કરવા લાગ્યા.

આ સાથે જ તેમની જમીનો હડપવાની લાલસા તો સંતોષાય તેમ જ નહોતી. જો આ લાલસાને અનૈતિક રીતોથી પૂરી નહોતી પડાતી તો ખેડૂતો પર દરેક પ્રકારનાં દબાણો લાવી, અને ઘણી વાર તો બળનો પ્રયોગ કરીને પણ જમીનો આ જોતેદારો હડપી લેતા. (1930ના દાયકાનાં પ્રાથમિક વર્ષો અને 1940ના દાયકાનાં પણ પ્રાથમિક વર્ષો) આર્થિક મંદીનાં વર્ષો આવવાથી, અને ફુગાવાનાં વર્ષો આવવાથી પણ, ગરીબીની ખાઈમાં જઈ પડેલા ખેડૂતોને ગરીબીનો સામનો કરી અસ્તિત્વને ટકાવી રાખવા ખાતર પણ જોતેદારો પાસેથી ઉધારી લેવી પડી, અને આથી દેશમુખો ફાવી ગયા.- ઉધારીના પૈસા - અથવા તેનું વ્યાજ પણ - ચૂકતે ન કરી શકવાને લીધે ખેડૂતોએ જમીન આપી દેવી પડી. આમ 1940ના અંત સુધીમાં જમીનની આ લૂંટફાટ ચાલી તેટલા સમયમાં દેશમુખો, પટેલો-પટવારીઓએ 60થી 70 ટકા જેટલી જમીન કેટલાક તાલુકામાં હડપ કરી ચૂક્યા હતા. કેટલાકોની અંગત માલિકીની જમીન 100,000 એકર કે તેથી પણ વધારે હતી.

આ અવિરત જમીન-લૂંટ, ગેરકાયદેસર લાદેલા વેરાઓ, ફરજિયાત વેઠ (વેતલી) અને બેગારી (વેટ્ટીચાકિરી) જેવી સેવાઓ - જે ગ્રામ્ય જનતાના દરેક વર્ગને માથે ઠોકી બેસાડવામાં આવી હતી. આ બધાથી તંગ આવીને તેલંગણાના ખેડૂતોએ વિદ્રોહ કર્યો. સામ્યવાદીઓએ આંધ્ર મહાસભા નામના સંગઠન દ્વારા ખેડૂતોને અસંતોષ અને માગણીઓને વ્યક્ત કરવાનો મોકો આપ્યો. વેતલી, વેટ્ટીચાકિરી અને ગેરકાયદેસર લાદેલા વેરાઓની વિરુદ્ધ નાલગોંણડા, વારંગલ અને કરીમનગર તાલુકાઓમાં એક પછી એક દેખાવો થવા લાગ્યા. 1945 સુધીમાં આ વિરોધો જમીન ધરાવનારા લોકોના આતંક તેમ જ જમીન છીનવી લીધી હોય તેવા દાખલાઓમાં, જેમાં ખેડૂતોને હઠાવી દેવામાં આવ્યા હોય અને બળનો પ્રયોગ થયો હોય, તેની વિરુદ્ધ પણ ચળવળ થવા લાગી. જમીનદારોના સશસ્ત્ર ગુંડાઓનાં ટોળાં અને તેમની તરફદારી કરતી રાજ્યની પોલીસે ખેડૂતોના આ શાંતિપૂર્ણ આંદોલનને કચડવાના પ્રયાસ કર્યા ત્યારે તેલંગણાના ખાસ તો નાલગોંડાંના ખેડૂતોને શસ્ત્રો ઉગામ્યા વિના છૂટકો નથી એવી પ્રતીતિ થઈ. આવી સશસ્ત્ર અથડામણો કેટલેક ઠેકાણે તો થઈ ચૂકી હતી જે લગભગ 1946ની શરૂઆતના મહિનાઓમાં જણાઈ હતી. પરંતુ ખરેખર યુદ્ધ જેવી અથડામણો એ વર્ષની જુલાઈની ચોથી તારીખથી શરૂ થઈ તે દિવસે જનગાંવ (અથવા નાલગોંડા)ના વિસુનૂરી દેશમુખે વિરોધના દેખાવો કરતા ખેડૂતોનાં ટોળાં પર ગોળીબાર કર્યો. જેમાં ડોડી કોમારટયા નામનો ખેડૂત મરણ પામ્યો. કોમારય્યાની શહીદીને લીધે કોપાયમાન થયેલા ખેડૂતોની ચળવળ એટલી તો ઉગ્ર બની અને વ્યાપક પણ થઈ ગઈ કે જેને પોલીસ કાબૂમાં રાખી ન શકી.

નિઝામ સરકારે સામ્યવાદી પક્ષ અને આંધ્ર સભાને રાજ્ય પૂરતાં ગેરકાયદે જાહેર કર્યાં, અને ખેડૂતોની સામે સૈન્યની મદદ લેવાની યોજના બનાવી. 1947ની શરૂઆતમાં થોડા લોહિયાળ બનાવો, ઘણી બધી રિબામણી અને માલહાનિ બાદ સૈનિક કાર્યવાહી સફળ થતી જણાઈ પણ વિદ્રોહીઓએ એ વર્ષની મધ્યમાં પુનઃ વિસ્તૃત વિરોધ કર્યો અને ત્યાર બાદ ગેરીલા પદ્ધતિથી સૈન્યને હંફાવવાને લીધે આ છાપ ભૂંસાઈ ગઈ કે સૈન્યનો હાથ ઉપર હતો. 1951 સુધી સતત આ આંદોલન ચાલ્યા કર્યું. સૌથી વધુ વ્યાપક પ્રમાણમાં તે ચાલ્યું ત્યારે તેમાં 300 ગામડાંઓ, 16000 સમચોરસ માઈલમાં અને લગભગ 30 લાખની વસ્તીને તેણે આવરી લીધાં હતાં. આમ જુઓ તો આ આંદોલન પછીથી સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પ્રવેશી ચૂક્યું હતું.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

(ક) રોયલ ઇન્ડિયન નેવીના નાવિકોએ કરેલી માંગણીઓની યાદી લખો.

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

(ખ) સીધા સંઘર્ષો અને આડકતરા સંઘર્ષોમાં મુખ્ય તફાવત શો હતો ?

--------------------------------------------------------------------------------

(ગ) નીચેનાં વિધાનો સાચાં(✓) છે કે ખોટાં (✗) ?

(1) આઈ.એન.એ. મુકદમાઓને લીધે ઉત્પન્ન થયેલી ચળવળ હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે વહેંચાઈ ગઈ હતી.

(2) બિહારનું ખેડૂત આંદોલન ગણોતહકના પ્રશ્નને લગતું હતું.

(3) ત્રાવણકોરનું આંદોલન માત્ર ખેતી વિષયક પ્રશ્નો માટે થયું.

(4) તેલંગણા આંદોલન સ્વાતંત્ર્ય પછી પણ ચાલુ રહ્યું.

(5) પટેલ અને જીન્નાએ નાવિકોને શરણાગતિ માટે સમજાવ્યા.

(6) તેલંગણા આંદોલનનું આયોજન સામ્યવાદીઓએ કર્યું હતું.

## 35.5 સારાંશ

1945-47 દરમિયાનનાં લોકઆંદોલનોથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં સામાન્ય પુરુષો અને સ્ત્રીઓ હવે સંસ્થાનવાદનો અંત લાવવા જાગ્રત થયાં હતાં. આ - જાગૃતિને લીધે તેમને એ માટે, અને નૂતન સંસ્થાનવાદનો પણ વિરોધ કરવાની આંતરિક શક્તિ પણ પ્રાપ્ત થઈ હતી. ઘણા વિકટ સમયમાં ભારતીય પ્રજાની એ શક્તિ જણાઈ આવી જેથી તે પોતાના મતભેદોથી ઊંચે ઊઠી શકતી હતી, અને એકતા અને સમતા રાખીને પગલાં ભરી શકતી હતી. તે ઉપરાંત આ કાર્ય લોકોએ કોમવાદી અને વિખવાદી સંયોગોમાં કરી બતાવ્યું તે તેની પ્રચંડ શક્તિ બતાવે છે. ભારતમાં પ્રવર્તતી હતાશાની લાગણીમાં આ એક આશાનું કિરણ હતું. મુસ્લિમ લીગના નેતાઓ રાજકીય તાકાતની રમતમાં વ્યસ્ત હતા, અને અંગ્રેજોને ઇશારે નાચતા હતા તેથી તેમને આ યથાર્થતાનાં લક્ષણો પરખાયાં નહિ. માત્ર જેઓ સંપૂર્ણ રીતે રાષ્ટ્રીયતામાં માનતા હતા, જેમણે પૂર્ણ જીવન લોકોને તે માટે જાગ્રત અને સજ્જ કરવા તેમ જ ભારતને અખંડ રાખવાના હેતુ માટે સમર્પિત કર્યું હતું તેવા નેતાઓ જ આ આંદોલનોમાં જણાતી એકતાને અને શક્તિને પિછાણી શક્યા, તેમ છતાં અત્યાર સુધીમાં હતોત્સાહ થઈ ચૂક્યા હોવાથી તેમ જ વાટાઘાટોથી પણ સમાધાન કરી લેવાની ઉતાવળમાં હોવાથી, તેઓ પણ આ લડતોને વ્યાપક કરી શકવાને શક્તિ ધરાવતા ન હતા તેમ જ નિશ્ચયાત્મક રીતે આયોજન કરી શકે તેમ ન હતા. પરિણામે 1945-47ના ગાળામાં થયેલી લોક લડતોને કૉંગ્રેસે પણ અવગણવાનું વધારે પસંદ કર્યું. એટલું જ નહિ પણ જો આ લડતો વધુ ઉગ્રવાદ અને ઉદ્દામવાદ પ્રત્યે ઢળતી જણાતી તો તેને અવરોધવાની પ્રવૃત્તિ પણ તેણે કરી. શાંતિપૂર્ણ રીતે સત્તાની ફેરબદલી થાય તેને વિશે કૉંગ્રેસ એટલી ઉત્સુક હતી કે એ ભૂલી ગઈ કે જો દેશના ભાગલા થશે તો રાષ્ટ્રવાદીઓ પોતાના ભાગને ગમે તેટલો સંરક્ષિત રાખશે તોપણ નૂતન નવ સંસ્થાનવાદીઓની ચાલોથી બીજા ભાગમાં રક્ષણ કરવા તેઓ અશક્ત થઈ જશે. આમ, સંસ્થાનવાદીઓની ભારતીય ઉપખંડમાં ચાલુ રહેવાની આશા તદન નાબૂદ ન થઈ.

## 35.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**Balkanisation :** ઘણા વિભાગોમાં વહેંચણી થવી.

**Fifth Columnists :** આ દેશદ્રોહીઓને અપાતું નામ છે, જેઓ ભૂગર્ભમાં રહીને ષડ્યંત્રો રાજ્યવિરુદ્ધ રચતા હોય (''પાંચમા કતારીઆ'')

**Direct Action :** મુહમ્મદ અલી ઝીણાએ મુસ્લિમોને કરેલી અપીલ 16મી ઑગસ્ટ, 1946 અંગ્રેજોની જાહેરાત કે લીગ ભાગ (યા સીધાં પગલાં) લે અથવા ન લે તો પણ વચગાળાની સરકાર રચાશે. આ જાહેરાત સામે આ અપીલને લીધે કોમી ખૂનરેજી થઈ.

**Hegemony :** અંકુશ, કાબૂ

**Martials and Non-Martials :** અંગ્રેજોએ કરેલું પ્રજાનું નવું કૃત્રિમ વર્ગીકરણ જેમાં ભારતીયોના કેટલાક લોકો (જેમ કે શીખો) ને ''લડાયક પ્રજા'' ગણાવી અને અન્યોને ''બિન લડાયક'' પ્રજા.

## 35.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) (1) ✓ (2) ✓ (3) ✗ (4) ✗ (5) ✓ (6) ✓

(2) તમારા ઉત્તરમાં અંગ્રેજોની એ નીતિનો ઉલ્લેખ થવો જોઈએ કે તેઓ મુસ્લિમ લીગને બધા જ મુસ્લિમોની એક માત્ર પ્રતિનિધિ પક્ષ ગણતા હતા અને કૉંગ્રેસના એ દાવાનો વિરોધ કરતા હતા કે તેઓ પણ મુસ્લિમોનું પ્રતિનિધિત્વ કરે છે અથવા કરી શકે છે; તેમની બંધારણીય વાટાઘાટોને સફળ ન થવા દેવાની યુક્તિઓ; લીગને જુદી જુદી રીતે ટેકો આપવાની યોજના;જુઓ 35.2.3

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) (1) ✗ (2) ✗ (3) ✓ (4) ✗

(2) બીજા વિશ્વયુદ્ધ પછી પરિસ્થિતિમાં આવેલા પરિવર્તનનું તમારે વર્ણન કરવું જોઈએ; સરકારે કૉંગ્રેસ પ્રતિનું વલણ કેવું બદલ્યું તે લખવું જોઈએ. કૉંગ્રેસના અટકાયતમાં લીધેલા નેતાઓ સાથે વાટાઘાટો શરૂ કરી તેમને નવી ચળવળનું આયોજન કરતાં કેવી રીતે રોક્યા તે જણાવવું જોઈએ. જુઓ 35.3.

(3) મજૂર પક્ષના વિજયથી રાષ્ટ્રવાદીઓને ઊભી થયેલ આશાઓ વિશે લખો. જુઓ 35.3.2.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(1) આમાં સામાન્ય રાષ્ટ્રીય માગણીઓ, જેવી કે આઝાદ હિંદ ફોજના સૈનિકોનો છુટકારો, રાજકીય કેદીઓનો છુટકારો, ઇન્ડોચાઇના અને જાવામાંથી ભારતીય સૈન્યને પાછું બોલાવી લેવું, ઉપરાંત ખાસ માગણીઓ જેવી કે સારો ખોરાક, સારી વર્તણૂક અને સમાન પગારધોરણ જણાવો.

(2) સીધા લોકસંઘર્ષો અંગ્રેજ સરકારની સામે હતા. આડકતરા સંઘર્ષો સામ્રાજ્યવાદી સરકાર સામે ન હતા બલ્કે તેના દેશી સમર્થકો, જેવા કે જમીનદાર, દેશી રાજવીઓ વગેરેની સામે હતા. તેમ છતાં ભારતીય પ્રજામાં એકતા લાવવામાં તેઓ સફળ થયા, અને તે રીતે સરકાર વિરુદ્ધ હતા.

(3) (1) ✗ (2) ✓ (3) ✗ (4) ✓ (5) ✓ (6) ✓

# એકમ 36 કોમવાદ અને બ્રિટિશકાળના ભારતનું વિભાજન

## (Communalism and the Partition of British India)

**રૂપરેખા**


36.0 ઉદ્દેશો

36.1 પ્રસ્તાવના

36.2 પાકિસ્તાનની પૂર્વભૂમિકા

36.2.1 મુસ્લિમ લીગની કાયાપલટ

36.2.2 હિંદુ કોમવાદનો ઉગ્રવાદી તબક્કો

36.2.3 અંગ્રેજોની નીતિ

36.3 વિશ્વયુદ્ધ પછીની ઘટનાઓ

36.3.1 સિમલા પરિષદ અને ચૂંટણીઓ

36.3.2 કૅબિનેટ મિશન યોજના

36.3.3 વચગાળાની સરકારની રચના

36.3.4 અંગ્રેજોની સત્તાના હસ્તાંતરણ માટેનો સમય નિશ્ચિત કરવા વિશે

36.3.5 ત્રીજી જૂન યોજના અને તેનો નિષ્કર્ષ

36.4 કૉંગ્રેસ અને વિભાજન

36.5 કોમી સમસ્યાના ઉકેલ માટે કૉંગ્રેસના પ્રયાસ

36.5.1 સમાધાનનાં ભયસ્થાનો

36.5.2 મૂળભૂત નિષ્ફળતા

36.6 સારાંશ

36.7 મુખ્ય ચાવીરૂપ શબ્દો

36.8 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો


## 36.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પછી તમે -

- અંગ્રેજ સત્તાના છેલ્લા દાયકામાંના કોમવાદની પ્રકૃતિ વિશે જાણી શકશો;
- પાકિસ્તાનની માગણી માટેની પૂર્વભૂમિકાનો ખ્યાલ આવશે;
- રાજકીય વિભાજન સુધીની રાજકીય ઘટનાઓનો ક્રમ સમજી શકશો; અને
- પાકિસ્તાનની રચનામાં મુસ્લિમ લીગ, કૉંગ્રેસ તેમ જ અંગ્રેજોએ ભજવેલી ભૂમિકા સમજી શકશો.

## 36.1 પ્રસ્તાવના

વિભાગ (4)ના 14મા એકમમાં આપણે જોયું કે કેવાં જુદાં જુદાં પરિબળો આધુનિક ભારતમાં કોમવાદને પ્રગટ કરવામાં તેમ જ તેનો વિકાસ કરવામાં કારણભૂત હતાં. 1940 સુધીના મુખ્ય બનાવો જે કોમવાદને લગતા છે તેની સાથે તમે હવે સુપરિચિત છો જ. છતાં ચાળીસીનો દાયકો કોમવાદ માટે ખૂબ જ મહત્ત્વનો તેમ જ નિશ્ચયાત્મક સમય ગણી શકાય. આ જ સમયગાળામાં સહુથી મોટી કોમવાદી માગણી – પાકિસ્તાનની માગણી – રજૂ થઈ અને તેને મુસ્લિમ લીગે ખૂબ લોકપ્રિય બનાવી. આ જ દાયકામાં પાકિસ્તાનનું અસ્તિત્વ પણ ઊભું થયું – 1947માં. આ એકમમાં તમને પાકિસ્તાનની રચનાની પ્રક્રિયા વિશે સમજાવાશે અને સંક્ષેપમાં તે માટેના મુખ્ય બનાવોનું વર્ણન પણ થશે.

## 36.2 પાકિસ્તાનની પૂર્વભૂમિકા (Background to Pakistan)

પાકિસ્તાન માટેની માગણી શૂન્યમાંથી નહોતી ઉદ્‌ભવી. કેટલાક રાજકીય બનાવોને લીધે – જે ખાસ કરીને 1937 પછીનાં છે – આ માગણી ઊભી થઈ હતી. 1937 પછીનાં વર્ષોમાં હિન્દુ તેમ જ મુસ્લિમ કોમવાદી વલણોમાં મોટા ફેરફારો થયા. પાકિસ્તાનની માગણીમાં અંગ્રેજ કૂટનીતિ પણ ક્રિયાત્મક રહી અને તેને સ્વીકૃતિ અને વજૂદ આપીને અંગ્રેજ સરકારે પોષણ આપ્યું. આ દરેકની ભૂમિકાને અલગ અલગ સમજીએ.

### 36.2.1 મુસ્લિમ લીગની કાયાપલટ (Transformation of Muslim League)

મુસ્લિમ કોમવાદમાં 1937નું વર્ષ પરિવર્તનનું વર્ષ હતું. પ્રાંતીય ધારાસભાઓ માટેની ચૂંટણીઓ તે વર્ષે યોજાઈ અને 492માંથી માત્ર 109 બેઠકો લીગે મેળવી; અને કુલ મુસ્લિમ મતના 4.8% મતો જ મેળવ્યા. આ કંગાળ પરિણામોથી લીગને સમજાયું કે તેણે પોતાનો મતદાર પાયો વિસ્તારવો જોઈશે, ખાસ કરીને શહેરી વિસ્તારના

નિમ્ન મધ્યમ વર્ગમાં. આ હેતુ બર લાવવા માટે સમગ્ર સામાજિક, આર્થિક અને રાજકીય કાર્યક્રમમાં મૂળભૂત પરિવર્તન લાવતો નવો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો, જેથી અત્યારનો લીગનો મતદાર વર્ગ જે જમીનદારો અને રૂઢિગત હતો તેટલો જ સીમિત ન રહે. આથી લીગે એક નવા સૂત્રનો ઘોષ કર્યો, '' ઇસ્લામ જોખમમાં છે,'' અને તે જોખમ સંભવિત 'હિન્દુ રાજ' તરફથી છે. પોતાના ધર્મને બચાવવાની આ અપીલને કારણે આ લડત ધીમે ધીમે રાજકીય ન રહેતાં અન્ય ધર્મના અનુયાયી પ્રત્યે વેરની અને ઘૃણાની ભાવના જગાડવા લાગી. વિલિયમ સી. સ્મિથના કહેવા મુજબ, કોમવાદી પ્રચારમાં ''જુસ્સો, ડર, ઘૃણા અને કટુ તિરસ્કાર''ની ભાવનાઓ ભારોભાર જણાવા લાગી હતી. ઝીણા તથા લીગના અન્ય નેતાઓએ જાહેર કર્યું કે કૉંગ્રેસ પક્ષનો મૂળ હેતુ સ્વતંત્રતા નહી પણ એક હિંદુ રાજ સ્થાપવાનો છે જેથી તેમનો મૂળ આશય પૂરો થાય અને તે છે મુસ્લિમો ઉપર શાસન અને તેમના ધર્મની તબાહી. મુસ્લિમ માનસમાં એક વખત હિન્દુ રાજનો ડર ઊંડો પેસી ગયો, પછી મુસ્લિમો માટે ખાસ જુદા રાજ્ય માટે માગણી કરવી, એવું રાજ્ય જ્યાં તેઓ જીવી શકે અને પોતાનો ધર્મ તદ્દન સ્વતંત્રતાથી પાળી શકે, એવા રાજ્ય માટે માગણી કરવી એ ઘણું સહેલું હતું. ડર અને ધિક્કારના રાજકારણમાંથી સ્વાભાવિક રીતે 1937 પછી લીગે જુદા રાજ્ય – પાકિસ્તાન – ની માગણી કરી. માર્ચ 1940માં લીગના લાહોર અધિવેશનમાં વિખ્યાત ''લાહોર ઠરાવ'' પસાર થયો, જેમાં માત્ર મુસલમાનો માટે સાર્વભૌમ રાજ્યની રચનાની માગણી કરી અને તેનું કારણ એમ દર્શાવાયું કે હિન્દુઓ અને મુસ્લિમો બન્ને જુદી જુદી રાષ્ટ્રીયતા ધરાવે છે, જુદાં રાષ્ટ્રો છે.

### 36.2.2 હિંદુ કોમવાદનો ઉગ્રવાદી તબક્કો (Extremist Phase of Hindu Communalism)

આ બાજુ હિંદુ કોમવાદીઓ 1937ની ચૂંટણીમાં મુસ્લિમોથી પણ વધુ ખરાબ સ્થિતિમાં મુકાયા હતા. તેમણે પણ એ જ પસંદગી કરવાની હતી, કાં તો તેમણે પોતાની લોકપ્રિયતા વધારી મૂકવી, નહિ તો ખતમ થઈ જવું. 1938માં જ્યારે કૉંગ્રેસે પોતાની સંસ્થામાં કોમવાદીઓને કામ કરવાની મનાઈ ફરમાવી, ત્યારે વળી તેમની દ્વિધા ઓર વધી ગઈ. એ લોકોને પણ નવો આધાર અને નવો કાર્યક્રમ જરૂરી બન્યો. અને તેથી તેમણે પણ ધર્મની ભાવનાનો આશરો લીધો, અને ભય અને ધિક્કારનું વાતાવરણ જેમ લીગે ઊભું કર્યું હતું તેવું જ ઊભું કરી ફાયદો લેવા પ્રવૃત્ત થયા.

મદન મોહન માલવિયાની જગ્યાએ હવે એવા નેતાઓ આવ્યા કે જેઓ પોતાના અનુયાયીઓને (ફાસીસ્ટ) ફાસીવાદી દિશામાં લઈ જવા પણ તૈયાર હતા – જેવા કે વી. ડી. સાવરકર, જે હિંદુ મહાસભાના હતા; અને એમ. એસ. ગોળવલકર જે રાષ્ટ્રીય સેવક સંઘના હતા. ગોળવલકરનું પુસ્તક 'અમે' (We) હિંદુ કોમવાદનું જાહેરનામું બન્યું. તેમાં મુસ્લિમોને શયતાન જેવા દેખાડ્યા હતા અને તેમને ટેકો આપવા માટે કૉંગ્રેસીઓને પણ 'આપણા સહુથી મોટા સુદઢ દુશ્મનો' તરીકે વગોવવામાં આવ્યા હતા. મુસ્લિમોને જણાવવામાં આવ્યું કે તેઓ ભારતમાં માનથી રહેવા ઇચ્છતા હોય તો તેમણે એટલે કે વિદેશી મટીને ભારતીય બનવું પડશે, જો તેઓ તેમ નહિ કરે તો તેઓને નાગરિક હકો પણ નહિ આપવામાં આવે, પછી વિશિષ્ટ અધિકારો અથવા લઘુમતી તરીકેના સ્થાનથી મળતા હક્કોની તો વાત જ ક્યાં? ભારતમાં માત્ર હિંદુઓ જ રહેશે એ વાત ઉપર ભાર મૂકી મુસ્લિમોએ કાં તો ભારત છોડી દેવું જોઈએ નહિ તો બીજા દરજ્જાના નાગરિક તરીકે જીવવાની તૈયારી રાખવી જોઈએ, એવું ઠસાવવા માગતા હિંદુ કોમવાદીઓ ''બે-રાષ્ટ્ર''ની માન્યતાનો આ અર્થ કાઢી પોતાની ''જુદી માતૃભૂમિ''ની માગ કરવા લાગ્યા.

1946-47માં હિંદુ કોમવાદીની કડવી ભાષા પરાકાષ્ઠાએ પહોંચી ગઈ. કોમી રમખાણો વધવા લાગ્યાં હતાં અને કૉંગ્રેસ તેને રોકવાને અસમર્થ પુરવાર થઈ. એમાં પાકિસ્તાન-તરફી વલણને પણ તે રોકી શકી નહિ. હિંદુઓના ઉદ્ધારકો તરીકે પોતાનો પ્રચાર કરીને હિંદુ કોમવાદીઓએ પણ પોતાની લોકપ્રિયતા વધારી દીધી. કૉંગ્રેસની અહિંસા અને કોમી એકતા જેવી ભાવનાઓથી હિંદુઓની મરદાઈનો નાશ થાય છે એમ જણાવી મુસ્લિમોનો સામનો કરવા તેમ જ તેમને પાઠ ભણાવા આ કોમવાદીઓ પ્રજાને ઉશ્કેરવા લાગ્યા. ભારતના રાજકીય વિભાજન પછી તો આ લોકો હજી વધારે ઉગ્ર બન્યા અને ભાગલા પછીના ઉશ્કેરાટભર્યા વાતાવરણમાં તેમનો વિકાસ વધુ ઝડપી બન્યો. પાકિસ્તાન એક મુસ્લિમ રાજ્ય હતું માટે ભારતને 'હિંદુ' રાજ્ય બનાવવું – ઘોષિત કરવું – જોઈએ એવી માંગણી થવા લાગી. (ઘણી જગ્યાએ તોફાનો કરાવી શાસનમાં અડચણો ઊભી કરીને પણ) જ્યારે તેમની સરકારને ઉથલાવવાની આશા પર પાણી ફર્યું ત્યારે તેમણે કૉંગ્રેસના નેતાઓને બદનામ કરવાનું શરૂ કર્યું. તેમાંથી ગાંધીજી પણ બાકાત નહોતા અને તેમના પર આક્ષેપ મુકાયો કે હિંદુ રાજ્ય માટે તો તેઓ દેશદ્રોહી ગણાય (કેમ કે તેમને મુસ્લિમો તથા પાકિસ્તાન પ્રત્યે કૂણી લાગણી હતી) – અને 'ગાંધીને મોત' જેવાં સૂત્રો પણ સંભળાવા લાગ્યાં, જે આર. એસ. એસ. અને હિંદુ મહાસભાનાં સંમેલનોમાં જોરશોરથી બોલાતાં હતાં. અને છેવટે 30મી જાન્યુઆરી, 1948ના દિને ગાંધીજીની હત્યા પણ થઈ. આ બનાવથી સ્પષ્ટ થયું કે કોમવાદી વલણો અને પરિબળો હવે પરાકાષ્ઠાએ પહોંચ્યાં છે. આ કોમવાદનું

આવેલું આક્રોશમય પરિવર્તન – જે ગાંધીજીની હત્યામાં પ્રગટ થયું – તેણે પણ પાકિસ્તાનની રચના માટે ફળદ્રુપ જમીન તૈયાર કરી દીધી, એક વિશિષ્ટ અને અનુરૂપ વાતાવરણ ઊભું કર્યું.

### 36.2.3 અંગ્રેજોની નીતિ (The British Policy)

મુસ્લિમોનો કોમવાદ ફૂલ્યો ફાલ્યો તેનું મુખ્ય કારણ હતું અંગ્રેજો તરફથી થયેલું તેનું હાર્દિક પોષણ. સરકારી ટેકો છડેચોક દેવામાં આવતો હતો. 1937ની 'ભાગલા પાડો અને સત્તા ભોગવો (Divide and Rule)' ની નીતિ અપનાવીને અંગ્રેજોએ કોમવાદનાં બી બહુ ઊંડાં રોપ્યાં. બે કોમો વચ્ચેની ખાઈ દૂર કરવી લગભગ અશક્ય બની. અન્ય કોઈ મુદ્દા પર પ્રજામાં આ સમયે વિખવાદી તરકીબો ઊભી કરવી અશક્ય હતી. આ પહેલાં પણ સત્તાધારકોએ જમીનદારો અને ખેડૂતો તથા દલિતોને બાખડી પાડ્યા હતા, અને એ રીતે રાષ્ટ્રીય ચળવળને છિન્નભિન્ન કરીને કૉંગ્રેસને જ જમણેરી અને ડાબેરી પક્ષોમાં વિભાજિત કરીને લડાવી મારવાની પેરવી કરી હતી, પણ હજી ખાસ ફાવ્યા ન હતા. 1937ની ચૂંટણીઓમાં દેખાયું કે એક માત્ર શસ્ત્ર બચ્યું હોય જેનાથી ભારતના રાષ્ટ્રવાદને વિભાજિત કરવો હોય તો તે હતો કોમવાદ.

બીજા વિશ્વયુદ્ધની શરૂઆત બાદ વાઇસરૉય લિનલિથગો દ્વારા મુસ્લિમ લીગનું ઘણી ચીવટથી પાલનપોષણ કરવામાં આવ્યું. કૉંગ્રેસની માગણી હતી કે બીજા વિશ્વયુદ્ધ પછી ભારતને આઝાદી આપવાનું અંગ્રેજોએ વચન આપવું; એટલું જ નહિ પણ તે વચનમાં તેઓની ગંભીરતા પુરવાર કરવા તાત્કાલિક જ તેમણે ભારતીયોને સરકાર સોંપી દેવી જોઈએ. આ માગણીની સામે અંગ્રેજોએ કૂટનીતિથી મુસ્લિમ લીગની પાકિસ્તાનની – લગ રાષ્ટ્રની – માગણી ધરી, જેથી કૉંગ્રેસની માગણી પૂરી ન કરવાનું બહાનું મળે. અંગ્રેજોએ જાહેર કર્યું કે હિંદુઓ અને મુસ્લિમોએ પ્રથમ એક સમજૂતી કરી લેવી જોઈએ કે સત્તાની ફેરબદલી કઈ રીતે થાય અને પછી જ તે માટેની પ્રક્રિયા શરૂ કરી શકાશે. સરકારે લીગને મુસ્લિમોના પ્રતિનિધિ પક્ષ તરીકે માન્યતા આપી (જોકે હકીકતમાં છેલ્લી ચૂંટણીઓનાં પરિણામો જોતાં આ દરજ્જો તે શોભાવી શકે તેમ નહોતી, તેમ છતાં આ પગલું જાહેર થયું). અને તેને વચન આપ્યું કે અંગ્રેજો એવા કોઈ રાજકીય સમજૂતી પર હસ્તાક્ષર નહિ કરે જે લીગને સ્વીકાર્ય ન હોય. આ તો સમગ્ર અને વ્યાપક વીટોની સત્તા જ લીગને સોંપી દીધી ગણાય, જેનો ઝીણાએ યુદ્ધ સમાપન પછી ફાવતો ઉપયોગ કર્યો.

### ક્રિપ્સ મિશન : માર્ચ-એપ્રિલ, 1942 (The Cripps Mission : March - April 1942)

સ્ટ્રેફોર્ડ ક્રિપ્સ (જેઓ ઇંગ્લૅન્ડના મજૂર પક્ષના એક નેતા હતા અને કૉંગ્રેસના ઘણા નેતાઓ સાથે મૈત્રીભર્યા સંબંધો રાખતા હતા) 1942ના માર્ચમાં એક મિશન લઈને ભારત આવ્યા જેનો જાહેર કરેલો હેતુ હતો, ''બને તેટલી જલદીથી ભારતમાં સ્વરાજ્યની સ્થાપના.'' પરંતુ આ જાહેર કરેલા હેતુઓ ક્રિપ્સની જે દરખાસ્તો હતી તેમાંથી પ્રાપ્ત થાય તેમ નહોતા. તેમાં ભારતને સ્વતંત્રતા અને સાર્વભૌમત્વ નહિ પરંતુ ''સાંસ્થાનિક દરજ્જો (Dominian Status) આપવાની દરખાસ્ત હતી. દેશી રાજવીઓના નીમેલા પ્રતિનિધિઓ પણ બંધારણ સભામાં અલગથી સામેલ કરવાના હતા. આ ઉપરાંત એ પણ સ્પષ્ટ હતું કે નવી કારોબારી સમિતિમાં અંગ્રેજો સંરક્ષણ ખાતું પોતાની પાસે જ રાખશે. હિંદી વજીર, એમરીએ કહ્યું તેમ, કૉંગ્રેસીઓ આ દરખાસ્તોને કબૂલ કરે તેમ નહોતું કેમ કે એ રૂઢિચુસ્ત, પ્રતિક્રિયાત્મક અને અતિસીમિત દરખાસ્તો હતી. સહુથી વધુ યુક્તિવાળી દરખાસ્તો એ હતી કે તેમાં 'પાકિસ્તાન' ની વાત પાછલે દરવાજેથી દાખલ કરાઈ હતી જેમાં 'સ્થાનિક પસંદગીનો આધાર રખાયો હતો. નવા ઘડાનારા બંધારણને જો પ્રાંતો નાપસંદ કરે તો તેઓને અંગ્રેજ (બ્રિટનની) સરકાર સાથે કરાર કરવાનો અને આ બંધારણને ફગાવી દેવાની સ્વતંત્રતા હતી, અને પોતાનો ભવિષ્યનો દરજ્જો નક્કી કરી શકે તેમ હતું.

ક્રિપ્સ મિશન નિષ્ફળ ગયું, પણ તેમાંની દરખાસ્તોએ મુસ્લિમ લીગની પ્રવૃત્તિઓને વેગ આપ્યો અને પાકિસ્તાનની માગણીને સરકારી દસ્તાવેજમાં સ્થાન આપી સ્વીકાર અને ટેકો આપ્યો. એ ઉપરાંત પ્રાંતીય સ્વાયત્તતાનો પણ આધાર આપ્યો. જ્યારે આ માગણી વિશે હજી ભારતીયો પોતે ગંભીર નહોતા ત્યારે તેને સરકારી પોષણ મળવાથી પણ પાકિસ્તાનની માંગણીને બળ મળ્યું.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(ક) મુસ્લિમ લીગે 'ઇસ્લામ જોખમમાં છે'નું સૂત્ર કેમ શરૂ કર્યું? દસેક લીટીમાં ઉત્તર લખો.

-----------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------

(ખ) નીચેનાં વિધાનોમાંથી સાચાં (✓) અને ખોટાં (✗) માટે નિશાની કરો :-

(1) 1937-38 પછી હિંદુ કોમવાદે ફાસીવાદી વલણ અપનાવ્યું.

(2) પાકિસ્તાન પ્રતિ પ્રયાણમાં ક્રિપ્સની દરખાસ્તો એક મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

(3) 1940 પછી અંગ્રેજ સરકારે મુસ્લિમ કોમવાદનો વિકાસ અટકાવવાના પ્રયાસો આદર્યા.

## 36.3 વિશ્વયુદ્ધ પછીની ઘટનાઓ (Post-War Developments)

આ એકમમાં આપણે ક્રમિક રીતે બનેલા બનાવો જોઈશું જે વિશ્વયુદ્ધના સમાપન પછી થયા, અને પાકિસ્તાન બનાવવા મદદરૂપ થયા. આ બે વર્ષમાં થયેલા બનાવોને આધારે જ વિભાજન માટે વાતાવરણ અને પાકિસ્તાનની રચનાને સાકાર કરવાની શક્યતાઓ ઊભી થઈ એમ કહી શકાય.

### 36.3.1 સિમલા પરિષદ અને ચૂંટણીઓ (Simla Conference and Elements)



19. સિમલા ખાતે નેહરુ અને ઝીણા

બીજા વિશ્વયુદ્ધના અંતે વાઇસરૉય લૉર્ડ વેવેલે જૂન 1945ના મધ્યમાં કૉંગ્રેસના નેતાઓને જેલમાંથી છોડી મૂક્યા અને તેમને સિમલામાં કામચલાઉ રાજકીય સમાધાન માટે આમંત્ર્યા, જેમાં ભારતીયો દેશના વહીવટની જવાબદારી ઉઠાવી લે. કૉંગ્રેસ આ બાબતમાં સહયોગ આપવાની ઇચ્છા ધરાવતી હતી, અને તેથી પોતે ધારેલાં નામોની યાદી સરકારને તેણે સુપરત કરી. પરંતુ ઝીણાએ સરકારે આપેલા વીટોની શક્તિને માપવાનું

મુનાસિબ ધાર્યું. તેમણે જીદ કરી કે માત્ર મુસ્લિમ લીગ જ મુસ્લિમ પ્રતિનિધિઓને કાઉન્સિલમાં મોકલી શકે. આથી સરકાર ધર્મસંકટમાં મુકાઈ, કેમ કે જો તે આ માગણી માન્ય રાખે તો એકતામાં માનતા યુનનિસ્ટ પક્ષ (પંજાબ)ના મુસલમાનોનું શું? એ પક્ષે યુદ્ધમાં અંગ્રેજોને ખૂબ જ ટેકો આપ્યો હતો! પણ ભૂતકાળમાંની વફાદારી કરતાં આજના અને ભવિષ્યનાં હિતો વધુ મહત્ત્વનાં ગણાયાં અને છેવટે વેવેલે પરિષદને ભાંગી પડેલી જાહેર કરી છતાં મુસ્લિમ લીગના દાવાને નકારી ન નાખ્યો. આમ ઝીણાનો બંધારણ અને બંધારણીય વિકાસને અટકાવવાની વીટો કરી નાખવાની સત્તા કાયમ રહી.

### ચૂંટણીઓ – નોંધપાત્ર પરિવર્તન (Elections – The Watershed)

1945-46ના શિયાળામાં મધ્યસ્થ તેમ જ પ્રાંતીય ધારાસભાઓ (Legislative Assembly) માટે ચૂંટણીઓ યોજાઈ. એમાં લીગે પ્રચારસૂત્ર બનાવ્યું હતું – ''લીગ અને પાકિસ્તાન માટેનો મત એ ઇસ્લામ માટેનો જ મત છે.'' ચૂંટણી માટેની સભાઓ મસ્જિદોમાં થવા લાગી અને ઇસ્લામના ધાર્મિક નેતાઓ (પીર)ને ફતવા (હુકમો) કાઢવાને માટે દબાણ કરવામાં આવ્યું કે તેઓ પોતાના અનુયાયીઓને – એટલે કે મુસ્લિમોને – માત્ર લીગને જ મત આપે. કૉંગ્રેસ અને લીગ વચ્ચેની પસંદગીનું ચિત્ર એવું ઊભું કરવામાં આવ્યું કે જાણે એ પસંદગી ''ગીતા'' અને ''કુરાન'' વચ્ચે હોય. આવા પ્રચારથી જ્યારે લીગે મોટી બહુમતીથી બધી મુસ્લિમ બેઠકો પર વિજય મેળવ્યો ત્યારે કોઈ આશ્ચર્ય ન જ થયું કે ચૂંટણીઓએ મુસ્લિમ બેઠકો પર અંકુશ જમાવ્યો.

### 36.3.2 કૅબિનેટ મિશન યોજના (The Cabinet Mission)

1946ની શરૂઆતમાં જ અંગ્રેજોએ તારણ કાઢી લીધું હતું કે હવે ભારતને જો તેમણે છોડવું પડે તેમ જ છે તો જલદીથી અને આદરપૂર્ણ રીતે તેમણે છોડી દેવું જોઈશે. આ ગણતરીથી કૅબિનેટ મિશનને ભારત મોકલવામાં આવ્યું (માર્ચ 1946). તેની દરખાસ્તો હતી કે રાષ્ટ્રીય સરકારની રચના થાય અને બંધારણીય રીતે સત્તાની અદલાબદલી કરવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવે. હવે જ્યારે અંગ્રેજોએ ભારત છોડવાનો નિર્ણય કર્યો ત્યારે તેમની ''વિભાજન કરો અને સત્તા ભોગવો'' ની નીતિ અનુકૂળ નહીં થાય એમ માનવામાં આવ્યું. અને એવી દલીલ પણ કરવામાં આવી કે ભારતીય ઉપખંડમાં બ્રિટિશ વ્યૂહરચના માટે સંગઠિત ભારત જ વધારે ઉપયોગી બની શકે. એવું પણ મનાવા લાગ્યું કે એક સંયુક્ત ભારત, જે બ્રિટન સાથે મૈત્રીભર્યા સંબંધો ધરાવતું હોય, તે રાષ્ટ્રીય સંસ્થાન સંઘ(રાષ્ટ્રમંડળ) (Common Wealth) ની સંરક્ષણની નીતિમાં સક્રિય ભાગ લઈ શકે, જ્યારે વિભાજિત ભારતનું સંરક્ષણ નબળું પડી જાય અને ભારત અને પાકિસ્તાનમાં મતભેદોને લીધે સંયુક્ત સંરક્ષણની યોજના કરવામાં બહુ મુશ્કેલીઓ ઊભી થાય.

અંગ્રેજોના વલણમાં – કૉંગ્રેસ તેમ જ લીગ પ્રત્યેના વલણમાં – આવેલા ફેરફારથી આ પ્રકારનો ખ્યાલ ઊભો થાય તે સ્વાભાવિક હતું. બ્રિટનના વડાપ્રધાન શ્રી એટલીએ 15મી માર્ચ 1946ના રોજ જાહેર કર્યું : ''બહુમતીની પ્રગતિ માટે કોઈ લઘુમતીને વીટોની સત્તા મળશે નહીં.'' 1945ના જૂન-જુલાઈમાં ભરાયેલ સિમલા પરિષદ દરમિયાન જે નીતિ વાઇસરૉય વેવેલે અપનાવી હતી તેમાં ઝીણાની જીદ અને વીટોને માન્ય રાખીને પરિષદનું કામ છિન્નભિન્ન થવા દેવામાં આવ્યું હતું. આનાથી તદ્દન વિરુદ્ધનું વલણ હવે એટલીએ અપનાવ્યું. અને તેવી જાહેરાત કરવામાં આવી. કૅબિનેટ મિશનની ચર્ચાઓમાં પણ અલગ એકમ તરીકે પાકિસ્તાનની રચના શક્ય નથી એવો સૂર નીકળ્યો. તેથી જ તેણે ઘડેલી યોજનામાં મુસ્લિમોનાં હિતોનું અખંડ ભારતમાં કઈ રીતે રક્ષણ થાય તેની ચર્ચા કરવામાં આવી હતી. એ માટે ત્રણ વિભાગનું આયોજન થાય તેમાં જુદી મળેલી ચર્ચાસભાઓમાં તેમનાં બંધારણો ઘડવાં, એવું ઠરાવવામાં આવ્યું. 'અ' વિભાગના કૉંગ્રેસ પ્રાન્તોમાં - મદ્રાસ, મુંબઈ, યુ.પી., બિહાર, સેન્ટ્રલ પ્રોવિન્સીસ, અને ઓરિસાનો સમાવેશ થતો હતો. પંજાબ, ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંત અને સિંધને 'બ' જૂથ-વિભાગમાં ગણવામાં આવ્યો, જ્યારે 'ક' જૂથ-વિભાગમાં બંગાળ અને આસામને પકડવામાં આવ્યા. આ ત્રણેય વિભાગનાં સંરક્ષણ, વિદેશનીતિ અને સંચાર-વ્યવસ્થા જેવા વિષયો કેન્દ્રીય સરકારને હસ્તક સોંપાયા. પ્રથમ ચૂંટણીઓ બાદ દરેક પ્રાન્તને સ્વતંત્રતા આપવામાં આવી કે, તે પોતાનો વિભાગ કે જૂથ છોડી શકે. ઉપરાંત, દસ વર્ષ બાદ તે વિભાગીય તેમ જ મધ્યસ્થ બંધારણોમાં ફેરફાર કરવા માટે માગણીઓ રજૂ કરી શકે.

### જૂથ-વિભાગોની વ્યવસ્થામાં જણાઈ આવતી દ્વૈધીવૃત્તિ (Ambivalence over Grouping)

કૉંગ્રેસ અને લીગ વચ્ચે જૂથ વિભાગોની વ્યવસ્થા અંગે સમજૂતી ન થઈ. કૉંગ્રેસની એ માગણી હતી કે દરેક પ્રાન્તને હમણાંથી જ એ પસંદગીની છૂટ હોવી જોઈએ કે તેણે દર્શાવેલા વિભાગમાં જોડાવું યા ન જોડાવું. તે માટે ચૂંટણી સુધી રાહ જોવાની જરૂર નથી. આ માગણી કરતી વખતે કૉંગ્રેસના ધ્યાનમાં આસામ અને ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંત ખાસ હતા, જેઓ 'બ' અને 'ક' જૂથ વિભાગમાં નાખવામાં આવ્યા હતા. લીગની માગણી હતી કે પ્રાંતોને મધ્યસ્થ બંધારણમાં ફેરફાર કરવા માટે તુરત જ સ્વતંત્રતા મળવી જોઈએ. તે માટે દસ વર્ષની રાહ જોવી જરૂરી નથી. આમ થવાથી કૅબિનેટ મિશન યોજનામાં દ્વૈધીવૃત્તિ પેદા થઈ. એ અસ્પષ્ટ

હતું કે વિભાગમાં જોડાવું મરજિયાત હતું કે ફરજિયાત. આ વખતે કૅબિનેટ મિશને ઇરાદાપૂર્વક આ બાબત અંગે સ્પષ્ટતા કરવાની ના પાડી જ્યારે તેને આ પ્રશ્ન સ્પષ્ટ કરી આપવાની માગણી મુકાઈ. તેમની એ આશા હતી કે આને લીધે લીગ અને કૉંગ્રેસ પોતાના મતભેદો તત્કાલ પૂરતા દબાવી દેશે અને એક થશે. પરંતુ વાસ્તવમાં આવા વલણથી કોકડું વધારે જ ગૂંચવાઈ ગયું.

થોડા જ વખતમાં જણાયું કે લીગ અને કૉંગ્રેસ પરસ્પર વિરોધી રીતે કૅબિનેટ મિશન યોજનાનું અર્થઘટન કરે છે. તેટલું ઓછું હોય તેમ એમના મતે આ યોજના જાણે કે તેમના પોતાના જ સિદ્ધાન્તનું સમર્થન કરે છે. સરદાર પટેલે નિરાંતનો શ્વાસ ખેંચ્યો કે હવે 'પાકિસ્તાન'ની બાબત ચિત્રમાં નથી, અને લીગનો વીટો નિર્માલ્ય થયો છે. જ્યારે લીગના (6 જૂન, 1946ના વક્તવ્ય મુજબ) મતે તેણે કૅબિનેટ યોજનાનો સ્વીકાર એટલા માટે કર્યો છે તેમાં ફરજિયાત વિભાગો કરવાના સિદ્ધાન્તો પાકિસ્તાનની રચનાને પુષ્ટિ આપે છે. અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિ- (AICC)માં નેહરુએ જણાવ્યું કે કૉંગ્રેસ કાર્યવાહી સમિતિએ ઠરાવ પસાર કર્યો છે કે તે બંધારણ સભામાં જ ભાગ લેશે. (આ તેમણે 7મી જૂન, 1946ના ભાષણમાં જણાવ્યું.) તેમના મતે આ બંધારણસભા સર્વોચ્ચ સત્તાધારી હોવાથી તેના દ્વારા જ દરેક કાર્યવાહીની રીત ઠરાવવામાં આવશે. આમાંથી એવો સૂર નીકળતો હતો કે આ સત્તાને લીધે કૅબિનેટ મિશન યોજનામાં જોઈતા ફેરફારો લાવી શકાશે. લીગે પોતાની આ યોજનાના સ્વીકારમાં શરતો મૂકી હતી તેથી નેહરુના આ ભાષણને લીધે તક ઝડપીને મિશન યોજનાનો પોતાનો સ્વીકાર પાછો ખેંચી લીધો (જુલાઈની 29, 1946).

### 36.3.3 વચગાળાની સરકારની રચના (Formation of Interim Government)

હવે અંગ્રેજ સરકાર દ્વિધામાં પડી ગઈ. શું તેણે લીગ પોતાની યોજના સ્વીકાર કરે તેની રાહ જોવી કે તેની વચગાળાની દરખાસ્તો પર અમલ શરૂ કરી દેવો અને તેમાં વચગાળાની સરકારને માત્ર કૉંગ્રેસના ટેકાથી જ શરૂ કરવી? વાઇસરૉય વેવેલ તો પ્રથમ વિકલ્પની તરફેણમાં હતા, પરંતુ ઇંગ્લૅન્ડની સરકારે એમ ઠરાવ્યું કે દૂરગામી દરખાસ્તો માટેનો સહકાર મેળવવા માટે કૉંગ્રેસનો સહકાર તદ્દન જરૂરી હતો. તેથી કૉંગ્રેસને વચગાળાની સરકારની રચના કરવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું. તે 2જી સપ્ટેમ્બર, 1946માં પ્રવૃત્ત થઈ. તેનું અધ્યક્ષ સ્થાન વાસ્તવમાં જવાહરલાલ નેહરુએ સંભાળ્યું. આ પગલું અંગ્રેજોની જૂની નીતિ મુજબ લીગને પસંદ ન હોય તેવું કોઈ બંધારણીય સમાધાન તેઓ નહીં કરે, – એથી તદ્દન વિરોધી હતું જે સૌ પ્રથમ વાર લેવાયું હતું, અને તેમાં ઝીણાની જીદને અવગણવાની તૈયારી અંગ્રેજોએ જાહેર કરી હતી.



20. વચગાળાની સરકારના સભ્યો

### "સીધાં પગલાં" (Direct Action) માટે લીગનું એલાન (League Launches Direct Action)

પરંતુ ઝીણા પોતાની જીદમાંથી હઠ્યા નહિ જ, અને અંગ્રેજોની જૂની નીતિ જ ચાલુ રહે તે માટે પ્રવૃત્ત થયા. તેમણે બ્રિટનના વડાપ્રધાન, એટલીને સુણાવી દીધું કે જો અંગ્રેજો કૉંગ્રેસને નમશે તે મુસ્લિમોએ લોહિયાળ નીતિ અપનાવવી પડશે. આ કોઈ પોકળ ધમકી ન હતી, કેમ કે લીગે ત્યાં સુધીમાં તો "સીધાં પગલાં" નું

એલાન પણ કરી દીધું હતું. 16મી ઑગસ્ટ, 1946ના દિવસે કલકત્તામાં આ એલાન કરવામાં આવ્યું, અને નવું સૂત્ર હતું : 'લડકે લેંગે પાકિસ્તાન' (અમે લડીને પણ પાકિસ્તાન લઈને રહીશું.) બંગાળના મુસ્લિમ કોમવાદીઓ કોમી વિખવાદને ભડકાવવા લાગ્યા, એની અને ત્યાંના પ્રાંતીય મંત્રીમંડળે – જેનું અધ્યક્ષપદ સોહરાવર્દી સંભાળતા હતા – તદ્દન આંખ આડા કાન કર્યા, અથવા એક રીતે કોમી આગ ભડકાવવામાં મદદ પણ કરી. આથી હિંદુ કોમવાદીઓએ પણ બદલો લીધો અને તેમના વિરોધીઓ જેટલા જ હિંસક બન્યા. 5000 માણસોની હત્યા થઈ અને આ બનાવને ''કલકત્તાની મોટી ખૂનામરકી'' તરીકે ઓળખવામાં આવે છે. પૂર્વ બંગાળમાં ઑક્ટોબર 1946ની શરૂઆતમાં નોઆખલીમાં અથડામણ થઈ અને નોઆખલીની ચિનગારીથી તે જ મહિનાના અંત સુધીમાં બિહારના મુસ્લિમો પર આગ વરસી. અને પછીના મહિનાઓમાં તે યુ.પી., મુંબઈ, પંજાબ અને ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંત પણ ભડકે બળવા લાગ્યા. આ પ્રબળ કોમી ઝેરના પ્રવાહને રોકવો અશક્ય બની ગયો.

### અંગ્રેજો પાછા લીગને મનાવે છે

**(British revert to Conciliating the League)**

ઝીણાએ આંતરયુદ્ધ કરાવવાની પોતાની તાકાતનો પરચો આપ્યો તેથી છેવટે અંગ્રેજોએ ફરીથી પોતાની જૂની નીતિ અપનાવી અને સમજાવટથી લીગ સાથે કામ લેવા માંડ્યું તેમને સમજાઈ ગયું કે લીગ આમ તો તેમણે જ ઊભું કરેલું ભૂત હતું પણ તેણે હવે એક ''કોમી રાક્ષસ નું સ્વરૂપ લીધું હતું જે ને 'અંકુશમાં રાખવો' શક્ય નહોતો.'' વેવેલે લીગને સરકારમાં સામેલ કરવાના પ્રયત્નો ચાલુ રાખ્યા હતા અને હવે હિંદી વજીર પેથિક લૉરેન્સ પણ તેમને ટેકો આપવા લાગ્યા અને એ દલીલ કરવા લાગ્યા કે જો લીગને સરકારમાં લેવામાં નહિ આવે તો આંતરયુદ્ધ અનિવાર્ય બનશે. આથી છેવટે 26મી ઑક્ટોબર 1946માં વચગાળાની સરકારમાં લીગ પણ શામેલ થઈ.

### વચગાળાની સરકાર – સંઘર્ષનું નવું ક્ષેત્ર

**(Interim Government - Another Arena of Struggle)**

લીગને વચગાળાની સરકારમાં સ્થાન આપવાથી સંઘર્ષનો અંત ન આવ્યો. માત્ર સંઘર્ષ માટેનું એક નવું ક્ષેત્ર ઊભું થયું. લીગને સરકારમાં સ્થાન આપવા સાથે તેણે પાકિસ્તાનનો પ્રસ્તાવ મૂકી દેવો અથવા ''સીધાં પગલાં''ની નીતિ છોડી દેવી એવી કોઈ શરત મુકાઈ નહોતી. તે ઉપરાંત, લીગે પણ કૅબિનેટ મિશન યોજનાની ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની દરખાસ્તોનો સ્વીકાર જાહેર કર્યો નહોતો. વાસ્તવમાં લીગના નેતાઓ ઝીણા સહિત, જાહેરમાં કહેતા હતા કે આંતરયુદ્ધ ચાલુ રાખવા માટે વચગાળાની સરકાર એક નવું ક્ષેત્ર માત્ર હતું. ઝીણાનો ખ્યાલ એ હતો કે વહીવટ પર સંપૂર્ણ રીતે જો કૉંગ્રેસનો કાબૂ હોય તો લીગના હિતની વિરુદ્ધનું આ પગલું હતું. તે ખાતર જ સરકારના અંકુશની સત્તામાં ભાગ પડાવવા માટે જ લીગ તેમાં સ્થાન લેશે. પોતાના અંતિમ લક્ષ્ય 'પાકિસ્તાન' તરફ ધપવા માટે સરકારમાં હિસ્સેદારી વધુ મદદરૂપ થશે એથી જ લીગ વચગાળાની સરકારમાં જોડાવા તૈયાર થઈ હતી.

સ્વાભાવિક છે કે નવી વચગાળાની સરકારમાં કૉંગ્રેસ અને લીગ વચ્ચે તુરત જ મતભેદો શરૂ થઈ ગયા. (લિયાકત અલી ખાનના અપવાદ સિવાય) લીગે પોતાના અગ્રણી નેતાઓને સરકારમાં પ્રતિનિધિત્વ ન આપતા નવાસવા નેતાઓને મોકલ્યા હતા. આથી જ તેમની કૉંગ્રેસ સાથે કોઈ જવાબદારીવાળી સરકાર વ્યવસ્થિત ચલાવવાની ઇચ્છા જ ન હતી તે સ્પષ્ટ થતું હતું. બીજી બાજુ, બન્ને પક્ષો વચ્ચે થોડો ઘણો પણ સહકાર છે એવું જાહેરમાં દેખાડવું પણ તદ્દન અશક્ય થઈ ગયું. લીગના સભ્યો જે મંત્રીઓ પણ બનાવાયા હતા તેમણે વારંવાર અને ખાસ ઇરાદાપૂર્વક પોતાના કૉંગ્રેસી સાથીઓ સાથે મતભેદ છે તે જાહેર કરવા માંડ્યું. કૉંગ્રેસના સભ્યો સભાના સમય પહેલાં આવીને નિર્ણયો લેતા અને પછી કારોબારી સમિતિની સભા શરૂ થતી હતી અને તેમાં વેવેલની પણ પરવા થતી ન હતી, એવી સભાઓમાં લીગે ભાગ ન લેવાનો ઠરાવ કર્યો.

### વચગાળાની સરકાર — ભાંગી પડવાની શક્યતાઓ

**(Interim Government —Threat Breakdown)**

લીગના સભ્યોની નિમણૂક થયા પછી તુરત જ કૉંગ્રેસે વિરોધ નોંધાવ્યો હતો કે જ્યાં સુધી લીગ કૅબિનેટ મિશન યોજનાની દરખાસ્તોનો સ્વીકાર ન કરે ત્યાં સુધી તેને વચગાળાની સરકારમાં સ્થાન મળવું જોઈએ નહીં.

ત્યાર બાદ જ્યારે લીગનું સરકારની અંદર તેમ જ બહાર અસહકારી વલણ સ્પષ્ટ થઈ ગયું ત્યારે કૉંગ્રેસી સભ્યોએ માગણી કરી કે લીગે યા તો 'સીધાં પગલાં' ની નીતિ છોડી દેવી જોઈએ, યા તો સરકારનું સભ્યપદ છોડી દેવું જોઈએ. 9મી ડિસેમ્બર, 1946ના રોજ મળેલી બંધારણ સભાની બેઠક બોલાવવામાં આવી તો ખરી,

પણ તેમાં ભાગ લેવાની તેમણે ના પાડી. જોકે બ્રિટિશ સરકારે 6ઠ્ઠી ડિસેમ્બરે જ એક જાહેરાતમાં લીગના વિભાગો અંગેના મંતવ્યને માન્ય કર્યું હતું. સરકાર છિન્ન ભિન્ન થશે તેવું જણાયું- જ્યારે લીગે માગણી કરી કે બંધારણસભા સંપૂર્ણ રીતે પ્રતિનિધિત્વ કરતી ન હોવાથી બરખાસ્ત થવી જોઈએ. 5મી ફેબ્રુઆરી, 1947 ના દિને કૉંગ્રેસી સભ્યોએ વાઈસરૉયને એક નિવેદનપત્ર મોકલ્યું જેમાં તેમણે માગણી કરી કે લીગના સભ્યોનું સરકારમાંથી રાજીનામું માંગવામાં આવે. આમ એક મોટી કટોકટીનો સમય આવ્યો.

### 36.3.4 અંગ્રેજોની સત્તાના હસ્તાંતરણ માટેનો સમય નિશ્ચિત કરવા વિશે

**(Fixing of a Time-Limit for British Withdrawal)**

આ કટોકટીનો અંત 20મી ફેબ્રુઆરી 1947ના રોજ બ્રિટિશ વડાપ્રધાન એટલીએ પાર્લમેન્ટમાં કરેલા નિવેદનથી આવ્યો. તેમણે જાહેર કર્યું કે મોડામાં મોડા 30મી જૂન 1948 સુધીમાં અંગ્રેજો ભારતીયોને સત્તા સોંપી દેશે અને વાઈસરૉય તરીકે વેવેલને સ્થાને હવે લૉર્ડ માઉન્ટબેટન આવશે. બંધારણીય કટોકટીનો આ કોઈ સીધો ઉત્તર યા ઉકેલ તો નહોતો, પરંતુ અંગ્રેજોનો ભારત છોડી જવાનો નિર્ણય પાકો હતો તે સ્પષ્ટ થઈ ગયું, અને તેમાં કોઈ ફેરફાર નહિ થાય તે પણ જણાયું. આને લીધે કૉંગ્રેસે નમતું જોખ્યું અને લીગને સહકાર આપવાની નીતિ શરૂ કરી. લિયાકત અલીને નહેરુએ અપીલ કરીઃ

> ''આ પરિસ્થિતિમાંથી અંગ્રેજો તો ચાલ્યા જ જાય છે, અને નિર્ણયનો બોજો હવે અહીં આપણા સહુ ઉપર જ આવ્યો છે. આપણને એ જ શોભે કે આપણે આ પ્રશ્નનો સીધો સામનો કરીએ અને તે માટે વાટાઘાટ દૂરથી ન કરીએ.''

આ બાજુ, એટલીની જાહેરાતનો પ્રતિભાવ ઝીણા ઉપર તદન જુદો જ પડ્યો. તેમને પાકિસ્તાન લેવાના નિશ્ચયમાં હવે માત્ર વધુ દઢતાની જ જરૂર છે એમ લાગ્યું. જો હવે બંધારણસભા સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરતી ન હોય, એટલે કે મુસ્લિમોની બહુમતી ધરાવનાર પ્રાન્તો તેમાં જોડાતા ન હોય તો સત્તાનું હસ્તાંતરણ એકથી વધુ સત્તાકેન્દ્રોને થઈ શકે, એવું તેમણે દ્ઢ પણે માન્યું.

પંજાબના ગવર્નરે ચેતવણી આપી હતી કે (એટલીનું) આ વક્તવ્ય પ્રગટ વિગ્રહના આરંભ જેવું ગણવામાં આવશે, ''જેમાં સહુ કોઈ જેટલી બને તેટલી સત્તા ખેંચી લેશે અને તેમાં જરૂર હશે તો બળનો પણ પ્રયોગ કરશે.'' થોડા જ વખતમાં તેમની ચેતવણી સાચી પડી. પંજાબમાં લીગે અસહકાર આંદોલન શરૂ કર્યું. જેથી ખીઝર હયાત ખાન(યુનિયનિસ્ટ પાર્ટી)ના નેતૃત્વવાળી મિશ્ર સરકારનો અંત આવ્યો.

આમ જ્યારે લૉર્ડ માઉન્ટબેટન ભારત પહોંચ્યા ત્યારે પરિસ્થિતિ વિકટ હતી. પંજાબમાં જણાતું હતું તેમ લીગ યુદ્ધપંથે હતી, ઝીણાની અણનમ જીદ હતી કે સાર્વભૌમ પાકિસ્તાનથી સહેજ પણ ઓછું તે કશું અન્ય નહીં સ્વીકારે. કૅબિનેટ મિશન યોજના નિષ્ફળ ગઈ હતી, અને તેને ચાલુ રાખવાનો અર્થ ન હતો. એક જ પસંદગી અંગ્રેજો પાસે હતી – એ એકતા જાળવી રાખવા માટે તેને સંપૂર્ણ ટેકો આપવો. લીગ અને કૉંગ્રેસ વચ્ચે સમાધાન કર્તાની ભૂમિકા અંગ્રેજોએ ભજવવી નિરર્થક હતી. જે અખંડતા ઇચ્છતા હતા તેમને ટેકો અને જે અખંડતાનો વિરોધ કરતા હતા તેનો જોરદાર દબાવ કરવો જરૂરી હતો. ઘણાં વર્ષો પછી એટલીએ એવો દાવો કર્યો કે ''અમે તો અખંડ ભારત પસંદ કરતા હતા. જોકે એ માટે અમે મહેનત કરી, પણ તેમ કરી ન શક્યાં.'' પરંતુ સત્ય તો એ હતું કે અંગ્રેજો બન્ને પક્ષોની સાથે રમત રમતા રહ્યા અને આ વિસ્ફોટક સ્થિતિ વણસતી જતી હતી ત્યારે પણ તેમણે કોઈ પણ જાતનો અંકુશ કે અવરોધનો ઉપયોગ ન કર્યો જે તેમની સત્તાના ઉપયોગ દ્વારા થઈ શકે તેમ હતું.

### 36.3.5 ત્રીજી જૂન યોજના અને તેનાં પરિણામો (The Third June Plan and its Outcome)

અંગ્રેજોએ છેવટે સત્તાનો ઉપયોગ કર્યો, પણ તે માટે કૉંગ્રેસ અને લીગ બન્ને ને છૂટછાટ આપી. એટલે કે ભારતનું વિભાજન થાય, પણ એ રીતે કે તેનો મોટો ભાગ સંગઠિત રહે. લીગની પાકિસ્તાન રચવાની માગણી કબૂલ રખાય પરંતુ તેનું કદ બને તેટલું નાનું રહે, જેથી એકતા ટકાવવાના કૉંગ્રેસના પ્રયાસને ટેકો મળે. જ્યારે કૉંગ્રેસ વધારે છૂટછાટો આપવા તૈયાર થઈ, એટલે કે અખંડ ભારતના તેના આદર્શને તજી દેવા તૈયાર થઈ તેથી તેની બાકીની માગણીઓના સ્વીકાર માટે અંગ્રેજો તૈયાર થયા. દાખલા તરીકે, કૉંગ્રેસે જ્યારે જણાવ્યું કે દેશી રાજવીઓને સ્વતંત્ર થવાનો વિકલ્પ ન આપવો જોઈએ, ત્યારે લૉર્ડ માઉન્ટબેટને તે માગણી સ્વીકારી. માઉન્ટબેટનને ખ્યાલ તો આવી ગયો હતો કે જો ભારતને રાષ્ટ્રમંડળના સભ્ય તરીકે રાખવું હોય તો કૉંગ્રેસની શુભેચ્છાની જરૂર રહે, ભલે તે થોડા સમય માટે પણ આ સભ્યપદ લેવા રાજી થાય. આ હેતુથી ત્રીજી જૂન યોજના રજૂ કરાઈ, જેમાં જાહેર થયું કે 15મી ઑગસ્ટ, 1947 સુધીમાં અંગ્રેજો સત્તાનું હસ્તાંતરણ ભારત અને પાકિસ્તાન રાષ્ટ્રોને સાંસ્થાનિક દરજ્જો આપીને સંપૂર્ણ કરી દેશે. તુરત જ સંપૂર્ણ સત્તા-સાર્વભૌમત્વ- મેળવવા માટે થઈને પણ આ એક જ રસ્તો હતો તેથી કૉંગ્રેસે આ યોજના સ્વીકારવા તૈયાર થઈ જેથી તે

વખતની કોમવાદી અથડામણોની સ્થિતિને હાથમાં લઈ શકાય. પરંતુ સ્થિતિ વધુ વણસે નહિ તે માટે લેવાનાં પગલાં માટે અંગ્રેજ ઑફિસરે અનિચ્છા ધરાવતા હતા. આથી સરદાર પટેલે વાઈસરૉયને ચોખ્ખું સુણાવી દીધું, ''તમે પોતે યોગ્ય રીતે સત્તાનો ઉપયોગ કરતા નથી, અને અમને કરવા દેતા નથી.'' અંગ્રેજોએ જવાબદારી છોડી દીધી હતી તે તેમણે પોતાની ભારત છોડવાની તારીખ નજીક લાવીને પણ સ્પષ્ટ કર્યું હતું.



**21. માઉન્ટબૅટનના આગમનને આવકારતા નેહરુ (માર્ચ 1947)**

ભારતનું વિભાજન જે ઝડપથી કરવામાં આવ્યું કે ભારતના દૃષ્ટિકોણથી તે સંકટને જ આમંત્રણ આપવાનું હતું. પરંતુ હવે અંગ્રેજોને કોઈ લેવા દેવા નહોતી રહી અને આ ઝડપ તો તેમણે વણસતી કોમી પરિસ્થિતિ વિશેની પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી દેવા માટે જ અપનાવી હતી. ત્રીજી જૂનથી 15મી ઑગસ્ટ, 1947ના બોતેર દિવસના નાના ગાળામાં ભારતના વિભાજન અને સત્તાનું હસ્તાંતરણ – બન્ને ખૂબ જ ગૂંચવાડા ભરેલી પ્રક્રિયાઓ – જલદી જલદી પૂરી કરવામાં આવી. કેટલાક ઉચ્ચ કક્ષાના અંગ્રેજ અધિકારીઓ – જેવા કે સરસેનાપતિ અને પંજાબના ગવર્નર માનતા હતા કે આ પ્રક્રિયાને સારી રીતે સંપન્ન કરવામાં થોડાં વર્ષો લાગી શકે, જેથી શાંતિપૂર્ણ વિભાજન થાય. આ સંજોગોમાં વળી ઝીણાએ ગૂંચવાડો ઊભો કર્યો અને માઉન્ટબેટનને ભારત અને પાકિસ્તાન એમ બન્નેના ગવર્નર-જનરલ તરીકે માન્ય ન રાખ્યા. વિભાજનમાંથી ઊભી થતી મુશ્કેલીઓ અને ઝઘડાઓને ઉકેલવા કે ન્યાય આપવા કોઈ સંસ્થા ઊભી નહોતી કરાઈ અને ડિસેમ્બર, 1947 સુધીમાં તો સંયુક્ત સંરક્ષણ વ્યવસ્થા પણ તૂટી પડી, જ્યારે કાશ્મીરમાં યુદ્ધ સમાન વાતાવરણ રચાઈ ચૂક્યું.

## વિભાજન સમયે થયેલ ખૂનરેજી (Massacres that accompanied Partition)

જે ઝડપથી વિભાજનની પ્રક્રિયા શરૂ થઈ અને સરહદી કમિશનના ચુકાદાની જાહેરાતમાં જે ઢીલ થઈ તેનાથી વિભાજનની કરુણતા વધારે વણસી. આ ચુકાદાના નિર્ણયો માઉન્ટબેટને લીધા હતા, સીમા પંચ (Boundary Commission) ના નિર્ણયો (જે 12મી ઑગસ્ટ 1947 સુધીમાં તૈયાર થઈ ચૂક્યા હોવા છતાં) ને જાહેર કરવામાં ઢીલ કરવામાં આવી અને વણસતી કોમી પરિસ્થિતિ માટે કોઈ જવાબદારી સ્વીકારી નહિ. પણ તેનાથી તો વધુ ગૂંચવાડા પેદા થઈ ગયા. સાધારણ નાગરિકને કે પછી વહીવટી અધિકારીને પણ સ્પષ્ટ ચિત્ર દેખાતું નહોતું. લાહોર અને અમૃતસર વચ્ચે રહેનારા ગ્રામજનો પોતાને સીમાની પોતાની સાચી બાજુએ

માનીને જ્યાં હતા ત્યાં રહ્યા. પણ જાહેરાત પછી જે દોડધામ સાથે સ્થળાંતર કરવાની જરૂર ઊભી થઈ તેમાં ખરેખર લોકોનો પ્રચંડ ક્રોધાવેશ જણાઈ આવતો હતો, અને તેમાંથી જ મોટા પાયા પર હત્યાકાંડો સર્જાયા.

કાયદો અને વ્યવસ્થા જાળવવાને બદલે અમલદારો પોતાની અદલાબદલી કરવામાં ગૂંથાયા હતા. આ બાબતની કબૂલાત ખુદ ભારતીય સેનાના સરસેનાપતિ લોકહાર્ટે કરી. તેમણે 15મી ઑગસ્ટ થી 3જી ડિસેમ્બર, 1947 સુધી પદ સંભાળ્યું હતું. તેમણે કહ્યું,

''નાગરિક કક્ષાના દરેક અમલદાર, અને સેનાના પ્રત્યેક ઑફિસર, જો સ્વાતંત્ર્ય દિન પહેલાં જ પોતપોતાના દેશમાં વ્યવસ્થિત નિમાયા હોત, તો આટલા મોટા પાયાની ગેરવ્યવસ્થા ફેલાવાની તક ઊભી થઈ ન હોત.''

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) નીચેનાં વાક્યો વાંચી સાચાં (✓) અને ખોટાં (✗) જણાવોઃ

(1) સામાજિક-આર્થિક યોજનાના આધારે લીગે ચૂંટણીઓમાં ભાગ લીધો હતો.

(2) વચગાળાની સરકાર કામ ન કરી શકી કારણ કે કૉંગ્રેસના સભ્યો કામ કરવા રાજી ન હતા.

(3) ઝીણાની ઈચ્છા હતી કે માઉન્ટબેટન ભારત અને પાકિસ્તાન બન્નેના સંયુક્ત ગવર્નર-જનરલ બને.

(ખ) કૅબિનેટ મિશન યોજનાનાં સારાં તથા નબળાં પાસાંઓ કયાં હતાં? પાંચેક લીટીમાં જવાબ લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 36.4 કૉંગ્રેસ અને વિભાજન (Congress and Partition)

કૉંગ્રેસ વિભાજન છેવટે કેમ સ્વીકાર્યું? લીગ પાકિસ્તાનની માગણી કરે અને અંગ્રેજો તેને પોતાની નીતિના અનુસંધાનમાં પોષે અને કબૂલે તે એક વાત હતી. પરંતુ કૉંગ્રેસ, જેણે ભારતની એકતા માટે આટલાં વર્ષોથી સતત પ્રયત્નો કર્યા હતા, તેણે શા માટે એ આદર્શનો ત્યાગ કર્યો? એક મત એવો છે કે કૉંગ્રેસના નેતાઓને સત્તાની લાલચ થઈ આવી અને તેથી તેમણે અંગ્રેજો સાથે ઝડપી સમાધાન કરીને સત્તા મેળવી લીધી, જ્યારે આખા દેશે તેનું મૂલ્ય ચૂકવવું પડ્યું. પરંતુ આ અભિપ્રાય અણઘડ તેમ જ ખોટો છે. જે પ્રશ્ન હતો તે કૉંગ્રેસી નેતાઓની વ્યક્તિગત લાગણી કે નબળાઈનો નહોતો. પરંતુ તે આખાયે તંત્રની નિષ્ફળતા હતી.

વર્ષોના પ્રયત્નો પછી પણ મુસ્લિમ લોકસમૂહની બહુમતીને કૉંગ્રેસ રાષ્ટ્રીય મુખ્ય પ્રવાહમાં ભેળવી નહોતી શકી. 1937 પછી તો મુસ્લિમ કોમવાદનો ઝડપી ફેલાવો અટકાવવાનું મુશ્કેલ બન્યું. 1946 સુધીમાં કૉંગ્રેસી નેતાઓને સ્પષ્ટ જણાયું કે મુસલમાનો લીગનું નેતૃત્વ પસંદ કરે છે, કેમ કે 80 ટકા જેટલી બેઠકો લીગને મળી હતી. એક વર્ષ પછી વાત એટલી હદે વણસી કે જ્યાંથી પાછા ફરવું અશક્ય હતું. ચૂંટણીના ક્ષેત્રે લડત ન રહેતાં હવે રસ્તા ઉપર જ યુદ્ધ થવા લાગ્યાં. સંપૂર્ણ દેશમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં, અને કૉંગ્રેસને લાગ્યું કે ભ્રાતૃયુદ્ધ કરતાં વિભાજન સ્વીકારવું તે ઓછું અનિષ્ટ છે.


વચગાળાની સરકાર પડી ભાંગ્યા પછી પાકિસ્તાનની રચના અનિવાર્ય બની. નેહરુએ વચગાળાની સરકારને લડાઈનું નવું ક્ષેત્ર ગણાવ્યું; અને સરદાર પટેલે પણ અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિની 14 જૂન, 1947ની સભામાં જણાવ્યું કે પાકિસ્તાન જાણે હમણાંથી જ કામ કરી રહ્યું છે – માત્ર પંજાબ અને બંગાળમાં જ નહિ, બલકે વચગાળાની સરકારમાં પણ! તદુપરાંત, (જ્યારે બંગાળની લીગે બનાવેલ કારોબારી ત્યાં થતાં રમખાણો દરમિયાન માત્ર નિષ્ક્રિય જ રહી નહોતી, બલ્કે કલકત્તા અને નોઆખલીમાં છૂપી રીતે આગ ચાંપતી હતી ત્યારે પણ) વચગાળાની મધ્યસ્થ સરકાર પાસે એવી કોઈ સત્તા ન હતી જે પ્રાંતોની પરિસ્થિતિને કાબૂમાં લાવી શકે. નેહરુને સ્પષ્ટ સમજાયું કે એ સમયે હોદ્દો ધરાવવો નકામો છે, ''જ્યારે રસ્તાઓમાં મૃત્યુનું તાંડવ ચાલે છે, અને ખૂબ જ આશ્ચર્યજનક રીતે ક્રૂરતાભર્યાં કાર્યો વ્યક્તિઓ અને ટોળાંઓ કર્યે રાખે છે.'' જો સત્તાનું હસ્તાંતરણ ત્વરિત થાય તો એક એવી સરકાર તો બનાવી શકાય કે જેના હાથમાં સાર્વભૌમ સત્તા હોય અને તેને પોતાની જવાબદારીઓ પૂરી કરવા માટે જરૂરી પગલાં લેવાની છૂટ હોય.

ભારતનાં વિભાજનને સ્વીકાર કરવા પાછળ એ પણ ગણતરી હતી કે તેને લઈને ભારતનું નાના નાના ટુકડાઓમાં વિભાજન થવાની શક્યતા રહેતી નહોતી. હવે કૉંગ્રેસને વાઇસરૉયનો પણ ટેકો હતો, જેને વળી બ્રિટનની સરકારનો પણ ટેકો હતો, જેને લઈને દેશી રાજવીઓની સ્વતંત્ર નાનાં રાજ્યો ઊભાં કરવાની

માગણીને ફગાવી દઈ શકાય તેમ હતી. દલીલોથી અને કેટલીક વાર બળપ્રયોગથી, આ દેશી રાજવાઓને પોતાનાં રાજ્યના એકમોને પાકિસ્તાન અથવા ભારત સાથે જોડાવાની ફરજ પાડવામાં આવી.







22, ભાગલાના સમયનાં ચિત્રો : લાખોનું વિસ્થાપન

**ગાંધીજી અને વિભાજન (Gandhi and Partition)**

એ જાણીતી બાબત છે કે જ્યારે વિભાજનનો કોઈ વિકલ્પ ન રહ્યો ત્યારે ગાંધીજી ઘણા હતાશ થઈ ગયા. તેમણે કહ્યું પણ ખરું કે હવે તેઓ 125 વર્ષ જીવવા નથી માગતા, જે તેમણે એક વાર અગાઉ ઇચ્છા વ્યક્ત કરી હતી. એક સર્વમાન્ય અર્થઘટન એમ કરવામાં આવે છે કે ગાંધીજીના અનુયાયીઓ, નેહરુ અને પટેલ, ગાંધીજીની સલાહ વિના જ આગળ વધ્યા, અને સત્તાની લાલચમાં લપેટાયા હતા. જોકે ગાંધીજી એ કારણે નિરાશ થયા જ હતા; પરંતુ જાહેરમાં તેમની ટીકા કરવા માગતા ન હતા કેમ કે આમ તો તેઓ પોતાના વફાદાર સૈનિકો હતા.

પરંતુ ગાંધીજીનાં ખુદનાં કેટલાંક વક્તવ્યોથી જણાય છે કે તેમની મજબૂરીનું કારણ પ્રજામાં ફેલાયેલો કોમવાદ હતો. ખાસ કરીને મુસ્લિમોનો હિંદુઓ પરથી વિશ્વાસ ઊઠી ગયો તેટલું જ નહીં, છેવટે હિંદુઓ અને શીખોને પણ લાગવા માંડ્યું કે સહજીવન શક્ય નથી. આ શીખો અને હિંદુઓને વિભાજનની ઇચ્છા એ જ ગાંધીજીને અનુયાયીઓ વિનાના નેતા બનાવ્યા હતા, કેમ કે ગાંધીજી એકતા માટે જ પ્રયત્નો કરતા હતા. મુસ્લિમોએ તો તેમને પોતાના કટ્ટર દુશ્મન તરીકે જાહેર કરી જ દીધા હતા. જ્યારે પ્રજાના જુદા જુદા ઘટકો વિભાજનની માગણી કરતા હોય, ત્યારે કૉંગ્રેસ પણ તેનો સ્વીકાર કરવા સિવાય બીજું શું કરી શકે? 4થી જૂન 1947ની દૈનિક પ્રાર્થના સભામાં ગાંધીજીએ કહ્યું :

''આ માગણી પૂરી કરવામાં આવી છે, કેમ કે તમે તે મૂકી હતી. કૉંગ્રેસે તે કદી મૂકી નથી. ... પરંતુ પ્રજાની નસ કૉંગ્રેસ પારખે છે. તેથી જ તેને ખ્યાલ આવી શક્યો કે ખાલસા (શીખો) તેમ જ હિંદુઓ પણ (વિભાજનની) તરફેણમાં છે.'

ગાંધીજીના ચુસ્ત અનુયાયીઓ તેમ જ સમાજવાદીઓએ ગાંધીજીને અપીલ કરી કે તેઓ કૉંગ્રેસી નેતાઓની ઉપરવટ જઈને પણ એકતા માટેની એક ચળવળનું નેતૃત્વ કરે. ગાંધીજીએ કહ્યું કે સમસ્યા

એ નહોતી કે તેઓ કૉંગ્રેસી નેતાઓની ઉપરવટ જવા નહોતા માગતા. પહેલાં પણ 1942માં જ્યારે તેમણે 'ભારત છોડો' જેવી ચળવળ માટે કહ્યું કે સમય પાકી ગયો છે, ત્યારે પણ ઘણા (નેતાઓ) તેમની સાથે સહમત નહોતા છતાં તેમણે એ ચળવળ ચાલુ કરી જ હતી, અને તેઓ સાચા પડ્યા હતા. પરંતુ 1947ની આ પરિસ્થિતિમાં એક ખોટ – મોટી ખોટ – એ હતી કે એવાં કોઈ ''સારપનાં પરિબળો'' આ વાતાવરણમાં જણાતાં નહોતાં જેના ઉપર તેઓ કોઈ ''યોજના ઘડી શકે.'' તેમણે કબૂલ કર્યું, ''આજે હું એવી કોઈ નિશાની જોતો નથી જે તંદુરસ્ત લાગણીનું પ્રાકટ્ય હોય. અને, તેથી જ, મારે યોગ્ય સમય માટે રાહ જોવી પડશે.''

પરંતુ એ સમય કદી આવ્યો જ નહિ, કેમ કે રાજકીય ઘટનાક્રમ ખૂબ જ ઝડપી બની ગયો હતો. ત્રીજી જૂને 'વિભાજન' ની જાહેરાત થઈ, અને 15મી ઑગસ્ટે તો એને વાસ્તવિકતા બનાવી દેવામાં આવી. 14મી જૂને કૉંગ્રેસની કેન્દ્રીય સમિતિની બેઠકને સંબોધતાં ગાંધીજીએ સલાહ આપી કે આ સાંપ્રત સમયે વિભાજન સ્વીકારી લેવું જ હિતાવહ રહેશે પરંતુ તેને હૃદયમાં સ્થાન ન આપવું; અને તેને માંડવાળ કરવા ભવિષ્યમાં લડી લેવું કે જ્યારે અત્યારના આક્ષેપો શમી ગયા હોય.

## 36.5 કોમી સમસ્યાના ઉકેલ માટે કૉંગ્રેસના પ્રયાસો (Congress' Handling of the Communal Problems)

એવું કેટલાક માને છે કે કૉંગ્રેસે જો ઝીણાને મનાવી લેવા કેટલાક પ્રસંગે ખાસ પ્રયત્નો કર્યા હોત તો વિભાજન ન થયું હોત. આવા પ્રસંગો હતા : (1) જ્યારે 1940માં ઝીણાએ જુદા રાષ્ટ્રની માગણી મૂકી; અને (2) ક્રિપ્સ મિશનના સમયે 1942માં; અને (3) કદાચ 1946માં પણ, જ્યારે કૅબિનેટ મિશન યોજના રજૂ થઈ હતી ત્યારે. પોતાની આત્મકથા ''ભારત સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે'' (India wins Freedom) માં મૌલાના આઝાદે આ રજૂઆત કરી છે, અને તેને ટેકો આપ્યો છે. પરંતુ આ દૃષ્ટિકોણ એ ભૂલી જાય છે કે ઝીણાએ એક શરત મૂકી હતી કે તે વાટાઘાટો કરવા તો રાજી છે પણ જો કૉંગ્રેસ પોતાને ''હિંદુ'' સંસ્થા તરીકે ઓળખાવે તો જ, અને મુસ્લિમ લીગને ભારતના બધા જ મુસ્લિમોની પ્રતિનિધિ સંસ્થા તરીકે સ્વીકારે તો જ. જો આ શરત કૉંગ્રેસે માન્ય રાખી હોત, તો તેનું ધર્મનિરપેક્ષતાનું લક્ષણ નષ્ટ થઈ જાત. આ પ્રજાનો વિશ્વાસઘાત જ ન હોત, ખાસ કરીને એવા મુસ્લિમોનો જેઓની રાષ્ટ્રીય ભાવના ધર્મથી ઊંચે હતી અને જેઓએ વ્યક્તિગત જોખમોને અવગણીને પણ કૉંગ્રેસનું પીઠબળ વધાર્યું હતું. તર્કને આગળ વધારતાં કહી શકાય કે જો આ શરતનો સ્વીકાર થયો હોત તો એક ''હિંદુ ફાસીવાદી રાજ્ય''ની રચના થઈ હોત, કેમ કે એક હિંદુ રાજકીય સંગઠન પક્ષમાંથી પછી હિંદુ રાજ્યનું પગલું તદ્દન સ્વાભાવિક રીતે તાર્કિક છે. રાજેન્દ્ર પ્રસાદે કહ્યું કે જો કૉંગ્રેસે આ શરતો સ્વીકારી હોત તો કૉંગ્રેસ ''પોતાના ભૂતકાળનો છેદ ઉડાડી દેત, ઇતિહાસને વિકૃત કરી નાખત અને ભવિષ્યનો

વિશ્વાસઘાત કરી નાખત.'' તેથી જ આવી શરતોનો સ્વીકાર અશક્ય બન્યો અને તેથી ઝીણાને મનાવી લેવાનું શક્ય નહોતું.

### 36.5.1 સમાધાનનાં ભયસ્થાનો (Pitfalls of Conciliation)

વાસ્તવમાં, ઝીણાના દુરાગ્રહને અવગણીને પણ કૉંગ્રેસે મુસ્લિમોની માગણીઓને સંતોષવા એકતરફી પ્રયત્નો કર્યા જ હતા. 1942માં ક્રિપ્સ દરખાસ્તોમાં કૉંગ્રેસે એ દરખાસ્ત માન્ય રાખી હતી કે જે પ્રાંતમાં મુસ્લિમ બહુમતી હોય તેને સ્વયંશાસન કે સ્વાયત્તતા આપવામાં આવે.

1944માં ઝીણા સાથે કરેલી વાટાઘાટોમાં પણ ગાંધીજીએ કબૂલ રાખ્યું કે મુસ્લિમ બહુમતીવાળા પ્રાંતોને પસંદગીની તક આપવામાં આવશે જ (કયા વિભાગમાં જોડાવું તે અંગે). જ્યારે કૅબિનેટ યોજનામાં દરખાસ્ત કરાઈ કે (વિભાગ 'બ' અને 'ક') મુસ્લિમ બહુમતીવાળા પ્રાંતો પોતાની જુદી ધારાસભા બનાવે જો તેવી તેમની ઇચ્છા હોય, તો આ દરખાસ્તનો વિરોધ કૉંગ્રેસે કર્યો નહિ. ફરજિયાત જોડાણ વિશે કૉંગ્રેસનો વિરોધ આસામ તથા ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંતોના લોકોની ઇચ્છાને માન આપવા માટે હતો, પણ તે માટે પણ નેહરુએ જાહેર કર્યું કે કૉંગ્રેસ આ જોડાણ ફરજિયાત છે કે નહિ તે અંગેનો ફેડરલ કોર્ટનો નિર્ણય માન્ય રાખશે. તેથી જ જ્યારે 6ઠી ડિસેમ્બર, 1946ના દિને બ્રિટિશ કૅબિનેટે જાહેર કર્યું કે તેમણે બનાવેલા વિભાગોમાં પ્રાંતોનું જોડાણ ફરજિયાત છે, ત્યારે કૉંગ્રેસે આ નવું અર્થઘટન પણ સ્વીકારી લીધું. જેમ પહેલાં પણ જણાવ્યું છે તેમ, જ્યારે 20મી ફેબ્રુઆરી, 1947ના દિને બ્રિટિશ સરકારે ભારત છોડવાનો નિર્ણય અને તે માટેની સમય મર્યાદા જાહેર કર્યા ત્યારે નેહરુએ લિયાકત અલી ખાનને સહકાર માટે વીનવ્યા હતા. અને જ્યારે ત્રીજી જૂન યોજના અને વિભાજનના નિર્ણય જાહેર થયા ત્યારે તેના સ્વીકારમાં પણ લીગને નમતું જોખવાનો જ હેતુ હતો. સમાધાન પ્રત્યેનું વલણ છેવટે આ વાસ્તવિકતા – જે લીગની જ બેજવાબદાર પ્રક્રિયાઓથી ઊભી થઈ હતી – નો સ્વીકાર કરવામાં પરિણમ્યું અને લીગનું સાર્વભૌમ મુસ્લિમ બહુમતી રાષ્ટ્રનું સ્વપ્ન સાકાર થયું.



23 .મૌલાના આઝાદ

આમ સમાધાનની નીતિનો હેતુ હતો મુસ્લિમોનો એ વિશ્વાસ સંપાદન કરવાનો કે તેઓનાં હિતોનું જરૂર રક્ષણ થશે, પણ તેમ કરતાં કરતાં છેવટેની કોમી માગણીનો સ્વીકાર કરવો પડ્યો. છૂટા પડવાના હકને માન્ય રાખવામાં દાખલા તરીકે, કૉંગ્રેસનો એવો ખ્યાલ હતો કે ''મુસ્લિમો તેનો ઉપયોગ નહીં કરે પણ તેથી તેમનો ડર જરૂર નાશ પામશે.'' પરંતુ આ પોતાને છેતરવા જેવું જ પુરવાર થયું કેમ કે 1940ના દાયકાથી મુસ્લિમ કોમવાદ લઘુમતીની અસુરક્ષિતતાના ભયની આસપાસ ઘૂમતો ન હતો, પણ એક જોરદાર નવી માગણી ઉપર ઊભો થયો હતો – કે તેમને માટે એક જુદા જ રાષ્ટ્રની રચના થાય. પરિણામે જેમ જેમ કૉંગ્રેસ નમતું આપતી

હતી તેમ તેમ ઝીણા એક પછી એક વધુ જોરદાર માગણી સાથે હઠ કરવા લાગ્યા, કૉંગ્રેસની માગે તે આપી દેવાની નીતિથી કોમવાદીઓને સંતોષ પણ ન મળ્યો અને કોમવાદ પણ દૂર ન થયો. બલ્કે દરેક છૂટછાટ વખતે તેમનો ટેકો મજબૂત બનતો ગયો અને તેમની સંખ્યામાં વધુ ને વધુ મુસ્લિમો જોડાતા ગયા, કેમ કે તેમને આ છૂટછાટોમાં એક જાતનો વિજય જ જણાતો હતો. આ બાજુ મુસ્લિમ કોમી વિચારણાની સામે જ હિંદુ કોમવાદ પણ ઊભો થયો. હિંદુ કોમવાદીઓએ પોતાને હિંદુઓનાં હિતોના રક્ષણ માટેના એકમાત્ર હિતેચ્છુઓ ગણાવ્યા અને તેમણે આક્ષેપ કર્યો કે લીગને છૂટછાટો આપીને કૉંગ્રેસ હિંદુઓનો વિશ્વાસઘાત કરે છે એટલું જ નહિ પણ તેનાં હિતોને મોટું નુકસાન પહોંચાડે છે.

### 36.5.2 મૂળભૂત નિષ્ફળતા (The Basic Failure)

કૉંગ્રેસની કોમવાદ સાથેની સામાન્ય નિષ્ફળતાનું એક લક્ષણ એ હતું કે 1940ના દાયકામાં ઊભા થયેલા કોમવાદના તર્કને સમજવામાં જ તે મૂળભૂત રીતે નિષ્ફળ ગઈ હતી. આમ જુઓ તો કૉંગ્રેસે ધર્મનિરપેક્ષતાનો સિદ્ધાંત અપનાવ્યો હતો અને ગાંધીજીએ હિંદુ-મુસ્લિમ એકતા માટે જાનની બાજી લગાવી. તેમ છતાં કૉંગ્રેસ પાસે કોઈ નક્કર દૂરગામી કાર્યક્રમ નહોતો જે દ્વારા કોમવાદ સાથે રાષ્ટ્રીય અને વૈચારિક સ્વરૂપની કક્ષાએ લડી લેવાય. તેમની નિર્વ્યાજ સરળતાથી કૉંગ્રેસી નેતાઓ માનતા હતા કે વારંવાર ખાતરી આપ્યાથી, ઉદાર રાહતો જાહેર કર્યાથી અને સમાધાન પ્રત્યે વલણ દેખાડ્યાથી કોમવાદની સમસ્યાનો ઉકેલ આવશે. જેમ પ્રોફેસર બિપિન ચંદ્ર કહે છે તેમ,

> ''હકીકતે કોમવાદ એ વિચારસરણી છે જે કદી પણ સંતોષી ન શકાય (છતાં) તેનો તો માત્ર સામનો કરવો પડે અને તેનો વિરોધ કરવો પડે ... આમ કરવામાં એ કૉંગ્રેસની નિષ્ફળતા તેમ જ રાષ્ટ્રીય ચળવળની ખરી નિર્બળતા પુરવાર થઈ.'' (India's Struggle for Independence)

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(ક) નીચેનાં વિધાનો સાચાં (✓) છે કે (✗) તે જણાવો :

(1) વિભાજનો સ્વીકાર કૉંગ્રેસે એટલા માટે કર્યો કે તેના નેતાઓ સત્તાની લાલચમાં ફસાઈ ગયા.

(2) બ્રિટિશ સરકારે વિભાજન એટલા માટે માન્ય રાખ્યું કે તે તેની ભૂતકાળનીનીતિઓ સાથે ગોઠવાઈ જતું હતું.

(3) કૉંગ્રેસની રાહતો આપવાની અને સમાધાન-તરફી નીતિઓને લઈને પાકિસ્તાનની રચના શક્ય બની.

(4) કૉંગ્રેસની મૂળભૂત નિષ્ફળતા એ હતી કે તેની પાસે કોમવાદ સાથે બાથ ભીડવા કોઈ લાંબા ગાળાનો નક્કર કાર્યક્રમ નહોતો.

(ખ) ગાંધીજી શા માટે વિભાજનની બાબતમાં પોતાને લાચાર સમજતા હતા? પાંચેક લીટીમાં લખો.

------------------------------------------------------------
------------------------------------------------------------
------------------------------------------------------------
------------------------------------------------------------
------------------------------------------------------------

## 36.6 સારાંશ

1940 પછીનાં વર્ષોમાં મુસ્લિમો માટે એક જુદું રાષ્ટ્ર મેળવવા માટે મુસ્લિમ લીગના દઢાગ્રહી પ્રયત્નોનું પરિણામ ભારતનું વિભાજન હતું. ઝીણાના નેતૃત્વ હેઠળ, બંધારણીય પદ્ધતિ અને સીધાં પગલાંની નીતિઓનું બાહોશ રીતે સંમિશ્રણ કરીને મુસ્લિમ લીગે રાજકીય પરિસ્થિતિને એવી સજ્જડ રીતે ઘેરી લીધી કે તેમાંથી નીકળવાનો એક જ ઉપાય રહ્યો – ભારતનું વિભાજન,.તેમ છતાં એ પણ હકીકત છે કે અંગ્રેજોના ટેકા વગર તે શક્ય નહોતું કે પાકિસ્તાનની રચના થાય. ઉત્તરોત્તર મજબૂત બનતી રાષ્ટ્રીય ચળવળને ડામવા તેમણે આ કોમવાદી પત્તાની ચાલ ખેલી. પાકિસ્તાનની માગણીને બહાલી આપી, લીગને મુસ્લિમોની એકમાત્ર પ્રતિનિધિ સંસ્થા કબૂલી અને લીગને રાજકીય સમજૂતીમાં વીટોનો હક્ક આપ્યો. જ્યારે અંગ્રેજોનાં પોતાનાં હિતો માટે પણ એ જ જરૂરી હતું કે સંયુક્ત ભારતને પાછળ છોડવું વધુ સારું રહેશે, ત્યારે તેઓ ઝીણાને પહોંચી વળવામાં તદન નિષ્ફળ ગયા અને લીગે સીધા પગલાની નીતિ અપનાવી તે ધમકી ને દીનતાથી સ્વીકારી તેને શરણે ગયા. સત્તાધારકોની કોમવાદની વણસતી સ્થિતિ દૂર કરવાની નિષ્ફળતા એટલી હદ સુધી પહોંચી ગઈ કે એ લોહિયાળ ભ્રાતૃયુદ્ધ કરતાં વિભાજન ઓછું નુકસાનકારક જણાયું. અખંડ ભારત માટેની તેની લાંબા ગાળાની જવાબદારીને બાજુએ મૂકવા કૉંગ્રેસ મજબૂર બની. તેમાં બે નબળાઈઓ જવાબદાર હતી – રાષ્ટ્રીય

મુનાસિબ ધાર્યું. તેમણે જીદ કરી કે માત્ર મુસ્લિમ લીગ જ મુસ્લિમ પ્રતિનિધિઓને કાઉન્સિલમાં મોકલી શકે. આથી સરકાર ધર્મસંકટમાં મુકાઈ, કેમ કે જો તે આ માગણી માન્ય રાખે તો એકતામાં માનતા યુનિસ્ટ પક્ષ (પંજાબ)ના મુસલમાનોનું શું? એ પક્ષે યુદ્ધમાં અંગ્રેજોને ખૂબ જ ટેકો આપ્યો હતો! પણ ભૂતકાળમાંની વફાદારી કરતાં આજના અને ભવિષ્યનાં હિતો વધુ મહત્ત્વનાં ગણાયાં અને છેવટે વેવેલે પરિષદને ભાંગી પડેલી જાહેર કરી છતાં મુસ્લિમ લીગના દાવાને નકારી ન નાખ્યો. આમ ઝીણાનો બંધારણ અને બંધારણીય વિકાસને અટકાવવાની વીટો કરી નાખવાની સત્તા કાયમ રહી.

### ચૂંટણીઓ – નોંધપાત્ર પરિવર્તન (Elections – The Watershed)

1945-46ના શિયાળામાં મધ્યસ્થ તેમ જ પ્રાંતીય ધારાસભાઓ (Legislative Assembly) માટે ચૂંટણીઓ યોજાઈ. એમાં લીગે પ્રચારસૂત્ર બનાવ્યું હતું – ''લીગ અને પાકિસ્તાન માટેનો મત એ ઇસ્લામ માટેનો જ મત છે.'' ચૂંટણી માટેની સભાઓ મસ્જિદોમાં થવા લાગી અને ઇસ્લામના ધાર્મિક નેતાઓ (પીર)ને ફતવા (હુકમો) કાઢવાને માટે દબાણ કરવામાં આવ્યું કે તેઓ પોતાના અનુયાયીઓને – એટલે કે મુસ્લિમોને – માત્ર લીગને જ મત આપે. કૉંગ્રેસ અને લીગ વચ્ચેની પસંદગીનું ચિત્ર એવું ઊભું કરવામાં આવ્યું કે જાણે એ પસંદગી ''ગીતા'' અને ''કુરાન'' વચ્ચે હોય. આવા પ્રચારથી જ્યારે લીગે મોટી બહુમતીથી બધી મુસ્લિમ બેઠકો પર વિજય મેળવ્યો ત્યારે કોઈ આશ્ચર્ય ન જ થયું કે ચૂંટણીઓએ મુસ્લિમ બેઠકો પર અંકુશ જમાવ્યો.

### 36.3.2 કૅબિનેટ મિશન યોજના (The Cabinet Mission)

1946ની શરૂઆતમાં જ અંગ્રેજોએ તારણ કાઢી લીધું હતું કે હવે ભારતને જો તેમણે છોડવું પડે તેમ જ છે તો જલદીથી અને આદરપૂર્ણ રીતે તેમણે છોડી દેવું જોઈશે. આ ગણતરીથી કૅબિનેટ મિશનને ભારત મોકલવામાં આવ્યું (માર્ચ 1946). તેની દરખાસ્તો હતી કે રાષ્ટ્રીય સરકારની રચના થાય અને બંધારણીય રીતે સત્તાની અદલાબદલી કરવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવે. હવે જ્યારે અંગ્રેજોએ ભારત છોડવાનો નિર્ણય કર્યો ત્યારે તેમની ''વિભાજન કરો અને સત્તા ભોગવો'' ની નીતિ અનુકૂળ નહીં થાય એમ માનવામાં આવ્યું. અને એવી દલીલ પણ કરવામાં આવી કે ભારતીય ઉપખંડમાં બ્રિટિશ વ્યૂહરચના માટે સંગઠિત ભારત જ વધારે ઉપયોગી બની શકે. એવું પણ મનાવા લાગ્યું કે એક સંયુક્ત ભારત, જે બ્રિટન સાથે મૈત્રીભર્યા સંબંધો ધરાવતું હોય, તે રાષ્ટ્રીય સંસ્થાન સંઘ(રાષ્ટ્રમંડળ) (Common Wealth) ની સંરક્ષણની નીતિમાં સક્રિય ભાગ લઈ શકે, જ્યારે વિભાજિત ભારતનું સંરક્ષણ નબળું પડી જાય અને ભારત અને પાકિસ્તાનમાં મતભેદોને લીધે સંયુક્ત સંરક્ષણની યોજના કરવામાં બહુ મુશ્કેલીઓ ઊભી થાય.

અંગ્રેજોના વલણમાં – કૉંગ્રેસ તેમ જ લીગ પ્રત્યેના વલણમાં – આવેલા ફેરફારથી આ પ્રકારનો ખ્યાલ ઊભો થાય તે સ્વાભાવિક હતું. બ્રિટનના વડાપ્રધાન શ્રી એટલીએ 15મી માર્ચ 1946ના રોજ જાહેર કર્યું : ''બહુમતીની પ્રગતિ માટે કોઈ લઘુમતીને વીટોની સત્તા મળશે નહીં.'' 1945ના જૂન-જુલાઈમાં ભરાયેલ સિમલા પરિષદ દરમિયાન જે નીતિ વાઇસરૉય વેવેલે અપનાવી હતી તેમાં ઝીણાની જીદ અને વીટોને માન્ય રાખીને પરિષદનું કામ છિન્નભિન્ન થવા દેવામાં આવ્યું હતું. આનાથી તદ્દન વિરુદ્ધનું વલણ હવે એટલીએ અપનાવ્યું. અને તેવી જાહેરાત કરવામાં આવી. કૅબિનેટ મિશનની ચર્ચાઓમાં પણ અલગ એકમ તરીકે પાકિસ્તાનની રચના શક્ય નથી એવો સૂર નીકળ્યો. તેથી જ તેણે ઘડેલી યોજનામાં મુસ્લિમોનાં હિતોનું અખંડ ભારતમાં કઈ રીતે રક્ષણ થાય તેની ચર્ચા કરવામાં આવી હતી. એ માટે ત્રણ વિભાગનું આયોજન થાય તેમાં જુદી મળેલી ચર્ચાસભાઓમાં તેમનાં બંધારણો ઘડવાં, એવું ઠરાવવામાં આવ્યું. 'અ' વિભાગના કૉંગ્રેસ પ્રાન્તોમાં - મદ્રાસ, મુંબઈ, યુ.પી., બિહાર, સેન્ટ્રલ પ્રોવિન્સીસ, અને ઓરિસાનો સમાવેશ થતો હતો. પંજાબ, ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંત અને સિંધને 'બ' જૂથ-વિભાગમાં ગણવામાં આવ્યો, જ્યારે 'ક' જૂથ-વિભાગમાં બંગાળ અને આસામને પકડવામાં આવ્યા. આ ત્રણેય વિભાગનાં સંરક્ષણ, વિદેશનીતિ અને સંચાર-વ્યવસ્થા જેવા વિષયો કેન્દ્રીય સરકારને હસ્તક સોંપાયા. પ્રથમ ચૂંટણીઓ બાદ દરેક પ્રાન્તને સ્વતંત્રતા આપવામાં આવી કે, તે પોતાનો વિભાગ કે જૂથ છોડી શકે. ઉપરાંત, દસ વર્ષ બાદ તે વિભાગીય તેમ જ મધ્યસ્થ બંધારણોમાં ફેરફાર કરવા માટે માગણીઓ રજૂ કરી શકે.

### જૂથ-વિભાગોની વ્યવસ્થામાં જણાઈ આવતી દ્વૈધીવૃત્તિ (Ambivalence over Grouping)

કૉંગ્રેસ અને લીગ વચ્ચે જૂથ વિભાગોની વ્યવસ્થા અંગે સમજૂતી ન થઈ. કૉંગ્રેસની એ માગણી હતી કે દરેક પ્રાન્તને હમણાંથી જ એ પસંદગીની છૂટ હોવી જોઈએ કે તેણે દર્શાવેલા વિભાગમાં જોડાવું યા ન જોડાવું. તે માટે ચૂંટણી સુધી રાહ જોવાની જરૂર નથી. આ માગણી કરતી વખતે કૉંગ્રેસના ધ્યાનમાં આસામ અને ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંત ખાસ હતા, જેઓ 'બ' અને 'ક' જૂથ વિભાગમાં નાખવામાં આવ્યા હતા. લીગની માગણી હતી કે પ્રાંતોને મધ્યસ્થ બંધારણમાં ફેરફાર કરવા માટે તુરત જ સ્વતંત્રતા મળવી જોઈએ. તે માટે દસ વર્ષની રાહ જોવી જરૂરી નથી. આમ થવાથી કૅબિનેટ મિશન યોજનામાં દ્વૈધીવૃત્તિ પેદા થઈ. એ અસ્પષ્ટ

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) (1) ✘ (2) ✘ (3) ✘

(ખ) તેનો કાયદો એ હતો કે તેમાં ભારતની એકતાનો સિદ્ધાંત સ્વીકારાયો હતો.પણ ખામી એ હતી કે પ્રાંતોના વિભાગીય જોડાણ વિશે તે મરજિયાત અથવા ફરજિયાત હોવાના મુદ્દા વિશે અસ્પષ્ટતા હતી. જુઓ 36.3.2.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(ક) (1) ✘ (2) ✓ (3) ✓ (4) ✓

(ખ) ગાંધીજીની લાચારીનાં કેટલાંક કારણો હતાં :-

(1) સંપૂર્ણ પ્રજામાં ફેલાઈ ચૂકેલી કોમવાદી લાગણી.

(2) એકતા લાવવાના પ્રયત્નોમાં લોકોને સામેલ કરવામાં તેમને મળેલી નિષ્ફળતા; અને

(3) મુસ્લિમો, હિંદુઓ તેમ જ શીખો દ્વારા પણ વિભાજનના સિદ્ધાંતનો સ્વીકાર કરી લેવો.

# એકમ 37 ભારતમાં લોકશાહી રાજ્યતંત્રની સ્થાપના

# (The Establishment of Democratic Polity in India)

**રૂપરેખા**


37.0 ઉદ્દેશો
37.1 પ્રસ્તાવના
37.2 લોકશાહીની પરિકલ્પના – એક ઇતિહાસ
 37.2.1 શરૂઆતના ઉદારમતવાદીઓ
 37.2.2 ઉદારમતવાદી લોકશાહીની મર્યાદાઓ
37.3 ભારતમાં લોકશાહી વિચારો તેમ જ સંસ્થાઓનો વિકાસ
 37.3.1 અંગ્રેજ શાસનનો પ્રભાવ
 37.3.2 બંધારણીય સભાની વિભાવના
37.4 મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાન્તોના પ્રશ્નો
37.5 એક સુગ્રથિત લોકશાહી રાજ્યના બંધારણ પ્રતિ કૂચ
 37.5.1 કેન્દ્રમાં સંસદીય પદ્ધતિ
 37.5.2 રાજ્ય
37.6 ચૂંટણી પદ્ધતિ
 37.6.1 લોકશાહી પ્રતિનિધિત્વ તરફ પ્રયાણ
 37.6.2 મર્યાદાઓ
37.7 સમવાયતંત્ર વિ. એકતંત્રી વ્યવસ્થા : લોકશાહી રાજ્યના વિકલ્પો
 37.7.1 સમવાયતંત્રની ઐતિહાસિક પૂર્વભૂમિકા
 37.7.2 વિભાજન પછીનું સમવાયતંત્ર
 37.7.3 વહીવટી તેમ જ આર્થિક માળખામાંના અવરોધો
37.8 સારાંશ
37.9 ચાવીરૂપ શબ્દો
37.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 37.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પછી તમે-

- લોકશાહીના સિદ્ધાન્તના વિકાસ વિશે જાણી શકશો;
- ભારતમાં લોકશાહી વિચારો તેમ જ સંસ્થાઓના વિકાસને સમજી શકશો;
- આ વિચારો અને સંસ્થાઓએ જે મર્યાદાઓનો સામનો કરવાનો હતો તે વિશે જાણી શકશો.

## 37.1 પ્રસ્તાવના

વિકાસશીલ દેશોનો સાંપ્રત સમયનો સંકેત શબ્દ લોકશાહી છે. દરેક જાતના રાજકીય મતો પણ પોતાને 'લોકશાહી' જ ગણાવે છે. જોકે, વાસ્તવમાં અને વ્યવહારમાં 'લોકશાહી'નું અર્થઘટન જુદા જુદા વર્ગો, જૂથો અને પક્ષો જુદી જુદી રીતે કરે છે લોકશાહીની કોઈ એક સર્વસંમત વ્યાખ્યા નથી. ભારતમાં પણ લોકશાહીને લગતા વિચારો અને સંસ્થાઓનો વિકાસ વિવિધ વર્ગો, જૂથ અને પક્ષોના વિવિધ દૃષ્ટિકોણના સંદર્ભમાં થયો. સંસ્થાનવાદ વિરોધી આંદોલનના સંદર્ભમાં અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીની ઘટનાઓના સંદર્ભમાં લોકશાહીના અર્થઘટનને વળી ચોક્કસ દિશા મળી છે.

## 37.2 લોકશાહીની પરિકલ્પના : એક ઇતિહાસ (The Concept of Democracy : A History)

ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં 'લોકશાહી' શબ્દનો ઉદ્ભવ કેટલાંક ગ્રીક નગરરાજ્યોની પાંચમી સદી (ઈસવી પૂર્વે)માં શાસનપદ્ધતિને કારણે થયો. તેનું શાબ્દિક ભાષાંતર કરીએ તો તેનો અર્થ ''લોકોનું'' અને ''લોકો દ્વારા'' થતું શાસન એવો થાય છે.

આધુનિક કાળમાં શરૂઆતમાં આ જ અર્થો 'લોકશાહી'ના થયા અને તેને ફરીથી જીવંત કરવામાં આવ્યા,

જેનાથી મૂડીવાદ પહેલાંની યુરોપની આર્થિક સ્થિતિ, આદર્શો તેમ જ શાસનપદ્ધતિ વગેરેને ટીકાપાત્ર ગણાવવામાં આવ્યાં. 15મી તેમ જ અઢારમી સદીઓમાં યુરોપમાં મૂડીવાદનો ઝડપી વિકાસ થયો જે તે વખતના સામંતશાહી માળખાને વેરવિખેર કરવા કારણભૂત બન્યો. આ તબક્કે 'લોકશાહી'ની પરિકલ્પનાનો ઢાંચો, સાધનો તેમ જ વ્યાવહારિક રીતે સામાજિક સંદર્ભમાં ઉદારવાદી સિદ્ધાન્તોનો ઉમેરો થતો ગયો.

### 37.2.1 શરૂઆતના ઉદારમતવાદીઓ (The Early Liberals)

અત્યાર સુધી એમ મનાતું આવ્યું હતું કે સમાજમાં માણસોની કોટિક્રમની સ્થિતિ - સ્તરોનું માળખું - યા ઊંચનીચ હોવું - એ કુદરતી રીતે થયેલ વ્યવસ્થા હતી. પરંતુ આ માન્યતાને શરૂઆતના ઉદારમતવાદીઓ - જેવા કે લેવલર્સ, જહોન લૉક, અને પછીથી રૂસો, વગેરેએ - વખોડી કાઢી. સત્તાનું સ્વરૂપ માતાપિતા અને બાળકો વચ્ચેના સંબંધ જેવું હોય છે તેવી પણ માન્યતાને તેમણે નકારી. સત્તાનાં સૂત્રો રાજાના હાથમાં ''દૈવી હક'' ને કારણે છે તે વાત તેઓ માનવા તૈયાર ન હતા. આ ઉદારમતવાદીઓએ સત્તાનું ઉદ્‌ભવસ્થાન લોકોની અનુમતિમાં ગણ્યું. માનવીય વિકાસ માટે જીવન, સ્વાતંત્ર્ય અને સંપત્તિ ભોગવવાના હક્કો મૂળભૂત છે એમ તેમણે દલીલ કરી. તેમ છતાં તેમણે કોઈ એવા સમાજની પરિકલ્પના ન કરી કે જેમાં મનુષ્યમાત્રને આ હકો શાંતિપૂર્ણ રીતે પ્રાપ્ત થાય અને માનવવિકાસ થાય. સમાનતાનો સિદ્ધાન્ત મૂળભૂત ગણાવા છતાં એ અમૂર્ત રહ્યો; અને આજે પણ અમૂર્ત જ છે, સિવાય કે કાયદા સમક્ષ દરેક વ્યક્તિને સમાન રીતે વ્યવહાર મળે તેટલું અર્થઘટન વાસ્તવ જીવનમાં ઉતારાયું છે. રૂસો સિવાયના મોટા ભાગના ઉદારમતવાદીઓની માન્યતા હતી કે માનવીય વિકાસ તેમ જ વ્યક્તિગત વિકાસ માટે પણ સંપત્તિની માલિકી અતિશય જરૂરી હતી. લૉક અને મિલની વિચારણામાં મધ્યમવર્ગીય લોકશાહીનો પાયો લોકોની અનુમતિથી ચાલતી રાજ્યવ્યવસ્થા કહી શકાય. જ્યારે રૂસોના વિચારમાં એક કલ્પિતાર્થ આદર્શ હતો જેમાં લોકો પાસે જ સાર્વભૌમત્વ રહે અને લોકો પોતે જ નાના રાજ્યના માળખામાં શાસન કરે.

### 37.2.2 ઉદાર મતવાદી લોકશાહીની મર્યાદાઓ (Limits of Liberal Democracy)

વ્યવહારમાં ઉદારમતવાદી લોકશાહીને કેટલીક મર્યાદાઓ છે. પ્રથમ તો એ કે તેની વિચારણામાં કોઈ એવા રાજ્યનો નમૂનો પણ નથી જેમાં લોકશાહી રીતે સમાનતાના સિદ્ધાન્તથી મત આપવાના હકને વ્યવહારમાં મૂકી શકાય. લોકશાહીમાં ચુસ્તપણે માનનારા વિદ્વાન જે. એસ. મિલના અભિપ્રાય મુજબ ઓછી સંખ્યા ધરાવનાર પૈસાપાત્ર વર્ગોને એકથી વધુ મતોનો અધિકાર મળવો જોઈએ. આનું કારણ એ દર્શાવવામાં આવ્યું કે સંખ્યામાં વધતા જતા કામદાર વર્ગની સામે યોગ્ય સંતુલન રાખવા માટે અને તે મૂડીવાદીઓ પ્રત્યે ઢળતું રહે તે માટે આ પ્રકારના મતાધિકારની જરૂર હતી. પરંતુ જ્યારે સાર્વત્રિક પુખ્ત મતાધિકાર દાખલ કરવામાં આવ્યો ત્યારે આ સદીમાં લોકશાહીમાં પ્રતિનિધિત્વનાં લક્ષણો આવ્યાં. આ સિદ્ધાંતને લીધે, ખરેખર લોકશાહી ઘરે ઘરે જાણીતો (અને વપરાતો) શબ્દ બન્યો અને તેનો ઉપયોગ મત આપવાની દૃષ્ટિએ થવા લાગ્યો આમ, આજે લોકશાહીનો ખરો અર્થ એ થાય છે કે એક એવું રાજ્યશાસન જેની સરકાર મુક્ત અને કાનૂની રીતે કરેલી ચૂંટણીથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ બનાવે.

### લોકશાહી પ્રતિનિધિત્વનું સ્વરૂપ (The Nature of Democratic Representation)

આથી હવે પ્રશ્ન થાય છે કે આવી રીતે પ્રતિનિધિત્વવાળી (અથવા લોકશાહીયુક્ત) સરકારો અને તેમની ચૂંટણીની રીતો શું ખરેખર લોકોનું પ્રતિનિધિત્વ કરે છે? શું સાર્વત્રિક પુખ્ત મતાધિકારને લીધે જે સરકારો રચાય છે તે વધુ લોકશાહીના આદર્શને વરેલી હોય છે? જ્યારે આનો ઉત્તર મેળવવા આપણે જુદા જુદા સ્વરૂપનું પ્રતિનિધિત્વ ધરાવતી શાસનવ્યવસ્થાઓનો – જેવી કે કેન્દ્રીય અથવા સમવાયી, સંસદીય અથવા પ્રમુખશાહી, અને વપરાશમાં આવતી મતાધિકારની વિવિધ રીતોનો અભ્યાસ કરીએ તો એમ જણાય છે કે આધુનિક રાજકારણમાં આ બધાનો વ્યાવહારિક અર્થ તે દેશમાં પ્રવર્તમાન રાજકીય પક્ષોની પ્રકૃતિ અને વ્યવહારની રીત ઉપર આધારિત હોય છે.

છેલ્લી બે સદીઓમાં થયેલા રાજકીય પક્ષોનો વિકાસ એ આધુનિક લોકશાહીના રાજકીય વિકાસ માટેનું સૌથી મહત્ત્વનું પગલું છે. આ રાજકીય પક્ષો વચ્ચે થતી સત્તા માટેની સ્પર્ધા દ્વારા લોકશાહીની ચૂંટણી પદ્ધતિ યથાર્થમાં વ્યાવહારિક બની શકે છે એમ મનાય છે.

### રાજકીય પક્ષો અને લોકશાહી (Political Parties and Democracy)

નિરપવાદ રીતે, સત્તાધારી રાજકીય પક્ષો લોકશાહીમાં પણ નેતૃત્વ, કેન્દ્રીકરણ, શિસ્ત, અને ઉપકારકતાના સિદ્ધાન્તો પર આધારિત હોય છે. આને લઈને બધા જ પક્ષોમાં અમલદારશાહીનું તત્ત્વ દાખલ થઈ જ જાય છે અને તેથી તેમાંના ચુનંદા લોકો દ્વારા જ નિર્ણયો લેવામાં આવે છે. આમ, જેમ્સ શૂમપીટર લોકશાહીની

વ્યાખ્યા આ પ્રમાણે કરે છે : લોકશાહી એ ''એવી સંસ્થાકીય વ્યવસ્થા છે જેમાં લોકોના મત મેળવવા માટે વ્યક્તિઓ સ્પર્ધા કરીને સત્તાધારી બને છે અને પછી રાજકીય નિર્ણયો લેવામાં આવે છે.'' સામાન્ય 'સાર્વભૌમ' મતદારની મરજીથી કે તેના હિતમાં જ આ સત્તાની સ્પર્ધા ગોઠવાય છે તેવું નથી હોતું. ઘણું ખરું તો ઉદારમતવાદી લોકશાહીમાં ચઢિયાતી વગ ધરાવનાર વર્ગોની ઇચ્છાઓનું જ પ્રતિનિધિત્વ આ રાજકીય પક્ષો કરતા હોય છે. જ્યારે કોઈ પક્ષ આ રીતે કામ કરતો બંધ થાય, ત્યારે તે સમાજની શાંતિ અને વ્યવસ્થાને માટે જોખમરૂપ ગણાવાય છે.

રાજકીય પક્ષો શૂન્યાવકાશમાં કામ નથી કરતા. તેઓના નેતાઓ માટે કે સભ્યો માટે તેની રચના થતી નથી. તેઓના ટકી રહેવા પાછળ સમાજના કેટલાક વર્ગોનું બળ કારણભૂત હોય છે, જેનાં હિતોને આ પક્ષ વધારે છે અને તેમનું રક્ષણ કરે છે. વર્ગોમાં વિભાજન પામ્યા હોય એવા દરેક સમાજમાં આ વર્ગ-પક્ષપાત તેમની નીતિઓ અને કાર્યક્રમોમાં સ્પષ્ટ જણાય છે. આથી સતત અથવા વખતોવખત સત્તા પર આવતા આવા પ્રધાનપક્ષોની નીતિ, તેમના આદર્શો અને કાર્યક્રમો, અને ચારિત્ર્યનો અભ્યાસ કરવાથી એ લોકશાહીની યથાર્થ પ્રકૃતિ અથવા તેની પ્રતિનિધિત્વની ક્ષમતા કેટલે સુધી પહોંચી છે તે સમજી શકાય. આ પ્રકારનું વિશ્લેષણ ઘણું ખરું એ જ નિષ્કર્ષ પર આવે છે કે સત્તાધારી પક્ષો ચૂંટણીઓ જીતે છે અને તે માટે મતદારોને મોટે પાયે મનાવી લેતી નીતિઓ અને પ્રયુક્તિઓ યોજે છે.

**ભાગીદારીયુક્ત લોકશાહી ? (Participatory Democracy)**

ઉપર જણાવેલ બાબતોના સંદર્ભમાં, જેમાં ઉચ્ચવર્ગીય અમલદારશાહીવાળી, અને લોકરંજનવાળી લોકશાહીના પ્રકારો જણાય છે, તેમાંથી છૂટવા માટે કેટલાક વિદ્વાનો ''હિસ્સેદારીની લોકશાહી'' નું સૂચન કરે છે. તેમના મતે નિર્ણયો લેવામાં લોકોનો જુદે જુદે સ્તરે હિસ્સો હોય એવી સંસ્થાઓની જો વ્યવસ્થા થાય તો જ લોકશાહીનું મૂળ તત્ત્વ વાસ્તવિક બની શકે. આવું રાજકીય માળખું ઊભું કરવું ત્યારે જ શક્ય છે, જ્યારે લોકોને એ જ સભાનતા હોય કે તેઓને ખરેખર સામાજિક-આર્થિક વિકાસનાં ફળો મળે છે. બીજા શબ્દોમાં, સાચી લોકશાહી ત્યારે જ અસ્તિત્વમાં આવી શકે જ્યારે લોકસમાજ સામાજિક હિસ્સેદારી ભોગવતો હોય, અને પ્રજા જ પોતાનું જ રાજકીય નેતૃત્વ કરતી હોય અને તેઓ સાર્વભૌમ મતદારો બન્યા હોય.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) ઉદારમતવાદી લોકશાહીના વિચારકો(લૉક, રૂસો વગેરે)એ કહ્યું કે :-
- (1) સમાજ જુદા જુદા વર્ગોમાં અને જૂથોમાં વહેંચાયેલો છે અને તેનું કારણ એક વર્ગ અથવા જૂથઅન્યો કરતાં જીવશાસ્ત્રની દૃષ્ટિએ ચડિયાતા છે.
- (2) પ્રજાની અનુમતિ જ સત્તાનું મૂળ છે.
- (3) દૈવી હકથી જ સત્તા પ્રાપ્ત થાય છે.
- (4) ઉપરમાંનું કશું નહિ.

(ખ) આધુનિક લોકશાહી રાજ્યોમાંના મોટા ભાગે રાજકારણ
- (1) પ્રવર્તમાન રાજકીય પક્ષોની પ્રકૃતિ પર આધારિત હોય છે.
- (2) ''હિસ્સેદારીની લોકશાહી'' પર આધારિત હોય છે.
- (3) રાજાઓના ''દૈવી હક્ક'' પર આધારિત હોય છે.
- (4) ઉપરમાંના કશા પર નથી હોતું.

## 37.3 ભારતમાં લોકશાહી વિચારો તેમ જ સંસ્થાઓનો વિકાસ
## (The Evolution of Democratic Ideas and Institutions In India )

ભારતમાં લોકશાહી અને લોકતંત્ર વિશેના વિચારો અને સંસ્થાઓ અંગ્રેજ શાસનના પ્રભાવ, સ્વાતંત્ર્ય ચળવળ અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીની રાજ્યવ્યવસ્થાના સંદર્ભમાં વિકસ્યાં.

### 37.3.1 અંગ્રેજ શાસનનો પ્રભાવ (The Impact of the British Rule)

આધુનિક લોકશાહીની વિચારણા તેમ જ સંસ્થાઓ ઊભી કરવામાં અંગ્રેજોનું સંસ્થાનવાદી શાસન તેમ જ તેની વિરુદ્ધ ચાલેલો સંઘર્ષ મુખ્ય પરિબળો ગણી શકાય. જ્યારે ભારતની સાંસ્થાનિક સ્થિતિ અને તે પહેલાંની સામાજિક સ્થિતિના ઘર્ષણને પરિણામે તે ઊકળતા ચરુમાંથી લોકશાહી અને રાષ્ટ્રીયતા વિશેના ખ્યાલો ઉત્પન્ન થયા. સંસ્થાનવાદી શોષણને પરિણામે એક નવી આર્થિક પરિસ્થિતિ ઊભી થઈ અને સાથે જ વહીવટી માળખામાં પણ સદંતર ફેરફારો થયા. આને લીધે ઉત્પાદનના નવા જ સામાજિક પરિબળો પ્રવૃત્ત થવા લાગ્યાં

જે અગાઉ કદી નહોતાં થયાં. આમ થવાથી 19મી સદીની શરૂઆતમાં એક નવી ચલાયમાન સામાજિક સ્થિતિ ઊભી થઈ, જેમાં સુધારક, રાષ્ટ્રવાદી, ઉદારમતવાદી અને લોકશાહીયુક્ત વિચારધારાઓના વિકાસની તકો મળી શકી.

## ભારતીય પુનરુત્થાન અને લોકશાહી (Indian Renaissance and Democracy)

ભારતમાં લોકશાહી શાસનવ્યવસ્થા સ્થાપવાની માગણી છેક રાજા રામમોહન રૉય અને ભારતીય નવજાગૃતિના દિવસો જેટલી જૂની છે. છતાં આ નવજાગૃતિ-પુનરુત્થાન ઉદારમતવાદી લોકશાહી પ્રત્યે હજી અર્ધજાગ્રત જ હતું. તે જરૂરી આત્મપરીક્ષણ, પોતાના સામાજિક માળખા તેમ જ મૂલ્યો વિશે તેમ જ તેની મર્યાદાઓ વિશે વિવેચનાત્મક વલણ ધરાવતું નહોતું.

આ અર્ધદગ્ધ પગલું પણ પુનરુત્થાનના સમયે કોઈ પ્રભાવશાળી ઉચ્ચ વર્ગનો ટેકો મેળવી શક્યું નહિ તે માત્ર નાના એવા શિક્ષિત વર્ગ પૂરતું જ સીમિત રહ્યું. આમ તેમાં ક્રાન્તિકારી આવેગ આવ્યો નહિ અને તે કારણે સામાજિક અથવા આદર્શવાદી ક્રાન્તિ તેમ જ પરિવર્તન સમાજમાં આણવામાં તે નિષ્ફળ ગયું. સામંતશાહી વિરોધી ક્રાન્તિ જેવી પશ્ચિમના (યુરોપીય) દેશોમાં થઈ તેવી ક્રાન્તિ ભારતમાં ન થઈ તેને બદલે મૂડીવાદ પૂર્વેના વિચારો સાથે છેડો ફાડ્યા વિના જ લોકશાહી વિચારણા પણ સાથોસાથ શરૂ થઈ ગઈ. આમ ભારતમાં લોકશાહી તેમ જ મૂડીવાદ, બન્ને સાથે સાથે જ રહ્યાં અને બન્ને પુનરુત્થાન માટેની ભાવનાને જાળવી રાખવા છતાં સ્થાનીય રિવાજો જેમાં જાતિ, ભાષા, પ્રાન્ત અને ધર્મને લગતા સંબંધો હતા તે પણ સાચવી રાખવામાં આવે છે.

પાશ્ચાત્ય શિક્ષણ જ્યારે ભારતમાં શરૂ થયું ત્યારે એક બહુ મહત્ત્વનું પગલું ઉદારમતવાદી વિકાસમાં ભરાયું તેમ ગણી શકાય. ભારતના સંદર્ભમાં તે રાષ્ટ્રીયતાના જન્મ જેવું પણ ગણી શકાય. તેને કારણે જ ભારતીય ઉદ્યોગપતિઓ અને વેપારીઓને વૈજ્ઞાનિક ધોરણે પોતાના ઉદ્યોગો અને ઉત્પાદનો તથા વેપારને ગોઠવતાં આવડ્યું અને તે માટે શિક્ષિત લોકો દેશમાં મળી રહ્યા. આ શિક્ષિત વર્ગમાંથી જ રાષ્ટ્રીય ચળવળની નેતાગીરી પણ પ્રાપ્ત થઈ. શિક્ષિત ઉચ્ચવર્ગની પહેલને કારણે તો એક રાષ્ટ્રીય સ્તરે મંચ મળી શક્યો, જે કૉંગ્રેસની સ્થાપનાથી ઉદ્‌ભવી શક્યો. હકીકતમાં, પહેલાના એક રાષ્ટ્રીય નેતાના કહ્યાં મુજબ, શિક્ષિત વર્ગની એકતાએ ભારતની રાષ્ટ્રીય એકતાનું જ સ્વરૂપ લીધું. (સુરેન્દ્રનાથ બેનર્જી.)

## પ્રારંભિક રાષ્ટ્રવાદીઓ અને લોકશાહી (The Early Nationalists and Democracy)

શરૂઆતના રાષ્ટ્રવાદીઓની સફળતા અને સિદ્ધિ એ હતાં કે તેમણે લોકશાહી તેમ જ રાષ્ટ્રવાદના સિદ્ધાન્તોનો શિક્ષિત ભારતીયોમાં ખૂબ પ્રચાર કર્યો. તેમની પહેલી માગણી એ હતી કે અંગ્રેજોના શાસનના માળખામાં જ પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ શરૂ કરવામાં આવે.

'સ્વરાજ' અને 'સ્વદેશી' જેવાં સૂત્રો પણ અંગ્રેજોના શાસનની વિરુદ્ધનો કોઈ સૂર ધરાવતાં નહોતાં, તેટલાં સીમિત હતાં.

આમ, શરૂઆતમાં, ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ કોઈ આક્રમક વલણ ધરાવતી ન હતી. અને એની પાસે ભારતને પૂર્ણ સ્વાતંત્ર્ય તેમ જ લોકશાહીયુક્ત શાસન મેળવી આપવા માટેનો કોઈ કાર્યક્રમ જ ન હતો. અંગ્રેજી શિક્ષણ પામેલો શિક્ષિત વર્ગ સાંસ્થાનિક સંસ્કૃતિના મોહમાં લપેટાયેલો હતો, અને તેની મૂલ્ય વ્યવસ્થામાં અંગ્રેજ શાસન સાથે કોઈ વાસ્તવિક અને મૂળભૂત ભંગાણ પાડવાની કોઈ તમન્ના ન હતી. આ મુજબ, કૉંગ્રેસના શરૂઆતના રાજકારણમાં અને પગલાંઓમાં, એટલે કે મવાળ પક્ષના સમયમાં સમસ્ત પ્રજાનો ટેકો મેળવવામાં સફળતા ન મળી, અને માત્ર ઉચ્ચ વર્ગમાંથી અંગ્રેજીમાં શિક્ષણ પામેલાઓનો ટેકો જ તેમને મળ્યો. આ પરિસ્થિતિને બદલવાના પ્રયત્નો જહાલ પક્ષના સમયમાં થયા. આ સીમિત વર્ગના ટેકાને બદલે વિસ્તૃત પ્રજાનો ટેકો મેળવવાના લક્ષ્યને સાધવા તેમ જ આર્થિક-સામાજિક નીતિને વધુ સ્પષ્ટ કરી, ભારતનું સંસ્થાનવાદ નીચે થતું શોષણ સમજાવાનો પ્રયાસ ન કર્યો પણ તેને બદલે ભારતીય સંસ્કૃતિનું પુનરુત્થાન કરવાના પ્રયત્નો કર્યા. પરંતુ આનું પરિણામ વિપરીત આવ્યું. બધી કોમોમાં એક સર્વસામાન્ય રાષ્ટ્રીય એકતા અને સામાજિક-આર્થિક વિકાસ તેમ જ લોકશાહીના સિદ્ધાંતોને માર્ગે સહમત સ્થાપવાને બદલે હિન્દુ સંસ્કૃતિના 'પુનરુત્થાન'ની વાતો હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે કોમવાદી દીવાલ ઊભી કરવા કારણભૂત બની. આથી જ, ધાર્મિક રૂઢિવાદીઓએ મુસ્લિમોમાં એવો ભય પેદા કર્યો કે કૉંગ્રેસ તો માત્ર હિન્દુઓ માટેનો જ રાજકીય પક્ષ છે. આ વલણ ઊભું થવાથી લોકશાહી તેમ જ રાષ્ટ્રીયતા માટેની ચળવળમાં મોટી નબળાઈ આવી ગઈ.



## સામુદાયિક આંદોલનોના સમયમાં લોકશાહી (Democracy in the Age of Mass Movements)

વીસમી સદીમાં લોકશાહી અને રાષ્ટ્રીય આંદોલનો મહત્ત્વની રીતે ઝડપી બન્યાં. 1909ના મોર્લે-મિન્ટો સુધારા દ્વારા મધ્યસ્થ સમિતિમાં આડકતરી ચૂંટણી દ્વારા લઘુમતી ધરાવતા સભ્યો, તેમ જ પ્રાંતીય સમિતિમાં સીધી ચૂંટણી પદ્ધતિથી બહુમતી ધરાવતા સભ્યોના પ્રવેશ માટે છૂટ મળી. 1919ના કાયદા મુજબ દ્વિમુખી શાસનપદ્ધતિ ભારતમાં દાખલ થઈ. 1935નો વહીવટી કાયદો ખિલાફત ચળવળમાં જ સવિનય કાનૂનભંગની તુરત બાદ પસાર થયો. આ ચળવળો દરમિયાન પ્રજાના મોટા ભાગના લોકો લોકશાહી અને સ્વતંત્રતાની આ ચળવળોમાં ભાગ લેવા આકર્ષાયા હતા. તેમાં મૂડીવાદી વર્ગ, મધ્યમ વર્ગો, કામદાર વર્ગ અને ખેડૂત વર્ગના દરેક પ્રાંતના લોકો હતા. ભારતના સ્વાતંત્ર્ય સંઘર્ષમાં કામદાર વર્ગના જોડાવાથી, તે સંઘર્ષ તેમ જ તેનું નેતૃત્વ કરનારાઓનાં માન અને શક્તિ ખૂબ જ વધી ગયાં. ત્યાર પછી આવેલી 'ભારત છોડો' ચળવળ અને બીજા વિશ્વયુદ્ધ પછી ઊભી થયેલી સામાજિક પરિસ્થિતિને લીધે છેવટે સત્તાનો દોર ભારતીયોને સોંપી દેવામાં આવ્યો. જોકે સત્તાના હસ્તાંતરણને સમયે તેમ જ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ થોડા મહિનાઓ માટે ભારતે વિભાજન અને ભયાનક કોમવાદી વિધ્વંસનો અનુભવ કર્યો.


The Statesman
INAUGURATION OF TWO DOMINIONS
Midnight
PLEDGE
SWEARING-IN
NEW
GOVERNORS

**25. વિભાજન અને સ્વાતંત્ર્ય વિશે એક દૈનિકનો અહેવાલ**


### 37.3.2 બંધારણીય સભાની વિભાવના (The Perception of the Constituent Assembly)

લોકશાહીયુક્ત સરકાર અને સ્વાતંત્ર્ય માટેના સંઘર્ષની છેવટની સિદ્ધિ હતી એક બંધારણીય સભાની 1946માં સ્થાપના જેના 385 સભ્યો હતા. તેમાં દરેક પ્રકારના અભિપ્રાય ધરાવનાર જૂથોના તેમ જ હિંદુ, મુસ્લિમ અને શીખોના પણ પ્રતિનિધિઓ હતા. તેમ છતાં તે બંધારણ ઘડનારાઓનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરતી સભા હતી તેમ ન કહી શકાય. આ સભા 292 સભ્યો (અંગ્રેજોના સીધા શાસનવાળા) 11 પ્રાન્તની ધારાસભાઓ દ્વારા ચૂંટાયા હતા અને તેમની ચૂંટણીની પદ્ધતિ પુખ્તવયના સમગ્ર મતદારોના પાંચમા ભાગના લોકોના મત પૂરતી મર્યાદિત હતી. દેશી રાજ્યોએ જે અંગ્રેજોના આડકતરી રીતે ચલાવાતા શાસન હેઠળ જ હતા, તેમણે 93 સભ્યોનાં નામ પ્રતિનિધિ તરીકે મોકલ્યાં હતાં. ઑગસ્ટ 1947માં ભારતના વિભાજનનો નિર્ણય લેવાઈ ચુકાયા પછી આ સભાના સભ્યોની સંખ્યા ઘટીને 298 થઈ ગઈ. તેમાંના 208 સભ્યો કૉંગ્રેસ પક્ષના હતા.

ભારતમાં લોકશાહીયુક્ત સંસ્થાઓ સ્થાપવા માટે આ બંધારણીય સમિતિએ માર્ગદર્શન આપ્યું. જાન્યુઆરી 1950 સુધી તે બંધારણીય સભા ઉપરાંત સંસદ તરીકે પણ કાર્ય કરતી હતી. એમાં કૉંગ્રેસ પક્ષ જ ખૂબ મહત્તા ધરાવનાર હોવાથી સ્વાભાવિક રીતે પક્ષના આદર્શોનો પ્રભાવ આ સભા અને ભારતના બંધારણ ઉપર જણાઈ આવે છે. ભારતીય બંધારણનો વાસ્તવિક આકાર કોઈ સ્વાયત્ત કાયદાકીય તજ્જ્ઞોની સમિતિએ આપ્યો નહોતો, પરંતુ કૉંગ્રેસના ઉદારમતવાદી આદર્શોએ આપ્યો હતો. અને તે બધા જ ઉદારવાદી-લોકશાહીયુક્ત સંસ્થાઓની ભારતમાં સ્થાપના અંગેના નિર્ણયો – સરકારનું સ્વરૂપ સમવાયી સરકાર, ધર્મનિરપેક્ષતા, લોકશાહીને લગતા અધિકારો, વગેરે અંગે, – કૉંગ્રેસ પક્ષમાં અને તેના ઉચ્ચ કક્ષાના નેતાઓની બેઠકોમાં

લેવાયા હતા. આ બાબતની કબૂલાત ખુદ ડૉ. આંબેડકરે સભામાં કરી હતી કે, ''તેઓને અન્ય સ્થળે નિર્ણયો લેવા જવું પડતું હતું અને પછી જ સભામાં આવવું પડતું હતું.'' ડૉ. આંબેડકર આ બંધારણનો મુસદો ઘડનાર ઉપ-સમિતિના અધ્યક્ષ હતા તે અત્રે યાદ રાખવું જોઈએ.

તેમ છતાં કૉંગ્રેસનો બંધારણ ઘડવામાં આટલો મોટો પ્રભાવ પડે તેમાં કશું અજુગતું જણાતું નથી. કોઈ પણ સ્થળે બંધારણ ઘડવાની ક્રિયા કાનૂની માળખામાં રહીને માત્ર કાયદાકીય તજજ્ઞોને સોંપાતી નથી. 1787 માં ભરાયેલ ફિલાડેલ્ફિયા કન્વેન્શન (યુ.એસ.એ.) અને ફ્રેન્ચ નેશનલ એસેમ્બલી જેણે 1778 થી 1791 સુધી બંધારણ ઘડવાનું કામ કર્યું તે બન્નેમાં પણ કાયદાકીય બંધનોથી ઉપર જઈને શબ્દો અને સંદર્ભોનો વપરાશ થયો હતો. તેમ છતાં આ બન્ને અને ભારતીય બંધારણ સભા વચ્ચે એક મોટો તફાવત હતો. અમેરિકી અને ફ્રેન્ચ બંધારણ સમિતિઓએ પોતપોતાના સમાજમાં ખૂબ જ ક્રાન્તિકારી પરિવર્તનો માટે અને ઉદારમતવાદી માળખા માટે બંધારણ ઘડ્યું. તેમના કાર્યે અગાઉ પ્રવર્તમાન સામાજિક સ્થિતિ સાથે મૂળભૂત વિચ્છેદ કરવાનું કાર્ય કર્યું, જે ભારતીય બંધારણ સભાએ નથી કર્યું. સ્વતંત્ર ભારત એ એક સમાધાન હતું જેમાં દેશના વિભાજનનો સ્વીકાર કર્યા બાદની જ સામાજિક પરિસ્થિતિ સંભાળવાની હતી. આ ઐતિહાસિક પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવવો તે કૉંગ્રેસ તેમ જ તેના નેતાઓની શક્તિ બહારની વસ્તુ જણાઈ. પરંતુ વિભાજન બાદ કૉંગ્રેસ પક્ષ તેમ જ બંધારણ સભાને જરૂરી એવી અબાધિત સ્થિતિમાં પોતાની પસંદગીનું બંધારણ ઘડવાની તક પ્રાપ્ત થઈ શકી. જ્યાં સુધી મુસ્લિમ લીગ સાથે વાટાઘાટો ચાલુ રાખવામાં આવી હતી ત્યાં સુધી આ પરિસ્થિતિ ઊભી થઈ શકી નહોતી.



26. બંધારણની પ્રત ઉપર પોતાની સહી કરતા નેહરુ (24.1.1950)

## 37.4 મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના પ્રશ્નો

## (The Question of Fundamental Rights and Directive Principles)

કૉંગ્રેસ પક્ષના નેતાઓ અને બંધારણ સભાના ઘણાખરા સભ્યો ઉપર પાશ્ચાત્ય ઉદારવાદી લોકશાહીની પરંપરાનો ઊંડો પ્રભાવ પડ્યો હતો. સ્વાતંત્ર્ય સંગ્રામની શરૂઆતથી જ મૂળભૂત માનવ અધિકારો તેમ જ નાગરિકોની વ્યક્તિગત રાજકીય સ્વતંત્રતાને માટે તેમણે પ્રચાર કર્યો હતો. આ સિદ્ધાંતો ઉદારવાદી લોકશાહીના ઉચ્ચતમ આદર્શો હતા. કૉંગ્રેસની તેથી ફરજ હતી કે તેણે આ સિદ્ધાન્તો માટે પ્રજાને આપેલાં વચનો ખાતર પણ તેને બંધારણમાં યોગ્ય સ્થાન મળે તે જોવું.

આમ ''મૂળભૂત અધિકારો''નો બંધારણનો વિભાગ સૌથી પવિત્ર ગણાવવામાં આવ્યો. જાતિ, ગામ, કુટુંબ કે કોમને મહત્ત્વ ન આપતાં વ્યક્તિને મૂળ કાનૂની એકમ તરીકે ગણવામાં આવી. જે દેશમાં ખૂબ કોમવાદી વાતાવરણ હતું, જેમાં સ્થાનિક સંકુચિતતા ઉપર આધારિત સમાજના વિભાગો હતા, અને સમાજને વિભાજિત

કરતાં તત્ત્વો ઉપરાંત જે દેશ અંતર્મુખી સામાજિક દૃષ્ટિકોણ રાખતો હતો, તે દેશમાં મધ્યમવર્ગીય ન્યાય અને સમાનતાના આદર્શો પ્રત્યે આ એક મોટી ફાળ સમું પગલું હતું.

તે ઉપરાંત વાણી અને અભિવ્યક્તિનો અધિકાર, પસંદગીનો ધર્મ પાળવાનો અધિકાર; મિલકત મેળવવા, ભોગવવા કે છોડી દેવાનો અધિકાર ભેગા થવા અને સંસ્થા બનાવવાનો અને વ્યવસાયનો અધિકાર વગેરે અધિકારો માન્ય રખાયા તેમ જ તેવી સુરક્ષાની બાંયધરી આપવામાં આવી, જે માટે નાગરિક અદાલતનો આશરો લઈ શકે છે. આને લીધે અદાલત તે માટે હાજર હુકમ, મનાઈ હુકમ, અધિકારી હુકમ, અધિકારભંગ હુકમ વગેરે હુકમો બહાર પાડવાની સત્તા ધરાવે છે. અદાલતોની સત્તા પવિત્ર ગણાય છે. સમગ્ર દેશ માટે એકધાર્યું, સળંગ અને કડીબદ્ધ ન્યાયતંત્ર રચાયું છે. સંઘ સરકારની સર્વોચ્ચ અદાલત એ દેશની સર્વોચ્ચ, સર્વોપરી અને આખરી અદાલત છે. આ સર્વોચ્ચ અદાલત હેઠળનું સમગ્ર ન્યાયતંત્રનું માળખું નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરે છે, અર્થઘટન કરે છે અને કોઈ પણ સંસદીય કાયદાને અથવા કારોબારીના કોઈ પણ આદેશને ગેરબંધારણીય જાહેર કરીને તેને રદબાતલ કરી શકે છે. આ સત્તા 'અદાલતી સમીક્ષા' તરીકે ઓળખાય છે. આમ લોકશાહીની સુરક્ષામાં ન્યાયતંત્ર મોટો ભાગ ભજવે છે.

બીજી બાજુ, (બંધારણના ચોથા વિભાગમાં જણાવાયેલા) રાજ્યશાસન માટે કેટલાક માર્ગદર્શક સિદ્ધાન્તો પણ સામેલ કરાયા હતા અને મૂળભૂત ગણાવાયા હતા, છતાં તેને કોઈ ન્યાતંત્રનો ટેકો અપાયો નથી કારણે તે આદર્શોના સ્તરે જ રહ્યા છે અને વ્યવહારમાં તેનો ઉપયોગ થયો નથી. કદાચ એમ પણ કહી શકાય કે અત્યારે આ માર્ગદર્શક સિદ્ધાંતોની વિરુદ્ધના રસ્તે રાજ્યનીતિ અને કાર્યક્રમો દેશને લઈ જાય છે.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

સાચા વિધાનો પર નિશાની કરો (✓) :

(ક) શરૂઆતના રાષ્ટ્રવાદીઓ

(1) લોકશાહીનાં આદર્શો તેમ જ મૂલ્યોને પ્રજા સુધી પહોંચાડી શક્યા હતા.

(2) લોકશાહીનાં આદર્શો તેમ જ મૂલ્યોને પ્રજા સુધી પહોંચાડી શક્ય નહોતા.

(3) ધાર્મિક પુનરુત્થાનના માધ્યમથી લોકશાહીનાં મૂલ્યોને પ્રજા સુધી લઈ જવા પ્રયત્નો કરતા હતા.

(4) ઉપરનાં કોઈ વાક્યો સાચાં નથી

(ખ) સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદના સમયમાં ભારતીય લોકશાહીની સિદ્ધિઓમાં એ મુખ્ય ગણી શકાય કે

(1) કાયદાના એકમ તરીકે જાતિ અને કોમને ગણવામાં આવી.

(2) કાયદાના એકમ તરીકે વ્યક્તિને ગણવામાં આવી.

(3) ઉપરનાં બન્ને વાક્યો સાચાં છે.

(4) ઉપરનાં એકે વાક્યો સાચાં નથી.

## 37.5 એક સુગ્રથિત લોકશાહી રાજ્યના બંધારણ પ્રતિ કૂચ (Towards A Democratic State Structure )

સત્તાની ઉદારમતવાદી પરંપરાનો ભારતમાં લાંબો ઇતિહાસ છે. બંધારણ સભાના નિર્ણયમાત્રથી તે એક રાતભરમાં સ્થાપિત નહોતી થઈ. ભારતીય પુનરુત્થાનના સમયથી માંડીને 1947માં મેળવેલા સ્વાતંત્ર્ય સુધીમાં ભારતના રાજકીય નેતાઓ અંગ્રેજોની શાસનપદ્ધતિ વિશે ઘણું જાણી અને સમજી શક્યા હતા. તેમાં કામ કરવાને ટેવાયેલા હોવાથી એ સ્વાભાવિક હતું કે ભવિષ્યમાં ભારતીય શાસન પદ્ધતિ માટે તે નમૂનારૂપ બને તેથી જ્યારે બંધારણ સમિતિને એક વિધિબદ્ધ સંસ્થાકીય માળખું તૈયાર કરવા માટેની જવાબદારી સોંપવામાં આવી ત્યારે રાજ્યની સત્તાને તેમણે બ્રિટનની પાર્લમેન્ટરી અથવા સંસદીય રીતે ઘડવી મુનાસિબ ગણી.

### 37.5.1 કેન્દ્રમાં સંસદીય પદ્ધતિ (Parliamentary System at the Centre)

સંસદીય શાસન પદ્ધતિમાં કારોબારી સમગ્ર રીતે ધારાસભા યા સંસદને જવાબદાર રહે છે. પ્રધાન મંત્રીના નેતૃત્વ હેઠળ કારોબારીનુ મંત્રીમંડળ રચાય છે અને કારોબારીના બધા જ નિર્ણયો આ કારોબારીની સંયુક્ત જવાબદારી ગણાય છે. પ્રધાનમંત્રી એ બહુમતી ધરાવનાર પક્ષના નેતા અથવા સંસદમાં મિશ્ર પક્ષોના નેતા જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્ર અને સરકારના પ્રવક્તા પણ હોય છે. રાજ્યની અને સરકારની નીતિના ઘડતરમાં તેમનો પ્રભાવ ઘણો મોટો હોય છે. તેથી જ ઘણી વખત દલીલ કરવામાં આવે છે કે આજકાલ જે રીતે આ પદ્ધતિ ઉપયોગમાં આવે છે, તેમાં સંસદીય શાસન પદ્ધતિ પણ નથી અને કૅબિનેટ-કારોબારી શાસન પદ્ધતિ પણ નથી. રાજ્યશાસ્ત્રના ઘણા વિદ્વાનો અને વિવેચકો (બન્ને ભારત અને બ્રિટનમાંના)ના મતે આ એક

પ્રધાનમંત્રી શાસન પદ્ધતિ છે. રાષ્ટ્રપતિનું પદ નામમાત્ર સત્તા ધરાવે છે અને નામ પૂરતું જ છે. આ પદ પાંચ વર્ષ માટે ભોગવવામાં આવે છે અને તે માટે રાજ્યોની ધારાસભાનાં ગૃહ/ગૃહો તથા કેન્દ્રીય સંસદનાં ગૃહોના સભ્યોના બનેલા મતદાર મંડળ દ્વારા ચૂંટણી યોજાય છે. ભારતના રાષ્ટ્રપતિ એ પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળના મંત્રીમંડળની કારોબારીની સહાય અને સલાહ મુજબ કાર્ય કરે છે.

### 37.5.2 રાજ્ય (The State)

કેન્દ્રીય માળખાની જેમ રાજ્યકક્ષાએ કારોબારી સત્તા મુખ્યમંત્રીને હસ્તક સોંપાઈ તે પણ રાજ્યની ધારાસભામાં બહુમતી ધરાવનાર પક્ષના નેતા હોય તે જરૂરી હતું. ગવર્નરનો હોદ્દો પહેલેથી જ ચર્ચાસ્પદ રહ્યો છે. તે માટેનો વિવાદ વધતો જ ચાલ્યો છે. એક રીતે તેમની નિમણૂક કેન્દ્ર તરફથી કરવામાં આવે છે. તો બીજી તરફ બંધારણ મુજબ તેમણે રાજ્યના બહુમતી ધરાવનાર પક્ષને અનુરૂપ વલણ રાખવું જોઈએ. આ પરસ્પર વિરોધી સિદ્ધાંતો એ વખતે વધુ ગૂંચવાડો પેદા કરે છે કે જ્યારે રાજ્ય વિધાનસભામાં જે પક્ષની બહુમતી હોય તે જ પક્ષની બહુમતી કેન્દ્રમાં ન હોય.

## 37.6 ચૂંટણી પદ્ધતિ (The Electoral System)

પ્રતિનિધિત્વ ધરાવતી સરકારની રચનાની સિદ્ધાંતની યથાર્થ સ્વરૂપ આપવામાં ભારતીય રાજકીય પદ્ધતિએ મોટી ફાળ ભરી છે જ્યારે તેણે સાર્વત્રિક પુખ્ત મતાધિકાર પોતાના નાગરિકોને સમર્પિત કર્યો. આ અધિકારનો અમલ તેમ જ સુરક્ષા કરવા માટે (આર્ટિકલ 324) બંધારણે એક ચૂંટણી કમિશનની રચના કરી છે જે ચૂંટણીઓની પ્રત્યેક બાબત, પ્રક્રિયા તથા માળખાને કેન્દ્ર અને રાજ્યના સ્તરે યોગ્ય માર્ગદર્શન કરી તેનું નિરીક્ષણ કરી શકે.

### 37.6.1 લોકશાહી પ્રતિનિધિત્વ તરફ પ્રયાણ (Towards a Democratic Representation)

ભારતનો ચૂંટણીઓનો અનુભવ મોટે ભાગે તો રચનાત્મક રહ્યો છે. કોઈ પણ પક્ષનું નેતૃત્વ અને રાજકીય શક્તિ માટે ચૂંટણીનો માપદંડ મુખ્ય બન્યો છે. સાર્વત્રિક પુખ્ત મતાધિકારને લીધે આર્થિક સત્તા, સામાજિક સ્થાન, અને રાજકીય મોભા ધરાવનારાઓને, તેમ જ વર્ગ અને જાતપાતના આધારે ઉચ્ચ સ્થાન ધરાવનારાઓને મોટે ભાગે તો પુષ્ટિ જ મળી છે તેમ છતાં એટલું જરૂર કહી શકાય કે આ અધિકારે અત્યાર સુધી મતાધિકાર વિનાના સમાજના કેટલાક ભાગોને હિસ્સેદાર પણ બનાવ્યા છે. આમ રાજકીય સત્તાના ન્યાયીપણા માટે ચૂંટણીની જરૂરિયાત વધી ગઈ છે. જો આ ચૂંટણીપદ્ધતિ રાજ્યસત્તાની ધારિણી ન રહેત તો ભારતની રાજકીય પદ્ધતિ ટકે નહિ તેવો ભય છે. જ્યારે જ્યારે કોઈ ચૂંટણી નિર્ણયાત્મક સમયે આવી હોય, ત્યારે ત્યારે ભારતીય મતદારોએ પોતાના મતાધિકારનો શાણપણ વાપરીને ઉપયોગ કરેલો છે.

આમ ચૂંટણીઓ ભારતના રાજકીય જીવનનું એક અભિન્ન અંગ બની ગઈ છે. કોઈ પણ કટોકટીમાં ચૂંટણીઓને છેવટનો ઉકેલ ગણવામાં આવે છે. આના દાખલાઓ જમ્મુ-કાશ્મીર, આસામ, અને તામિલનાડુ રાજ્યોમાં પ્રાપ્ત થયેલા છે. લોકશાહીના જીવંત કાર્યને પુષ્ટિ આપવા અને તેને તંદુરસ્ત રાખવા ચૂંટણી આવશ્યક છે. તેથી જ મોરિસ જોન્સે કહ્યું છે કે એક ચમત્કારી રીતે ચૂંટણીઓ ભારતમાં એક ''એવી બાબત છે જે ભારતીયો ઘણી જ સારી રીતે કરી શકે છે.''

### 37.6.2 મર્યાદાઓ (Limits)

તેમ છતાં, ભારતમાં પ્રવર્તતા રાજકારણના સંદર્ભમાં જોઈએ તો જણાય છે કે ચૂંટણીઓએ કોઈ ક્રાન્તિ સર્જી નથી શકી. તેના દ્વારા ક્રાન્તિકારી લક્ષ્યો પણ ઊભાં નથી થયાં. તત્કાલીન અસ્તિત્વ ધરાવનાર સામાજિક-આર્થિક અને રાજકીય ક્ષેત્રે વગદાર સ્થાપિત હિતોને વિધિયુક્ત જાહેર કરવાના એક સાધન તરીકે તેનો વપરાશ થયો હતો. થોડા અપવાદ સિવાય આ ચૂંટણીઓએ મજૂરી કરનાર પ્રજાને આ સ્થાપિત હિતો, ઉચ્ચ વર્ણો તેમ જ વર્ગોની પકડ ઢીલી કરવાની કોઈ તક આપી નથી. દાખલા તરીકે, 1960ના દાયકાની મધ્યમાં કરેલા આંધ્ર પ્રદેશમાંની પંચાયત સમિતિઓના સર્વેક્ષણે બતાવી આપ્યું કે ''ઉચ્ચ વર્ણ, વધુ જમીનની માલિકી, વધુ માલદારી, અને વધુ શિક્ષણ'', આ ગુણો ''રાજકીય સફળતાના પાયારૂપ'' રહેવાના ચાલુ જ હતા.

છેલ્લે એમ પણ કહી શકાય કે કેટલાક કિસ્સાઓમાં તો સ્થાપિત હિતોએ પોતાની સત્તા ચાલુ રાખવાના ઈરાદાથી દેશની ચૂંટણી પદ્ધતિ સાથે ચેડાં કર્યાં છે. આ માટે પ્રજાની જાતિ, કોમ, ભાષાકીય અથવા પ્રાંતીયતાની લાગણીઓ વગેરેને બહેકાવવાને માટેનો ચૂંટણીપ્રચાર કરવામાં આવે છે. રેડિયો, ટી.વી, અને અન્ય સંચાર સાધનોનો રાજકીય પ્રચાર માટે ઉપયોગ કરવાનું સ્વાતંત્ર્ય આપવું કે નહિ તે માટે વિવાદ ચાલુ છે. કોઈ નાનો પક્ષ અથવા સ્વતંત્ર ઉમેદવાર વ્યક્તિ પૂરતાં પ્રચાર સાધનો અને સંચાર સાધનો વગર અને તે માટેનાં નાણાંને અભાવે દેશની સમક્ષ જઈને ચૂંટણી માટેની સ્પર્ધામાં પહોંચી વળી ન જ શકે તે ધ્યાનમાં રાખવું જરૂરી છે.

## 37.7 સમવાયી રાજ્યતંત્ર વિ. એકતંત્રી વ્યવસ્થા : લોકશાહી રાજ્યના વિકલ્પો (Federal Polity Vs. Centralism : Options of a Democratic State)

વર્તમાનકાળમાં લોકશાહીનું એક મજબૂત લક્ષણ એ છે કે નિર્ણયશક્તિ, સાધનસંપત્તિની સરળ હેરફેરની શક્યતા અને તેની વહેંચણીની છૂટ, આદિ સત્તાઓનું વિકેન્દ્રીકરણ થયું છે તે મોટા પાયાના સમાજની આ ધરમૂળની જરૂરિયાત છે, ખાસ તો તેની રાજ્યસત્તા અને આર્થિક વિકાસ માટે સમવાયતંત્ર શાસનપદ્ધતિ જરૂરી માળખું પૂરું પાડે છે જેમાં મોટા પાયા પર રચાયેલાં આધુનિક રાષ્ટ્ર-રાજ્યોનો વહીવટ સુગમ થઈ શકે.

### 37.7.1 સમવાયતંત્રની ઐતિહાસિક પૂર્વભૂમિકા (Historical Background to Federalism)

ભારત જેવા વૈવિધ્ય ધરાવતા દેશમાં સમવાયતંત્ર જ એક એવું માધ્યમ છે જે તેમાંની જુદા જુદા સમુદાયોની રાજકીય અને સાંસ્કૃતિક અપેક્ષાઓ પૂરી કરી શકે. આ દિશામાં પહેલું મહત્ત્વનું લોકશાહી અને સર્વસંમતિ ધરાવતું પગલું 1916માં લેવાયું જ્યારે કૉંગ્રેસ અને લીગ વચ્ચે ''લખનૌ કરાર'' તરીકે જાણીતી સમજૂતી થઈ હતી. આ સર્વસંમત સમજૂતીમાંથી ભાવિ ભારતીય શાસનનાં સમવાયતંત્રી લક્ષણો ઊભાં થયાં તેમ છતાં ભારતની એકતા જાળવવાના ઉચ્ચ હેતુને સિદ્ધ કરવા માટે આ સર્વસંમતિ કે સમવાયતંત્રનો ઉપયોગ યોગ્ય રીતે થયો નહિ. તેથી પહેલેથી જ કૉંગ્રેસ બને તેટલું કેન્દ્રીકરણ થાય તે માટે પ્રવૃત્ત રહેવા લાગી અને બીજી બાજુ મુસ્લિમ લીગ બને તેટલા વિકેન્દ્રીકરણ માટે પ્રયત્નશીલ થઈ.

આમ સમવાયતંત્રનાં બે જુદાં જુદાં અર્થઘટનોમાં બન્નેમાં સ્પષ્ટ ન હોય તેવી સત્તા વિશે ખૂબ ચર્ચા થવા લાગી. આ સત્તા કેન્દ્રને મળવી જોઈએ એવી ધારણા કૉંગ્રેસ તેમ જ ઘણાખરા હિન્દુ બહુમતી ધરાવનાર પક્ષોની હતી. મુસ્લિમ લીગ અને બીજા લઘુમતી પક્ષોનો અભિપ્રાય હતો કે આ સત્તા રાજ્ય કક્ષાના શાસનને મળવી જોઈએ. જ્યારે સર્વ પક્ષીય સમિતિ સમક્ષ કેન્દ્ર અને રાજ્યો વચ્ચેની સત્તા વહેચણી અંગે આ ચર્ચાસ્પદ મુદ્દો મૂંઝવનારો અંતરાય બન્યો. આ સમિતિનું અધ્યક્ષપદ મોતીલાલ નેહરુને સોંપાયું હતું. અને આજ મુદ્દો ગોળમેજી પરિષદ અને બીજી પણ 1942-47 દરમિયાનની વાટાઘાટોમાં અવરોધો પેદા કરતો રહ્યો. જોકે કૉંગ્રેસના રાષ્ટ્રવાદીઓ એક પછી એક બાબતમાં નમતું જોખતા ગયા કે જેથી ભારતનું વિભાજન ન થાય, પરંતુ મુસ્લિમ લીગે તો શક્તિશાળી સમવાયતંત્રને બદલે ભારતનું વિભાજન જ પસંદ કર્યું.

### 37.7.2 વિભાજન પછીનું સમવાયતંત્ર (Federalism after the Partition)

ભારતના વિભાજન પછી સમવાયતંત્રને બદલે વધુ સત્તાશાળી કેન્દ્ર માટે બંધારણના ઘડવૈયાઓનું વલણ બન્યું. તેમ છતાં ભારતને સમવાયતંત્ર વિના વ્યવસ્થિત રીતે ગ્રથિત નહિ કરી શકાય તે વિશે પણ તેઓ સભાન હતા જ આથી ભારતમાં આપણે એક એવી રાજ્યવ્યવસ્થા જોઈએ છીએ જેમાં સમવાયી માળખું છે અને સાથે જ કેન્દ્રનું વજન વધારે છે. બંધારણમાં જ એવી જોગવાઈઓ કરવામાં આવી છે કે કેન્દ્રીય સરકાર અને તેમાં મજબૂત બહુમતી ધરાવતો સત્તાધારી પક્ષ રાજ્યોમાંની સત્તામાં ધારે તેટલી મર્યાદાઓ લાવી શકે છે. દાખલા તરીકે, બંધારણ રાજ્યોના રાજ્યપાલોને (જે કેન્દ્ર દ્વારા નિયુક્ત થયેલા હોય છે) એ સત્તા સોંપે છે કે રાજ્યની ચૂંટાયેલી સરકારને બરતરફ કરી શકે છે.

જ્યારે કેન્દ્ર ને રાજ્યોના માર્ગદર્શનની તેમ જ ત્યાંની અમુક પરિસ્થિતિમાં કટોકટી જાહેર કરવાની સત્તાઓ સોંપાય છે ત્યારે પણ કેન્દ્રીકરણનું પાસું વધારે મજબૂત બને છે.

### 37.7.3 વહીવટી તેમ જ આર્થિક માળખામાંના અવરોધો (The Constraints of the Administrative and Financial Structure)

ભારતીય રાજ્યશાસનનું વહીવટી તેમ જ આર્થિક માળખું અને તેની આર્થિક વ્યવસ્થા પણ તેની રાજકીય કેન્દ્રીકરણ તરફી વલણને વધુ મજબૂત બનાવે છે. ખેતી ઉદ્યોગ, શિક્ષણ અને આરોગ્યની બાબતોની માટે જુદી જુદી યોજનાઓ માટેના સાધનો માર્ચ, 1950માં સ્થપાયેલ ''આયોજન પંચ'' ની પ્રક્રિયામાંથી પસાર થયા બાદ જ મળી શકે તેમ હતાં. આ સંસ્થા પણ કેન્દ્રને વધુ મજબૂત બનાવવાના પક્ષમાં હતી અને તેથી સામાજિક આર્થિક વિકાસના વિષયો કેન્દ્રને સોંપાયા.

છેલ્લે, સંસ્થાનવાદી રાજ્યના વારસારૂપે ભારતમાં અમલદારશાહી અસ્તિત્વ ધરાવતી હતી. લગભગ 1000 જેટલા આઈ. સી. એસ. અમલદારો સ્વાતંત્ર્યપ્રાપ્તિ વખતે કામ પર હતા, જેમાંથી 453 ભારતીય હતા. આ અમલદારો ભારતીય રાજ્યશાસનના કર્તા થઈ ગયા. આ અમલદારો સ્વતંત્ર ભારતના શાસનમાં ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા પરંતુ એ બાબત બંધારણ સભાના દરેક સભ્યોને સ્વીકાર્ય નહોતી. ઘણા લોકતંત્રમાં માનનારા, સુધારકો અને રાષ્ટ્રીયતાવાદીઓ તો આ અમલદારોનું મહત્ત્વ ઓછું કરવા માંગતા

હતા. પરંતુ કેન્દ્રીકરણના હિમાયતીઓએ સહુને છેવટે સમજાવી લીધા. સરદાર પટેલે પણ તેમની ઉપયોગિતાનો બચાવ કરતાં કહ્યું :

''મે કટોકટીના સમયમાં પણ એમની સાથે કામ કરેલું છે. એ લોકોને કાઢી નાખો અને પછી હું દેશમાં અરાજકતા સિવાય કંઈ જોતો નથી. ''ઉદામવાદી નેહરુએ પણ એ લોકોને હોદ્દા પર ચાલુ રાખવા બાબત સંમત થતાં કહ્યું. ''પહેલાંના વિશિષ્ટાધિકારો અને તફાવતો તો હવે નીકળી ગયા છે. આગળ આવનાર મુશ્કેલીભર્યા દિવસોમાં આપણા અમલદારો અને વિશેષજ્ઞોએ ઘણી મહત્ત્વની ભૂમિકા અદા કરવાની છે. અને તેમને ભારતની સેવામાં સાથીઓ તરીકે જોડાવા અમે આમંત્રણ આપીએ છીએ.''

અમલદારો ઉપરાંત અર્ધ સૈનિક દળો જેવાં કે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ, બોર્ડર સીકયુરીટી ફોર્સ, અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સીક્યુરીટી ફોર્સ વગેરે પણ કેન્દ્રીકરણ તરફી સત્તા માળખાને મજબૂત બનાવનાર સાધન હતાં.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

સાચાં વિધાનો પર નિશાની (✓) કરો :

(ક) ચૂંટણી પદ્ધતિની મર્યાદા એ હતી કે

(1) પોતાને માટે રાષ્ટ્રીય અને સ્થાનિય ઉચ્ચ વર્ગોએ જાતિનાં કોમવાદી અને સ્થાનીય તત્ત્વોનો ઉપયોગ કરીને સત્તા મેળવવા તેનો ઉપયોગ કર્યો છે.

(2) તેનામાં કોઈ મર્યાદા કે ખામી નથી.

(3) મજૂરી કરતા વર્ગો અને કચડાયેલા વર્ગોને તેણે અસરકારક પ્રતિનિધિત્વ મેળવી આપ્યું.

(4) ઉપરની કોઈ ક્ષતિ નથી.

(ખ) ભારતને સાચા સમવાયતંત્ર બનવામાં કયા અવરોધો આવે છે ? પાંચેક લીટીમાં ઉત્તર લખો.

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

## 37.8 સારાંશ

આ એકમના અભ્યાસ બાદ

- તમે લોકશાહીની પરિકલ્પનાનો ઈતિહાસ જાણશો
- તમે ભારતમાં લોકશાહીની વિચારણા અને સંસ્થાઓના વિકાસ અને આકાર વિશે જાણી શકશો
- તમે આદર્શમાં તેમ જ વ્યવહારમાં પણ ઉદારમતવાદી લોકશાહીની કઈ મર્યાદાઓ અને અવરોધો હોય તે, ભારતના અનુભવના સંદર્ભમાં ખાસ, સમજી શકશો.

## 37.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**બહુમતાધિકાર (Plural Voting)** : એકથી વધુ મતાધિકાર. એવી એક વ્યવસ્થા જેમાં એક જ વ્યક્તિ એકથી વધુ મત આપવાને સમર્થ હોય.

**મતાધિકારથી વંચિત વર્ગો (Disenfranchised Sections)** : સમાજના એ વર્ગો જેની પાસે ફેન્ચાઈઝ અથવા મતાધિકાર ન હોય અને પ્રતિનિધિને ચૂંટી ન શકે.

**સર્વસંમતિ (Consensus)** : કોઈ એક પ્રશ્ન પર બધાંની સંમતિ.

**રાજકીય મતાધિકાર (Political Suffrage)** : રાજકીય રીતે કે સ્વીકાર કે અમુક કલા અથવા આદર્શ કાનૂની છે.

**સત્તાનો પિતૃગત ખ્યાલ (Paternalistic theory of authority)** : એક એવો વિચાર જેમાં રાજાને શાસન કરવાની સત્તા સોંપાઈ હતી કેમ કે તેણે પ્રજાને પોતાનાં જ છોકરાં તરીકે સમજીને સત્તાનો ઉપયોગ કરવાનો હતો.

**પૂર્વમૂડીવાદી વિચારધારાઓ (Pre-capitalist ideologies)** : એવો વૈશ્વિક વિચાર જે મૂડીવાદના આગમન પહેલાં પ્રવર્તમાન હતો. ભારતના સંદર્ભમા તેને ધર્મ અથવા જ્ઞાતિ કહી શકાય. આ વિચારો મૂડીવાદની સરખામણીમાં સ્થાનિક જ હતા.

**કુદરતી શ્રેણીનો ખ્યાલ (Concept of natural hierarchy)** : એક એવી વિચારણા જેમાં સમાજને

પૈસાદારો અને ગરીબો જેવા વર્ગોમાં વિભાજિત થવાનું કારણ કુદરતી, એટલે કે જીવશાસ્ત્રને કારણે, થયેલું માનતી હતી. બીજા શબ્દોમાં જે માણસ જીવશાસ્ત્રના માપદંડથી સૌથી વધારે યોગ્ય હોય તે પૈસાદાર બનતો અને જે યોગ્ય ન હોય તે ગરીબ બનતો.

**વેસ્ટમિન્સ્ટર મોડેલ (Westminster Model)** : સંસદીય શાસન પદ્ધતિવાળી સરકાર જેનો વિકાસ બ્રિટનમાં થયો. તેની સંસદ(અથવા પાર્લમેન્ટ)ને મળવાનું સ્થાન વેસ્ટમિન્સ્ટર હોવાથી આ નામથી તે ઓળખાય છે.

## 37.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) (3) (ખ) (1)

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) (3) (ખ) (2)

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(ક) (1)

(ખ) જુઓ 38.7 તમારા જવાબમાં આ મુદ્દાઓ જરૂરી છે.

(ક) ઐતિહાસિક પરિબળોની ભૂમિકા

(ખ) શાસકીય તેમ જ આર્થિક માળખામાં આવતા અવરોધો.

## કેટલાંક ઉપયોગી પુસ્તકો


| | |
|---|---|
| Amit K. Gupta (ed) | *Myth and Reality,* (Manohar, New Delhi-1987) |
| Bipin Chandra | *Communalism in Modern India* (Vikas, New Delhi-1986) |
| D.N.Panigrahi (ed) | *Economy,Society and Politics in Modern India* (Vikas, New Delhi,1984) |
| Sumit Sarkar | *Modern India* (Macmillan, New Delhi,1983) |
| – | India Constitution (NCERT) |
| – | Democracy in Practice (NCERT) |

# NOTE

NOTE:

NOTES